વર્ષ : 5 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2015
સળંગ અંક : 25

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

સર્વવિદ્યાલય

સાહિત્ય અને તેમાંય લલિત વાઙ્મય પ્રધાનતઃ હૃદયની કેળવણીનું કામ કરે છે; પણ હૃદય તેને પરિણામે સુકોમળ અને સંવેદનશીલ બને તે પછીયે વ્યક્તિએ કર્માકર્મ નક્કી કરવામાં વર્તમાન જગતની હકીકતોને તપાસવાની, સમજવાની અને નીરક્ષીરન્યાયે તોળવાની ટેવ પાડવી ઘટે છે.

સંવેદનશીલ માણસોને લાગણીના પ્રવાહમાં તણાઈ મોટી ભૂલો કરતાં જાહેર અને ખાનગી જીવનમાં જોયાં છે. રુક્ષ, કઠોર કે લાપરવાહ રહેવા કરતાં કદાચ તે ઠીક ગણાય, પણ નિર્વિઘ્ન પથે ચાલવા માટે માત્ર સંવેદનશીલતા મદદગાર થાય નહિ; એટલે એવું પણ સાહિત્ય હોવું જોઈએ કે જેમાં સાહિત્યના ગુણ હોય છતાં તે પ્રધાનતઃ વાચકને જ્ઞાનાભિમુખ કરે. વિશ્વનાગરિકતાને ઉંબરે ઊભેલા આપણ સૌ માટે આ તાતી જરૂરિયાત છે.

વાચન પણ એક તપ છે. તેમાં પણ બહારના રસોને થંભાવી દઈ, નિરાહાર થઈ, કૃતિ સાથે એકાકાર વૃત્તિથી બેસવું પડે છે. વસ્તુતઃ સાહિત્યસેવન એ આનંદ-તપસ્યા છે. તેમાં આનંદ છે માટે લહેર જ લહેર છે, કાંઈ તપસ્યા નથી, તેવું નથી. તેમાં પણ અનિદ્ર અને અનાહારી રહેવું પડે છે અને ત્યારે જ તેમાં રહેલા દેવતા તેમનો વરદ હસ્ત વાચકના શિર પર મૂકે છે – ત્યારે જ કોઈક વાર પેલો વિરલ અનુભવ થાય છે :

भिद्यते हृदयग्रंथिः छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि, तस्मिन् दृष्टे परावरे ॥

– મનુભાઈ પંચોળી 'દર્શક'



## 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ'
## એનાયત સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો






શ્રીમોહનલાલ પટેલનું પુષ્પગુચ્છથી સન્માન કરતા ડૉ. રામભાઈ પટેલ



શ્રી વિષ્ણુભાઈ પટેલનું પુષ્પગુચ્છથી સન્માન કરતા શ્રી વલ્લભભાઈ પટેલ



શ્રી મહેન્દ્રભાઈ પટેલનું પુષ્પગુચ્છથી સન્માન કરતા ડૉ. કનુભાઈ પટેલ



શ્રી વિઠ્ઠલદાસ ચોક્સીનું પુષ્પગુચ્છથી સન્માન કરતા શ્રી અરવિંદભાઈ પટેલ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૫, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૫; સળંગ અંક : ૨૫

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● **સંપાદકીય :** દર્શકનો દર્શનલોક... મણિભાઈ પ્રજાપતિ ૧
● **શ્રદ્ધાંજલિ :** ગુજરાતના અગ્રણી ગ્રંથાલય વૈજ્ઞાનિક શ્રી પ્રવીણ શાહની ચિરવિદાય... ૬
● પ્રાસંગિક ૯
- 'નવગુજરાત બિઝનેસ ઍવૉર્ડ'થી વિભૂષિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
- માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ
- શ્રી રઘુવીર ચૌધરી : અભિવંદના કાર્યક્રમ
૧. અરવલ્લી પર્વત અને અરવલ્લી ગિરિમાળા મોહનલાલ પટેલ ૧૪
૨. ઊર્ધ્વલોકની યાત્રાએ જયંત કોઠારી ૧૭
૩. પ્રગટાવે જે નિજ સાહસ કણ પામે તે શિક્ષણ ઉત્તમ ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી ૨૦
૪. અસાઇતના ઓછાયા ડૉ. કેશુભાઈ દેસાઈ ૨૪
૫. મારી જીવનકથા જવાહરલાલ નહેરુ ૨૮
૬. નેવાં (લલિત નિબંધ) ભગીરથ બ્રહ્મભટ્ટ ૩૦
૭. વેદ અને વિજ્ઞાનનો સમન્વય પ્રહ્‌લાદભાઈ છ. પટેલ ૩૨
૮. હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૪
૯. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૩૭
- કારકિર્દી માર્ગદર્શન
૧૦. સંસ્થા સમાચાર
- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૩૮
- શાળા વિભાગ ૪૨

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### દર્શકનો દર્શનલોક : દર્શક શતાબ્દી અભિવંદના

મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૧૪-૨૦૦૪) એટલે પ્રતિભાશાળી સારસ્વત, સમાજહિતચિંતક, મૂલ્યનિષ્ઠ લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યસર્જક, ઇતિહાસજ્ઞ, કેળવણીવિદ, શ્રેષ્ઠ વાચક, શિક્ષક વગેરે વગેરે અનેકવિધ ઉપાધિઓને અલંકૃત કરતું ધ્રુવતારક સમાન અનોખું વ્યક્તિત્વ. વિવિધ સાહિત્ય-સ્વરૂપોની તેમની કૃતિઓ ઉદા. તરીકે 'દીપનિર્વાણ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'સોક્રેટીસ', 'કુરુક્ષેત્ર', 'આપણો વારસો અને વૈભવ', 'સદ્દભિઃ સંગ', 'મારી વાચનકથા' વગેરે ગુજરાતી સાહિત્યની અણમોલનિધિ છે. તેમનાં બહુશ્રુતતા, મૌલિક ચિંતન અને સર્જકપ્રતિભાના મૂળમાં જન્મજાત પ્રતિભા ઉપરાંત તેમનું વ્યાપક, તલાવગામી અને અર્થપૂર્ણ વાચન અર્થાત્ તેમનો 'વાચનરસ' વિશેષ પ્રભાવક-પરિબળ બની રહેલ છે, જેની પ્રતીતિ તેમની કૃતિ મારી 'વાચનકથા'ના માધ્યમથી થાય છે. આ ગ્રંથ તેમની પ્રબુદ્ધ વૈચારિક ઘડતર કથાને ઉજાગર કરતી 'આત્મકથા' સમાન છે. અહીં બાલ્યવયથી પ્રસ્તુત ગ્રંથના પ્રાકટ્ય વર્ષ ૧૯૬૯ પૂર્વે સુધી કઈ કઈ પરિસ્થિતિ અને સંજોગોએ વાચન માટે ઉદ્દીપનનું કાર્ય કર્યું અને કેવા કેવા અને કયા કયા વિષયોના મનોરંજનાત્મક અને અર્થગંભીર ગ્રંથોનું વાચન કર્યું અથવા પ્રારંભનો એક વાચનરસિયો જીવ વિચારોત્તેજક ગ્રંથોના વાચનમાં ગળાડૂબ થઈ ગયો,

આ બધા ગ્રંથોના વાચનથી તેમના મનોજગત અને વ્યવહારજગત ઉપર શો પ્રભાવ પડ્યો વગેરેનું હૃદ્ય આલેખન મળી રહે છે. આ ગ્રંથની રચના પાછળ દર્શકનો શિક્ષકધર્મ પ્રેરક બની રહે છે. તેમણે નોંધ્યું કે, ''વિદ્યાર્થીઓનાં ઇતરવાચન અંગે 'છાત્રાલય' માસિકમાં ચર્ચા કરતાં એવો વિચાર આવ્યો કે મેં જે વાંચ્યું તેની મારા ચિત્ત ઉપર શી અસર થઈ તે પરથી હું કેવાં કાચાં-પાકાં તારણો પર આવ્યો છું તે વિશે જ થોડું આત્મનિવેદન કાં ન કરું ? અનુભવ જેવો સાક્ષી કયો છે.'' આ વાચન ચિંતનનું સુફળ એટલે 'મારી વાચનકથા''.

દર્શકે ઔપચારિક શિક્ષણ અંગ્રેજી ધોરણ-૫નો અભ્યાસ અધૂરો છોડીને આઝાદીના આંદોલનના સૈનિક તરીકે જોડાવા ઈ. સ. ૧૯૩૨માં શાળા અને ઘર છોડ્યાં ત્યાં સુધી મેળવેલું. પરંતુ પાઠ્યેત્તર વાચનની શરૂઆત 'ઠીક વાંચતાં આવડ્યું ત્યારથી જ શરૂ' કરેલી, જે જેલવાસ, પ્રવાસ અને દૈનિક જીવનના અંતરંગ હિસ્સા તરીકે આજીવન ચાલુ રહી હતી. તેમણે જે કંઈ વાંચ્યું-માણ્યું - અનુભવ્યું તે પૈકીના કેટલાક ગ્રંથોનો રસાસ્વાદ 'મારી વાચનકથા'ના માધ્યમથી આપણને કરાવ્યો છે. આ ઉપરાંત તેમની કૃતિ 'વાગીશ્વરનાં કર્ણફૂલો'માં તેમણે એક મર્મજ્ઞ ભાવક તરીકે માણેલા કેટલાક ગ્રંથોનો આસ્વાદ કરાવ્યો છે. આ ગ્રંથો દર્શકના 'દર્શનલોક', 'વાચનલોક'ની સમૃદ્ધિને તથા બૌદ્ધિક પ્રતિભાને ઉજાગર કરે છે.

પિતાજી લુણસરની શાળાના મુખ્ય મહેતાજી હોવાના કારણે શાળાની લાઇબ્રેરી સ્વાભાવિક રીતે જ વિશેષ સુલભ બની રહેતાં બાળવયે વાચનના પ્રારંભે જ લીલાં અને પીળાં પૂઠાવાળી 'વિજ્ઞાન વિલાસ'ની ફાઇલોમાં ધારાવાહી સ્વરૂપે પ્રકાશિત થયેલ 'વીર દુર્ગાદાસ' અને 'મારું સરદારોની વાર્તા'ના વાચનથી બાળમાનસ ઉપર શૌર્ય, ખાનદાની અને વફાદારીનાં સંસ્કારબીજ રોપાવાની સાથે સાથે ઔરંગઝેબ અને રજપૂતો વચ્ચેના વિગ્રહને ગુલામી નિવારવાની અને રાષ્ટ્રને મુક્ત કરવાની ઝંખના પેદા કરવાનું બીજ તરીકે તેમણે સ્વીકારેલ છે. આ ઉપરાંત 'નર્મગદ્ય'માં સંઘરાયેલ 'ઇલિયડ', 'રામાયણ' અને 'મહાભારત'ના સાર ભાગોના વાચનને લેખકે પોતાના જીવનનું એક પરમ સૌભાગ્ય ગણાવેલ છે. વળી, ટૉલ્સ્ટૉય કૃત 'યુદ્ધ અને શાંતિ'ના અનુવાદને કંટાળાજનક ગણવાની સાથે નર્મદને એક વિરલ રસાત્મા અને અસાધારણ સારદોહક તરીકે મુલવણી કરીને કાઢેલ તારણ : 'આના પરથી એવું અનુમાન પણ કાઢી શકાય કે ગ્રંથ ઉત્તમ હોય ને તેને પચાવીને ઉતારનારો જો કલાકાર હોય તો પરદેશની કૃતિ પણ સ્વદેશી જેવી જ સ્વાદિષ્ટ લાગે છે, એટલું જ નહિ, એનાથી સ્વદેશાભિમાનની જોડે જ પરભોમમાં વિકસેલાં શીલ અને સૌંદર્ય તરફ મમતા જાગે છે, અને એ દ્વારા મુગ્ધાવસ્થામાં બે દેશો વચ્ચેનો પુલ અનાયાસે સર્જાઈ જાય છે.'' સુચિંતનીય બની રહે છે.

'સૌરાષ્ટ્ર'ના ભેટ પુસ્તક તરીકે પ્રાપ્ત 'રસધાર'ના વાચનથી મેઘાણીની ભાષામાં નાદનો ને ચિત્રાત્મકતાનો શબ્દશક્તિનો અનુભવ થવો, 'કુમાર'માં પ્રગટ થયેલ વાર્તા 'કલીયો વાઘુકોય પાંત્રીસે પોગાડીયું' વાંચતાં સમયે કપડાં ધોવા જતાં પૂર્વે બાએ નાની બહેનને હીંચોળવાનું સાંપેલ કાર્ય સંદર્ભે બા કપડાં ધોઈને ક્યારે પાછાં આવ્યાં, બહેન ક્યારે રોવા લાગી વગેરેનું ઓસાણચૂક થઈ જવું, વ્યાસ વલ્લભના 'મહાભારત'ને અલાદીનનો ખજાનો ગણી નવરાશની એક એક ક્ષણે એના ઉપર તૂટી પડવું, ખાવાનું વિસરાઈ જવું, ''વૈશંપાયન એણી પેરે બોલ્યા'', પંક્તિ રાતદિવસ મનમાં ગુંજ્યા કરવી, રજિસ્ટર્ડ પોસ્ટથી આવતાં પુસ્તકોની કાગડોળે રાહ જોવી, 'કુમાર'ની પ્રાણીકથા વાંચતાં પ્રાણીઓ સાથે તાદાત્મ્યતા કેળવવી અને કુરકુરિયાં તથા બિલાડાં ગમે ખરાં પણ બ્રાહ્મણ સંસ્કાર મુજબ તેમને અડતાં નાહવું પડે તેથી ગાયનાં વાછરડાંને રમાડીને સંતોષ અનુભવવો વગેરે બાબતો બાળદર્શકની વાચનની તદ્રુપતાનાં દ્યોતક ઉદાહરણો છે. આ સાથે જ વાંકાનેર હાઈસ્કૂલમાં ભણવા જવાનું થતાં અખંડ વાચનના બંધાણના કારણે હાઈસ્કૂલના ગ્રંથાલયમાં ઉપલબ્ધ મીઠાઝેર જેવી કેટલીક અનર્થકારી નવલકથાઓના વાચનથી કિશોરવયના મન ઉપર જે અસરો ઝિલાઈ તેનું દર્શકે નિખાલસતાથી નિર્ભીક બયાન કર્યું છે : ''આ નવલકથાઓએ મને તરંગો-

દિવાસ્વપ્નોની દુનિયામાં મૂકી દીધો... જે ઉંમરે સ્ત્રીઓ વિશે કામભાવે વિચારવાનું સહજ ન ગણાય તે ઉંમરે આ નવલકથાઓના વાચને મને કાલ્પનિક સહવાસો ભોગવતો કર્યો, અને આમાંથી જ લાંબા કાળ સુધી સ્વપ્નદોષનો ભોગ બન્યો.'' પોતે નિર્દોષભાવે જેનો શિકાર થયા તેનાથી કિશોરો સાવધ થાય તે અંગે શિક્ષક દર્શક ચિંતિત છે અને નગરપાલિકા જેવી સંસ્થાઓને પોતાની ઊગતી પ્રજાના મનમાં કુવાચન દ્વારા રોગનાં જીવાણુઓ ન પેસે તે વિશે જાગૃત થવા તથા તેમના માટેનાં યોગ્ય પુસ્તકો આવે અને તેમને તે વાંચવાની દોરવણી મળે તેમ કરવા ટકોર કરે છે. રદ્દી નવલકથાઓના વાચન બાદ મુનશીની 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'ના વાચનથી દર્શક સંતૃપ્તિનો ઓડકાર અનુભવે છે. તેમજ આ બંને કૃતિઓ જીવન સંસ્કાર-સમૃદ્ધ, ઉત્કૃષ્ટ પરાક્રમો માટે છે તેવું ભાન કરાવ્યાનું માને છે. અહીં દર્શકની સદ્-અસદ વાચનની પરખશક્તિનાં દર્શન થાય છે.

ઈ. સ. ૧૯૩૦થી ૧૯૪૦ના સમયગાળાના વાચનથી દર્શકના જીવનઘડતરનો અલગ તબક્કો શરૂ થાય છે. ગાંધીજીએ આશ્રમ છોડતાંની સાથે લીધેલ ભીષ્મપ્રતિજ્ઞાથી દર્શક પ્રભાવિત થઈને પિતાની સંમતિ લીધા સિવાય ઈ. સ. ૧૯૩૨માં અભ્યાસ છોડીને ધોલેરા સત્યાગ્રહ છાવણીમાં પહોંચી જાય છે તેને તેઓ 'વાચને આપેલ પ્રેરણાબળ' ગણાવે છે. અહીં કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરુવાળા અને ગાંધીવર્તુળના લેખકોની કૃતિઓ ઉદાહરણ તરીકે 'કાકાના લેખો', 'જીવનશોધન', 'કેળવણીના પાયા', 'ગીતામંથન', 'ચારિત્ર્યની સભ્યતા', 'ઈસુનું બલિદાન', 'મહાદેવભાઈની ડાયરી' વગેરેનું વાચન કરતાં તેમના ચિંતનની દિશા જ બદલી જાય છે. તેમના જ શબ્દોમાં : ''કાકાસાહેબની આ સંગૃહીત વાણીએ મને ગાંધીજીના મૂલગામી દર્શનની ઝાંખી કરાવી અને મને ઉતાવળિયો અને બાલિશ થતાં રોક્યો.'' 'ત્યારે કરીશું શું ?'ના વાચને પરિશ્રમની પવિત્રતા અને અનિવાર્યતાનું મંડાણ મારોમાં થયું તે જ છે. નહીંતર લડતને અંતે ને સ્વરાજ્યની શરૂઆતમાં મારા બીજા મિત્રોની જેમ હું પૂર્ણપણે રાજકારણમાં જઈ શક્યો હોત પણ બૂઢા ટૉલ્સ્ટૉયના આ પુસ્તકે મને જકડી રાખીને કહ્યું કે : 'અહીં છે અહીં છે મુગતિ અહીં છે.' આ જ અરસામાં જેલમાં ફ્રેંચ લેખક હ્યુગો કૃત 'લા મિઝરેબલ'નો બૃહત સંક્ષેપ હાથ લાગે છે અને તેને વાંચતાં, 'સુખના જળધોધ નીચે બેઠો હોઉં તેવો અનુભવ' કરે છે. ત્યાર બાદ મૂળ કૃતિનું વાચન કરે છે અને આ કૃતિ વિશે ટૉલ્સ્ટૉયના મતે બહુ બોલકી કે શબ્દાળુ સાથે અસંમતિ દર્શાવીને તેને જગતસાહિત્યની મહાન કૃતિ ગણે છે. આ સાથે જ દક્ષિણ આફ્રિકાની 'લા મિઝરેબલ' કહી શકાય તેવી એલન પેટનની 'ક્રાય ધ બિલવ્ડ કન્ટ્રી' કે જેમાં દક્ષિણ આફ્રિકાના રંગદ્વેષે સરજેલ સાર્વજનિક વેદનાને એક પાદરીએ કઈ રીતે પોતાની વેદના તરીકે વાચા આપી છે તેની હૃદયભેદક કથા છે. અહીં દર્શક આ બધી કૃતિઓના આહ્‌લાદક રસાસ્વાદ ટાગોર કૃત 'ગાંધારીર આવેદન', 'શરદચંદ્ર', 'શૅક્સપિયર' વગેરેની કૃતિઓના પરિપ્રેક્ષ્યમાં કરાવે છે. આ સમયમાં વાંચેલ શરદસાહિત્યને પોતાના ચિત્તના ઊર્ધ્વીકરણનું શ્રેય ગણાવતાં સ્વીકારે છે કે, ''મને તો એ દ્વારા નવું જગત, જીવન વિશે નવો અભિગમ મળ્યો... ગાંધી વિચારનો મર્મ સુધીનો જે અનુભવ મને કાકાસાહેબ કે કિશોરલાલભાઈમાં નહોતો થયો તે શરદચંદ્રમાં થયો. આને કોઈ અતિશયોક્તિ ન ગણે. 'પલ્લીસમાજ', 'પંડિત મશાય', 'શ્રીકાંત'માં આવતાં દુર્બળ દીનહીન ગ્રામસમાજનાં વર્ણનોમાં બધાંમાં ગાંધીવિચાર અત્યંત સૂક્ષ્મતા અને સહજ સૌંદર્યથી અખિલ સ્વરૂપે રમી રહ્યો છે. સાહિત્યની શક્તિ અદ્‌ભુત છે. સામાન્ય ધર્મગ્રંથો જ્યાં અટકી જાય છે ત્યાંથી તેની યાત્રાનો પ્રારંભ થાય છે.'' શરદચંદ્રના નારી વિશેના મહોજ્જવલ દર્શન અને સ્ત્રી-પુરુષ-સંબંધોની તેમણે કરેલી નિરામય અને વિરલ મીમાંસાથી પ્રભાવિત થઈને દર્શક સ્વીકારે છે કે ''પેલી અનારોગ્યકર નવલકથાઓના વાચને જે નુકસાન કર્યું હતું તેનું અનેકગણું સાટું વળી ગયું. મારા શિક્ષણકાર્યમાં આ દૃષ્ટિકોણે, કે વધારે યોગ્ય રીતે કહું તો, જીવનમાં આ મર્મદર્શને મને મદદ કરી.''

કાળના પ્રવાહ સાથે વાચનનો પ્રવાહપટ વિસ્તરતાં સમાજવાદ અને સામ્યવાદના શાસ્ત્રીયગ્રંથોનું વાચન અને લોકશાહી સમાજવાદી શ્રદ્ધાનું બળવાન

બીજારોપણ થવામાં બ્લીચફર્ડ કૃત 'મેરી ઇંગ્લૅન્ડ'ને જ લેખક કારણભૂત ગણાવે છે. આમ છતાં સમાજવાદી પક્ષમાં ભળતા નથી તેમાં ઇતિહાસના વાચનને મદદગાર માને છે. ઇતિહાસ દર્શકના હૃદયનો વિષય રહ્યો છે અને તે સમજુ બનાવવામાં મદદરૂપ પણ નીવડ્યો છે, છતાં મન ધરાય તેટલો ઇતિહાસ વાંચી ન શકવાનો દર્શક રંજ પણ વ્યક્ત કરે છે. તેમણે વાંચેલ ઇતિહાસ ગ્રંથોમાં રાનડે- 'રાઈઝ ઑફ ધ મરાઠા પાવર', 'ટ્રોટસ્કી-રશિયન ક્રાંતિ', કાશીપ્રસાદ જયસ્વાલ - 'હિન્દુ પોલિટી', ચર્ચિલ- 'સેકન્ડ વર્લ્ડ વોર', જદુનાથ સરકાર - ઇન્ડિયા થ્રુ ધ એઈજીસ', 'ઔરંગઝેબ' વગેરે, ઈ. એચ. કાર - 'ન્યૂ સોસાયટી', લોહિયા- 'વ્હીલ ઑફ હિસ્ટરી', સેનાપતિ સ્લીમ - 'ડીફીટ ઈન ટુ વિક્ટરી' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. અહીં રાનડે, ચર્ચિલ, કાર, લોહિયા, સ્લીમ વગેરેનાં પુસ્તકોનો પૂરી અધ્યયન નિષ્ઠાથી સાદ્યંત મનભર રસાસ્વાદ તે ગ્રંથોના ઉત્તમાંશોનાં ઉદાહરણો સાથે કરાવ્યા હોવાથી વાચક પણ મૂળ ગ્રંથ વાંચવા – દર્શન કરવા લાલાયિત થઈ ઊઠે તેવા બળૂકા છે. કારના ગ્રંથને તો જે જગતમાં આપણે જીવી રહ્યા છીએ તેને સમજવા માટે આવશ્યક વાચન માટે ભલામણ કરે છે. આ બધા ઇતિહાસગ્રંથોના વાચનના કારણે દર્શક માને છે કે દુનિયા માટે એકલી વીરશ્રી જ નહીં, પરંતુ તેમાં ઔદાર્ય, શાણપણ અને બાંધછોડનું ડહાપણ ભેળવવું એ અનિવાર્ય આવશ્યકતા છે.

લેખકનો ઇતિહાસ-રસ અને તેનું અધ્યયન તેમની રગેરગમાં કેટલું વ્યાપ્ત છે તેની પ્રતીતિ તેમના વિધાન : "આખી જિંદગી મેં ઇતિહાસ અને ઇતિહાસ વિશે કાંઈક ને કાંઈક વાંચ્યા-વિચાર્યા કર્યું છે. થ્યુસિડાઈસ, હેરોર્ડાટસ, ગીબન જેવાં મહાશિખરો પર અર્ધા કે પૂરા મથાળે ચડી મને એવી ખાતરી થઈ છે કે આપણા જગતની ઘણી મુશ્કેલીઓ ઇતિહાસના પૂરા અને વિવેકપૂર્વકના વાચન-મનના અભાવે થઈ છે. ઇતિહાસ બને તેટલો આધારભૂત અને નિષ્પક્ષ હોવો જોઈએ તે ખરું... હકીકતોનો ખડકલો કે ક્રમબદ્ધ રજૂઆત ઇતિહાસ નથી, તે તો દસ્તાવેજની રફતાર." આ આગળ ઉપર દર્શાવેલા ઇતિહાસ ગ્રંથોના ગહન અધ્યયનના આધારે કરાવેલ રસાસ્વાદમાં દર્શકની સર્જકપ્રતિભાનાં દર્શન થાય છે અને સાથે સાથે ઇતિહાસકારોના ચિંતનના અર્કરૂપે મેળવેલ ઇતિહાસ-બોધ : "એમાં શંકા નથી કે લોકશાહીના નાગરિકોમાં કોઈ એક માત્ર તજ્જ્ઞતા હોય તે કરતાં વિવિધ ગુણોથી સંપન્ન હોય તે જરૂરી છે કારણ કે તેણે વિવિધ સ્તરે રાજકીય-સામાજિક-નાગરિક જીવનમાં સક્રિય રીતે સક્ષમ હિસ્સો આપવાનો છે. તજ્જ્ઞતા જો આની આડે આવે તો લોકશાહીની સફળતા અવશ્ય જોખમમાં છે" દ્રષ્ટવ્ય બની રહે છે. કિશોરલાલ મશરુવાળા પ્રત્યે પૂજ્યભાવ હોવા છતાં 'સમૂળી ક્રાંતિ'માં ઇતિહાસ શિક્ષણની નિરર્થકતા વિશેના તેમના મત સાથે અસહમતિ દર્શાવતાં પોતાનો અભિગમ દર્શાવતાં નોંધે છે કે, "ઇતિહાસમાં થયેલ ભૂલો ઇતિહાસના ઓછા કે ખોટા અભ્યાસનું પરિણામ છે અને તેનું ઔષધ વધારે અને યથાર્થ ઇતિહાસ ભણાવવો તે છે... ઇતિહાસના પરિશીલન દ્વારા જ ઇતિહાસનું અયોગ્ય પુનરાવર્તન થતું રોકી શકાય" આ સાથે જ ઇતિહાસ ઘડનારાં પરિબળો - વિશિષ્ટ વ્યક્તિઓ એવા રાજકારણીઓ અને સમાજપરિવર્તન - પાયાની ક્રાંતિના રચનાત્મક કાર્યકરોમાં ઇતિહાસ માટેની બેપરવાહી અને તેમનામાં વાચનના અભાવથી દર્શક ચિંતિત છે અને તેથી તેની ઉપયોગિતા જણાવતાં નોંધે છે, "સમાજપરિવર્તનનું એક શાસ્ત્ર છે, અનુભવ-આધારિત તેના કેટલાક કાયદાઓ છે... તે જાણ્યા વિના સમાજપરિવર્તન કરવાની આવડત ન આવે તે તેમને વસ્યું જ નથી... દેશની ગરીબી, અનારોગ્ય, બૌદ્ધિક-શારીરિક તમસ અજ્ઞાનના ગંજના ગંજ માત્ર નિષ્ઠાવાળી સેવાથી સાફ નહીં થાય તેમાં વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, રજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ – બધાંનો અભ્યાસ કરવો પડે, તેના જાણકારોની સલાહ લેવી જોઈએ. તો જ સમાજપરિવર્તન કે પાયાની ક્રાંતિ થાય."

ઇતિહાસ-ગ્રંથોના પરિશીલનની સાથે દર્શકે સંસ્કૃતિઓના ઉત્થાન-પતનનું વિશ્લેષણ પણ માર્મિક રીતે કર્યું છે. આ ઉપરાંત અર્થશાસ્ત્રના અભ્યાસની અનિવાર્યતાને ધ્યાને લઈ મહાન અર્થશાસ્ત્રીઓ કેઈન્સ, માર્ક્સ, એડમ સ્મિથ, હેઈલ બ્રોનર, જૉન સ્ટુઅર્ટ મિલ, લિઓ હ્યુબરમેન, શુમ્પિયર, અર્થશાસ્ત્રમાં ઋષિકર્મ કરનાર રસ્કિન વગેરેના ગ્રંથોની કરેલી રસમય અને

અર્થમય મીમાંસા તેના અધ્યેતા અને જિજ્ઞાસુ ને પરિતોષ આપે તેવી હૃદયંગમ છે. આ શાસ્ત્રીય વિશ્લેષણની વચ્ચે અર્થશાસ્ત્રી મિલ-હેરિયટ-ટેલરના પ્રણય ત્રિકોણની ગાથા (પૃ. ૮૩) વર્ણવીને વાચકને હળવોફૂલ બનાવી દીધો છે. શાસ્ત્રીય અને ગદ્યગ્રંથોની પોતાના ઉપર પડેલી છાપના વર્ણનની સાથે પદ્યરચનાઓથી પોતે કેટલા પ્રભાવિત રહ્યા છે તેની પણ માંડીને તેમણે વાત કરી છે. આ પ્રકારની જ્ઞાનાભિમુખતા કેળવાવવા પાછળ 'અંગ્રેજીની બારી'ને શ્રેય આપે છે. અર્થાત્ વિશ્વના પ્રવાહો સાથે સુપરિચિત બની રહેવા અને કંઈક પામવા માટે અંગ્રેજી ભાષાનું સક્ષમ જ્ઞાન અનિવાર્ય હોવાની શીખ આપણે સૌએ ધ્યાને લેવા જેવી છે.

દર્શક વાચનને એક તપ ગણે છે અને કહે છે કે ઉત્તમ કૃતિ કુલકન્યા છે, વારંવારના અનુનય પછી તે પ્રાપ્ત થાય છે તેમ કૃતિ પામવા માટે બહારના રસોને થંભાવી દઈ. નિરાહાર થઈ તેની સાથે એકાકાર વૃત્તિથી બેસવું પડે અને ત્યારે જ તેમાં રહેલા દેવતા તેમનો વરદ હસ્ત વાચકના શિર પર મૂકે છે – ત્યારે જ કોઈક વાર પેલો વિરલ અનુભવ થાય છે.

**भिद्यते हृदयग्रंथिः छिद्यन्ते सर्वसंशयाः ।**
**क्षीयन्ते चास्य कर्माणि, तस्मिन दृष्टे परावरे ॥**

દર્શકે આ ગ્રંથની પ્રસ્તાવના - 'અભિલાષા'માં નોંધ્યું છે કે ''આપણે ત્યાં આ પ્રકારનું સળંગ કશું લખાયાનું મારી જાણમાં નથી તેથી અવિનય થવાનો સંદેહ છે.'' અહીં અવિનયનો પ્રશ્ન જ અસ્થાને છે. હકીકતમાં આ ગ્રંથથી સમગ્ર ગુજરાતી સાહિત્ય અને સવિશેષતઃ વિદ્યાર્થીવર્ગ, આજના અધ્યાપકો અને વાચનરસિયાઓ લેખકનાં ઋણી બન્યાં છે, કારણ કે આજે વાચનટેવ વિસરાતી જાય છે અને શૈક્ષણિક સંસ્થાઓનાં ગ્રંથાલયો તથા સાર્વજનિક ગ્રંથાલયો સસ્તાં પ્રકાશનોથી ઊભરાતાં જાય છે ત્યારે આ ગ્રંથ થકી ૧૯-૨૦મી સદીના વિશ્વના પ્રખર ચિંતકોએ સાંપ્રતકાલીન સમસ્યાઓ અને તેના ઉકેલ અર્થે કરેલ ચિંતનનો 'ગાગરમાં સાગર' સમાન રસથાળ સહજમાં ઉપલબ્ધ થાય છે અને આ સાથે દર્શક શું પામ્યા તેનો આલેખ પણ મળી રહે છે. આમ, પ્રસ્તુત ગ્રંથનું અનેકવિધ દૃષ્ટિએ અદકેરું મૂલ્ય બની રહે છે. આપણાં સામયિકોમાં વિવિધ સાહિત્ય સ્વરૂપોનાં પુસ્તકોની સમીક્ષાઓ પ્રગટ થતી રહે છે તેનાથી આપણો વાચનવર્ગ નવા નવા ગ્રંથોથી પરિચિત બની રહે છે, પરંતુ દર્શકે 'મારી વાચનકથા'માં સાહિત્ય ઉપરાંત સમાજવિદ્યા, ઇતિહાસ, અર્થશાસ્ત્ર વગેરે વિશેના ગ્રંથોની ચર્ચા કરી છે, તારતમ્ય તારવ્યું છે અને પોતાની વૈચારિક ચેતનાના ઘડતરમાં આ ગ્રંથોએ કેવો પ્રભાવ પાડ્યો છે તેના છણાવટ કરી છે ત્યારે સામે પક્ષે ગુજરાતી ભાષા સાહિત્યને બાદ કરતાં વિજ્ઞાન, ટેકનોલૉજી, ગણિતશાસ્ત્ર, સમાજવિદ્યા, ઇતિહાસ વગેરે વિષયોના વિદેશી ભાષાઓમાં રચાયેલા સર્વશ્રેષ્ઠ ગ્રંથોનો ગુજરાતીમાં પરિચય કરાવતા ગ્રંથોના પણ સદંતર અભાવ જોવા મળે છે ત્યારે આપણા સર્જકો 'દર્શકપંથે' પોતાની વાચનકથા આપશે તો ગુજરાતી ભાષા-સાહિત્ય જગતની મોંઘેરી મિરાત બની રહેશે. અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે, ડૉ. પ્રીતિ શાહ દ્વારા સંપાદિત 'પીધો અમીરસ અક્ષરનો' (૨૦૦૧) ગ્રંથ કે જેમાં ૬૦ સર્જકોની વાચનકથાને વાચા આપતા સંસ્મરણાત્મક લેખોનો સંચય છે તે સળંગ 'વાચનકથા'ના વિકલ્પની ગરજ સારતા કોડિયા સમાન દીપી રહે છે. 'ગુજરાત સાહિત્ય અકાદમી', ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૯માં તેની 'શિષ્ટ પ્રકાશન શ્રેણી' હેઠળ પ્રસ્તુત ગ્રંથનું પુનર્મુદ્રણ કરીને ગુજરાતી વાચક વર્ગને ન્યાલ કરી દીધું હતું. અકાદમી દર્શક જન્મશતાબ્દી વર્ષમાં પ્રસ્તુત ગ્રંથનું અને પ્રતિભાશાળી સાહિત્ય-સર્જકો ઉપરાંત વિવિધ વિદ્યાક્ષેત્રોના વિદ્વાનો પાસે 'વાચનકથા' તૈયાર કરાવડાવીને 'શિષ્ટ પ્રકાશન શ્રેણી' હેઠળ ઉપલબ્ધ કરાવી આપશે તો દર્શકના જન્મશતાબ્દી વર્ષે દર્શકને ખરા અર્થમાં આપેલી સાચી નિવાપાંજલિ સમાન કાર્ય બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

આરંભમાં જ મેં શીખી લીધું હતું કે જાહેર કામ કદી કરજ કરીને કરવું નહીં. લોકોનો બીજાં કામો વિષે ભલે વિશ્વાસ કરાય, પણ પૈસાના વાયદાનો વિશ્વાસ ન કરાય.

**મો૦ ક૦ ગાંધી**

# શ્રદ્ધાંજલિ

## ગુજરાતના અગ્રણી ગ્રંથાલય વૈજ્ઞાનિક
## શ્રી પ્રવીણ શાહની ચિરવિદાય...

સ્વ. પ્રવીણભાઈ શાહ (પી. સી. શાહ) ખરા અર્થમાં ગુજરાતના અગ્રણી ગ્રંથાલયવિદ્ - ગ્રંથાલય વૈજ્ઞાનિક તરીકે સમગ્ર દેશમાં ખ્યાતિપ્રાપ્ત હતા. ગુજરાત બહાર ગુજરાતના ગ્રંથાલયવિદ્દોનું મૂઠી ઊંચેરું પ્રતિનિધિત્વ કરનાર તેઓશ્રી પ્રથમ હરોળના એકમાત્ર પ્રતિભાસંપન્ન ગ્રંથાલયી હતા. તેમણે આ ક્ષેત્રે અર્જિત કરેલ જ્ઞાન, ફરજપાલનમાં પ્રતિબદ્ધતા તથા નિઃસ્પૃહતા અને માનવીય સંવેદનશીલતા બેજોડ હતાં. અટીરામાં કાર્યકાળ દરમિયાન NICTASની સ્થાપના અને તેને સફળતાપૂર્વક કાર્યાન્વિત કરી ટેક્ષ્ટાઈલ અને અન્ય સંબંધિત ઉદ્યોગ સાહસિકોને ઝડપથી માહિતી સેવા પૂરી પાડી તે કાબિલેદાદ છે. હકીકત એ છે કે તેમણે પૂરી પાડેલી માહિતીના આધારે કેટલાક ઉદ્યોગગૃહોએ જવતદાન કેટલાંક સમૃદ્ધિ હાંસલ કરી, તો અસાધ્ય બીમારીમાંથી મુક્તિ મેળવી હતી. તેમણે પ્રસ્તુત વિષય સંદર્ભે વિશ્વભરમાંથી ૩.૫૦ લાખ ડેટાનો સંગ્રહ કર્યો અને પ્રતિવર્ષ ૧૦,૦૦૦ ડેટાના ઉમેરણનો લક્ષ્યાંક સિદ્ધ કર્યો હતો. તેમની નિવૃત્તિના વર્ષ ૧૯૯૬-૯૭ સુધીમાં NICTASને તેના કુલ આવર્તન ખર્ચના ૧૫૦% કમાણી કરતા સાહસ તરીકે વિકસાવ્યું હતું, તેમજ રૂ. ૬૦ લાખ કોર્પસ ફંડ તરીકે જમા કરાવ્યા હતા. આ ઉપરાંત તેમણે ટેક્ષ્ટાઈલ અને આનુસંગિક માહિતી સેવાઓ અને ઉત્પાદનો માટે વિકાસ કરેલ 'ઇન્ડિયન માર્કેટિંગ મૉડેલ' જે અન્ય વિષયક્ષેત્રો માટે પણ પ્રયોજી શકાય તેમ છે તે, તેમજ સહકર્મચારીઓના સહયોગથી ટેક્ષ્ટાઈલ ડોક્યુમેન્ટ્સના વર્ગીકરણ માટે 'માઈક્રો-ક્લાસિફિકેશન સ્કીમ' તૈયાર કરી હતી, જે તેમની નોંધપાત્ર ઉપલબ્ધિઓ છે. વ્યવસાયે પ્રેક્ટિસિંગ લાઇબ્રેરિયન, પરંતુ ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓ જેમ કે ગુજરાત યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ, સરદાર પટેલ યુનિવર્સિટી વગેરે દ્વારા ગ્રંથાલય વિજ્ઞાનના સ્નાતક - અનુસ્નાતક કક્ષાઓમાં મુલાકાતી અધ્યાપક તરીકે નિમંત્રિત કરતાં તેમણે જે અધ્યાપકીય નિષ્ઠા, સજ્જતા અને પહેલવૃત્તિનાં દર્શન કરાવેલાં તે તેમજ વિદ્યાર્થીઓને મૌલિક રીતે વિચારતા કરવા, સૈદ્ધાંતિક ચર્ચાના પરિપ્રેક્ષ્યમાં ડૉ. વિક્રમભાઈ, ડૉ. રાવ, ડૉ. મહેતા વગેરે સાથે પોતે કરેલ વિચાર-વિમર્શ અને હલ કરેલ ગ્રંથાલયની વ્યવહારિક સમસ્યાઓનું વિશ્લેષણ રસપ્રદ શૈલીમાં કરવું, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના અદ્યતન પ્રવાહોથી વિદ્યાર્થીઓને સતત અવગત કરાવતા રહેવાની સાથે ગ્રંથાલયિત્વનું હાર્દ સમજાવતા રહેવું વગેરે બાબતો તેમનામાં રહેલ એક અણિશુદ્ધ શિક્ષકને ઉજાગર કરે છે. અટીરામાંથી વયમર્યાદાના કારણે ઈ. સ. ૧૯૯૭માં નિવૃત્ત થયા તે સમયે NISSATના ડાયરેક્ટર ડૉ. લાહિરીએ તેમની સેવાઓને બિરદાવતાં નોંધ્યું છે કે : Mr. P. C. Shah, impressed people with his keen sense of hearing tolerance, persistence professionalism and more then any of these - the natural gujju sense of business which helped him make NITCTAS one of the most successful NISSAT ventures ! Atleast in India, in the area of textiles and allied subject, NICTAS to the textile engineers is what CAS is to chemists and chemical engineers or CAB is to agriculture scientists !... Pravinbhai had conceptualized, designed, developed, provided, marketed qualitative, fee-based information services in the area of textiles.

પ્રવીણભાઈના નિધનથી ગુજરાતનું ગ્રંથાલય વ્યવસાયિક જગત રાંક બન્યું છે. સાચે જ ગુજરાતમાં આ ક્ષેત્રે શૂન્યાવકાશ સર્જાયો છે. આ વિધાન તેમના પુરોગામીઓ તથા સમકાલીનો અને પ્રવીણભાઈએ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે કરેલાં બહુશ્રુત,

બહુઆયામી અને નવપ્રસ્થાનકારક (Innovative) ગુણાત્મક અને જથ્થાત્મક કાર્યોના પ્રથમદર્શી અવલોકનના આધારે સ્વયંસિદ્ધ થાય છે. શ્રી પ્રવીણભાઈને ''પ્રો. એ. કે. મુખર્જી આઈસલિક લાઈફ ટાઇમ એચિવમેન્ટ ઍવૉર્ડ ફૉર રિટાયર્ડ લાઇબ્રેરિયન - ૨૦૧૦'' એનાયત થવાના પ્રસંગે સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અમદાવાદના સેવાનિવૃત્ત લાઇબ્રેરિયન ડૉ. મનીષ પંડ્યાએ શ્રી પ્રવીણભાઈ શાહે સંપન્ન કરેલાં કાર્યોની લાંબી સૂચિ તૈયાર કરી હતી. આ પૈકીનાં શ્રી પ્રવીણભાઈનાં કેટલાંક વિશેષ ઉલ્લેખનીય કાર્યો જેમકે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયક ૨૩ પુસ્તકો અને પરિસંવાદ અહેવાલો તથા ગુજરાતનાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો અને માહિકી કેન્દ્રોની વિસ્તૃત ડિરેક્ટરીનું અન્યોના સહયોગમાં સંપાદન, ભારતીય અને વિદેશી જર્નલ્સ / સામયિકો તથા પુસ્તકોમાં અંગ્રેજીમાં પ્રકાશિત લેખોની સંખ્યા - ૧૫૦થી અધિક, ૫૦ લેખો ગુજરાતી તથા હિન્દીમાં, ૬ રેડિયો વાર્તાલાપ, ૮૫ વ્યાખ્યાનો - પરિસંવાદો, અધિવેશનો, કાર્યશિબિરો વગેરેમાં, સુપ્રસિદ્ધ વ્યાખ્યાનમાળાઓ - રાયજાદા સ્મૃતિવ્યાખ્યાન, ચેન્નાઈ તથા પ્રો. પી. એસ. જી. કુમાર વ્યાખ્યાનમાળા, નાગપુર માટે આમંત્રિત, ૬ સામયિકો - ગ્રંથાલોક (૧૯૭૬થી આજદિન સુધી), DLIBCOM (૨૦૦૬-૨૦૧૦), ADINET Newsletter (૧૯૯૮-૨૦૦૫), Texicon (૧૯૮૯-૧૯૯૮), VITAMINS (૧૯૯૦-૧૯૯૮) અને CUCOLIS (૨૦૦૪-૨૦૦૫)નું સંપાદન, ટેક્સ્ટાઈલ અને આનુસંગિક ઇન્ડસ્ટ્રીઝ માટે માહિતી જરૂરિયાતનો એક અનોખો અને પહેલવૃત્તિવાળો સર્વે, ભારત અને વિદેશોના ટેક્સ્ટાઈલ ક્ષેત્રે આયાતકારો - નિકાસકારોનો સર્વે કે જેને કેન્દ્રિયસંસ્થાઓ DSIR અને NISSAT એ ભરપેટ વખાણ્યો અને આ અહેવાલના આધારે અમેરિકાની 'ટેક્સ્ટાઈલ ઇન્ફરમેશન યુઝર્સ કાઉન્સિલ' દ્વારા ટેક્સ્ટાઈલ માહિતી ક્ષેત્રે ભારત - અમેરિકા વચ્ચે સહયોગ સંદર્ભે ચર્ચા કરવા આમંત્રિત, ટેક્સ્ટાઈલ ક્ષેત્રના ૬ સ્ટેટ ઑફ આર્ટ રિપોર્ટ્સ, ૨૦૦થી અધિક પરિસંવાદોમાં સક્રિય ઉપસ્થિતિ, ૫૦ જેટલા પરિસંવાદો, કાર્યશિબિરો, પ્રશિક્ષણ કાર્યક્રમો, અધિવેશનોનું આયોજન, ઉપભોક્તાઓની જરૂરિયાત અને માંગને ધ્યાને લઈ ૨૫૦૦ વાઙ્મયસૂચિઓનું સંપાદન વગેરે છે. પ્રવીણભાઈનાં આ ઉચ્ચગુણવત્તા સભર કાર્યોથી તેમના ગુરુ અને એમ. એસ. યુનિવર્સિટીના પૂર્વ ગ્રંથપાલ તથા યુનેસ્કો દ્વારા ગ્રંથાલય તજજ્ઞ તરીકે ઈથોપિયા અને ઝામ્બિયામાં નિયુક્ત કરવામાં આવેલ સ્વ. ડૉ. ચંપકલાલ શુક્લ (ડૉ. સી. પી. શુક્લ) (૧૯૧૩-૧૯૮૨) પણ સ્વર્ગલોકમાં 'પુત્રાત–શિષ્યાત પરાજયેત'ની ભાવનાને આત્મસાત કરીને ખરે જ પ્રસન્નતા અનુભવતા હશે.

પ્રવીણભાઈએ ગુજરાત યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્રમાં M.Sc. (૧૯૫૬)ની ડિગ્રી મેળવ્યા બાદ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાંથી ડિપ્લોમા ઈન લાઈબ્રેરી સાયન્સ - B.Lib.Sc.(૧૯૫૯)ની સમકક્ષ ડિગ્રી મેળવી. અહીં તેમને ભારતખ્યાત ગ્રંથાલયવિદ્ ડૉ. ચંપકલાલ શુક્લના વિદ્યાર્થી તરીકે ગ્રંથાલય ક્ષેત્રમાં પ્રશિક્ષિત થવાનો લાભ મેળવ્યો. આ અભ્યાસ બાદ પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં રસ-રુચિ હોવાના કારણે એમ.એ. (૧૯૬૨) ની ડિગ્રી મેળવી હતી, જેના પરિણામે ગ્રંથાલયી માટે આવશ્યક એવી બે મુખ્ય વિષયધારાઓ - વિજ્ઞાન અને માનવવિદ્યાનો સુભગ સમન્વય સાધ્યો. આ સાથે જ વ્યવસાયિક કારકિર્દી દરમિયાન કમ્પ્યૂટર અને ઇન્ફર્મેશન કમ્યુનિકેશન ટેક્નોલોજી, સિસ્ટમ એનાલિસ્ટ, મૉડર્ન મૅનેજમેન્ટ, માર્કેટિંગ વગેરેના જ્ઞાન અને ગ્રંથાલયોમાં તેના વિનિયોગની આવશ્યકતાને ધ્યાને લઈ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નૉલૉજી, યુનેસ્કો વગેરે દ્વારા આયોજિત ઉચ્ચ પ્રશિક્ષણના કાર્યક્રમોમાં પસંદગી થતાં આ વિષયોમાં અસાધારણ તજજ્ઞતા પણ હાંસલ કરી હતી. તેમણે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ અમદાવાદની ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (૧૯૫૯-૧૯૬૧)થી કર્યો. અહીં પ્રથમ પ્રશિક્ષિત ગ્રંથપાલ તરીકે જોડાઈને સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના સીધા માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય વ્યવસ્થાપનની પ્રશસ્ય કામગીરી કરી. ત્યારબાદ લીના સારાભાઈના આગ્રહથી શ્રેયસ વિદ્યાલય (૧૯૬૧-૬૩)ના ગ્રંથાલયને રોલ મોડેલ શાળા ગ્રંથાલય તરીકે પ્રસ્થાપિત કરી આપ્યું. અહીંની અપેક્ષિત કામગીરી પૂર્ણ કરીને અટીરા (૧૯૬૩)માં ગ્રંથપાલ તરીકે જોડાયા. નોંધવું રહ્યું કે દેશના ૪૦ ઉમેદવારોમાંથી ડૉ. રંગનાથને આ જગ્યા માટે પ્રવીણભાઈની પસંદગી કરી હતી. અહીં ઉત્તરોત્તર યશસ્વી કાર્યસિદ્ધિઓના કારણે મૅનેજર, હેડ અને નિકટાસના ડાયરેક્ટર જેવાં પદો શોભાવીને ૧૯૯૭માં નિવૃત્ત થયા હતા. નિવૃત્તિબાદ એડીનેટના ડાયરેક્ટર (૨૦૦૦-૨૦૦૫) તથા ઇન્ફલિબનેટના સોલ સોફ્ટવેરના કો-ઓર્ડિનેટર (૨૦૦૧-૨૦૦૪) તરીકે

નોંધપાત્ર સેવાઓ આપ્યા બાદ છેલ્લાં બે વર્ષથી વિશ્વકોશ ટ્રસ્ટમાં લાઇબ્રેરી એડવાઈઝર તરીકે માનદ્ સેવાઓ આપતા હતા. અહીં તેમણે 'ગ્રંથાલય સપ્તાહ'ની ઉજવણી તથા ટ્રસ્ટની અન્ય આનુસંગિક પ્રવૃત્તિઓના આયોજનમાં પોતાની મૌલિક સૂઝ અને પ્રતિભા થકી એક દષ્ટિપૂત અને પ્રતિબદ્ધ ગ્રંથાલયી શું કરી શકે તે ચરિતાર્થ કરી બતાવ્યું.

પ્રવીણભાઈએ ગ્રંથાલય વિદ્યાક્ષેત્રનાં પરંપરાગતથી શરૂ કરીને અત્યાધુનિક કાર્યો જેમકે વર્ગીકરણ, સૂચિકરણ, ગ્રંથાલય વ્યવસ્થાપન, સંદર્ભ અને માહિતી સેવાઓ, ગ્રંથાલયમાં કમ્પ્યૂટર અને અન્ય અત્યાધુનિક ટેક્નૉલૉજીનો વિનિયોગ, ઉપભોક્તા સર્વેક્ષણો, માર્કેટિંગ વગેરેમાં જાતઅનુભવ મેળવ્યો, અધ્યાપકીય નિષ્ઠાથી સતત નવું નવું શીખતા રહ્યા - સંવર્ધિત થતા રહ્યા, અને આ બધા વિષયોમાં સતત ચિંતન કરતા રહ્યા અને લખતા રહ્યા, જેના ફળસ્વરૂપે ખરા અર્થમાં ગ્રંથાલય વૈજ્ઞાનિક તરીકે ઊભરી આવ્યા અને ડૉ. રંગનાથન પ્રદત્ત ગ્રંથાલયશાસ્ત્રના પાંચ કાયદાઓને આત્મસાત કરીને અર્જિત કરેલ જ્ઞાનનો લાભ બહુજન સમાજને, વ્યાખ્યાનો, કાર્યશિબિરો અને પરિસંવાદોનાં આયોજનો વગેરેના માધ્યમથી નિ:સ્પૃહભાવે આપતા રહ્યા હતા.

પ્રાપ્ત વ્યવસાયિક ફરજો ઉપરાંત ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસને સ્વધર્મ તરીકે સ્વીકારીને 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' (૧૯૭૬)ની સ્થાપનામાં સક્રિય રસ લઈને તેના સ્થાપનાકાળમાં પ્રારંભમાં મંત્રી અને છેલ્લા બે દશકથી પ્રમુખ તરીકે ધ્યેયનિષ્ઠ સેવાઓ પૂરી પાડી. સંઘના ઉપક્રમે ૩૫ વાર્ષિક અધિવેશનનું વ્યવસાયિક સજ્જતા સાથે આયોજન કર્યું અને છેલ્લાં પાંચ વર્ષથી આ અધિવેશનોને રાષ્ટ્રીય અધિવેશન સ્વરૂપે આયોજિત કર્યાં, તેમજ છેલ્લાં ૧૧ અધિવેશનોમાં રજૂ થયેલાં પેપર્સનું અન્યોના સહયોગમાં Book of Papers શીર્ષક હેઠળ પ્રકાશન કર્યાં. આ ઉપરાંત સંઘ દ્વારા પ્રકાશિત ત્રૈમાસિક 'ગ્રંથલોક' (૧૯૭૮)નું તેના પ્રાદુર્ભાવકાળથી જીવનપર્યંત સંપાદન કર્યું. આ ત્રૈમાસિકના માધ્યમથી ગ્રંથાલય વ્યવસાયિકોને લખવા પ્રેત્સાહિત કર્યા અને લખતા કર્યા, ગુજરાતની ગ્રંથાલય વ્યવસાયિકોની સમસ્યાઓને વાચા આપી, તેને હલ કરવા યથાસંભવ પ્રયાસો કર્યા અને વિશ્વની ગ્રંથાલયપ્રવૃત્તિઓના નોંધપાત્ર સમાચારોના સાર-સંક્ષેપો પ્રગટ કરીને વ્યવસાયિકોને સુમાહિતગાર રાખવાનું શ્રેય તેમના શિરે જાય છે. ગુજરાતની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના સ્થાયી અને સાતત્યપૂર્ણ વિકાસ માટે 'સાર્વજનિક ગ્રંથાલય ધારા'ની અનિવાર્ય આવશ્યકતા પિછાણીને આ ધારો ઘડવામાં અને પસાર કરવામાં પણ તેઓશ્રી શ્રી મોહનભાઈ પટેલ, ડૉ. ચંપકલાલ શુક્લ વગેરેની સાથે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. ધારાના સ્વરૂપ વિશે અનેકવિધ લેખોના માધ્યમથી લોકજાગૃતિ આણવા પ્રયાસ કર્યો. આ ધારો ગુજરાત વિધાનસભાએ ૨૦૦૧માં પસાર કર્યો હતો, પરંતુ તેનો અમલ એક યા બીજા કારણોસર કરવામાં આવ્યો ન હોવાથી તેમણે તેમના અવસાન પૂર્વે તા. ૧૦ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને પત્ર લખ્યો હતો, જેની નકલ 'ગ્રંથલોક'ના ઑક્ટોબર ૨૦૧૪ના અંકમાં (પૃ.૧૭) પ્રકાશિત કરેલી છે. આ ઉપરાંત તેમણે ભારતનાં ગ્રંથાલય વ્યવસાયિકોનાં સૌથી મોટાં અને સક્રિય એસોસિએશન્સ – ILA અને IASLICના વાઈસ-પ્રેસિડેન્ટ તરીકે તેમજ અન્ય સમિતિઓમાં પોતાની સેવાઓ આપી હતી. આ બધાં સ્વાન્તઃ સુખાય છતાં ધ્યેયનિષ્ઠ કાર્યો અને ઉપલબ્ધિઓ જન્મજાત પ્રતિભાશાળી ગ્રંથાલયીનાં દ્યોતક છે.

દૂરંદેશીપૂર્ણ તથા નવપ્રસ્થાનકારક કાર્યોને ધ્યાને લઈ અનેકવિધ રાષ્ટ્રીય સંસ્થાઓએ તેમના બહુમૂલ્ય એવૉર્ડ્સથી તેમણે વિભૂષિત કર્યા હતા. આ પૈકી 'પ્રો. એ. કે. મુખર્જી - આઈસલિક લાઈફ ટાઇમ એચિવમેન્ટ એવૉર્ડ' (૨૦૧૦), 'આઈ. એલ. એ. ડાયમંડ જ્યુબિલી એવૉર્ડ' (૧૯૯૩), 'સોસાયટી ફોર ઇન્ફર્મેશન સાયન્સ ફેલોશિપ એવૉર્ડ' (૧૯૯૩), 'ગુજરાત ગૌરવ એવૉર્ડ' (૨૦૦૧), 'ગુજરાત પુસ્તકાલય મંડળ દ્વારા લાઈફ ટાઇમ એચિવમેન્ટ એવૉર્ડ' (૨૦૦૫) અને વાચન સેવા એવૉર્ડ' (૨૦૧૦) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રનું ગુજરાતનું ગૌરવ શિખર એવા પ્રવીણભાઈ શાહનું તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ હાર્ટ ઍટેકથી દુખ:દ અવસાન થતાં સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર સદ્‌ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તથા તેમના પરિવારજનોને દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી આર્તસ્વરે પ્રાર્થના કરે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# પ્રાસંગિક

## 'નવગુજરાત બિઝનેસ ઍવૉર્ડ'થી વિભૂષિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને સામાજિક સેવા ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કરનારા પસંદગીના અગ્રણી મહાનુભાવોને 'નવગુજરાત બિઝનેસ ઍવૉર્ડ'થી વિભૂષિત કરવાના સમારોહનું આયોજન રાજ્યના નાણાં મંત્રી શ્રી સૌરભ પટેલ તથા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના મુખ્ય મહેમાનપદે 'નવગુજરાત સમય' ('ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ગ્રૂપ')ના ઉપક્રમે વાયએમસીએ ક્લબ અમદાવાદમાં તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું. આ સમારોહ 'મારુતિ સુઝુકી' અને 'રસના' દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. આ ગૌરવપૂર્ણ પ્રસંગે રાજ્યના અગ્રણી ઉદ્યોગપતિઓ સર્વ શ્રી ગૌતમ અદાણી, શ્રી કરસનભાઈ પટેલ, શ્રી સુધીર મહેતા, શ્રી પંકજ પટેલ, શ્રી અનિલ બકેરી, શ્રી પરિમલ નથવાણી વગેરે ઉપરાંત વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ઉદ્યોગ સાહસિકો અને સમાજ-સેવી સંસ્થાઓની પસંદગી માટે સ્વાયત્ત જ્યુરિની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં રાજ્યના પૂર્વ મુખ્યસચિવ શ્રી પી. કે. લહેરી, શ્રી ચિનુભાઈ શાહ અને શ્રી સુનિલ પારેખનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ જ્યૂરિએ 'સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી'ના ડેટાનો આધાર લઈને ચોક્કસ માપદંડો નિર્ધારિત કરીને પ્રત્યેક કેટેગરી માટે પાંચ-પાંચ નામોની અગ્રતાક્રમે પેનલ બનાવી હતી. આ પેનલના આધારે શ્રી વાય. કે. અલઘ, લૉર્ડ ભીખુ પારેખ અને શ્રી દીપક પારેખની 'ડેલ્ફી પેનલ' એ પોતાની સંમતિ પ્રદાન કર્યા બાદ આ ઍવૉર્ડો જાહેર કરવામાં આવ્યા હતા.

વિવિધ કેટેગરી અનુસાર નીચે દર્શાવેલા ઉદ્યોગગૃહો તથા સંસ્થાઓના કર્ણધારોને પ્રતિષ્ઠિત 'નવગુજરાત બિઝનેસ ઍવૉર્ડ ૨૦૧૫'થી અલંકૃત કરવામાં આવ્યા.

૧. બેસ્ટ લાર્જ કંપની : અદાણી પોર્ટસ ઍન્ડ સેઝ (શ્રી ગૌતમ અદાણી)
૨. બેસ્ટ પીએસયુ : જીએસએફસી (શ્રી એસ. કે. નંદા)
૩. બેસ્ટ મિડસાઈઝડ કંપની : સેરા સેનિટરી વેર (શ્રી વિક્રમ સોમાણી)
૪. બેસ્ટ ઈનોવેટિવ કંપની : સિમ્ફની (શ્રી અનિલ બકેરી)
૫. બેસ્ટ એસએમઈ : અતુલ ઓટો (શ્રી જયંતી ચંદ્રા)
૬. બેસ્ટ સ્ટાર્ડ અપ ઑફ ધ યર : ગ્રીડબોટ્સ ટૅક્નોલૉજીસ (શ્રી પુલકિત ગૌર)
૭. અરીઝ ખંભાતા બેનિવોલન્ટ ટ્રસ્ટ સીએસઆર કંપની : કાંતિસેન શ્રોફ ફાઉન્ડેશન (એક્સેલ ગ્રૂપ)
૮. સ્પેશિયલ ફોકસ ગ્રૂપ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (એસવીકેએમ ટ્રસ્ટ) (શ્રી વલ્લભભાઈ પટેલ)
૯. બેસ્ટ વીમેન આંત્રપ્રિન્યોર : સુશ્રી ગોરસી અતુલ પારેખ
૧૦. ગ્લોબલ ગુજરાતી ઑફ ધ યર : ડૉ. કિરણ પટેલ (કાર્ડિયોલોજિસ્ટ)
૧૧. બિઝનેસ પર્સન ઑફ ધ યર : શ્રી દિલીપ સંઘવી (એમ.ડી. સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રિઝ લિમિટેડ)
૧૨. લાઈફ ટાઇમ અચીવમેન્ટ : શ્રી એ. એમ. નાયક (ચેરમેન લાર્સન ઍન્ડ ટુબ્રો)

ઍવૉર્ડ એનાયત સમારોહના પ્રારંભમાં 'નવભારત સમય'ના તંત્રી શ્રી અજય ઉમટે સ્વાગત – પ્રવચનમાં 'નવભારત' દ્વારા ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતાને બિરદાવવા માટે સુગ્રથિત સ્વાયત્ત જ્યુરિ

અને ડેલ્ફી કાઉન્સિલની રચના અને તેમના સન્માનનીય સભ્યશ્રીઓનો પરિચય કરાવીને ગુજરાતના બહુઆયામી વિકાસની ઝલક પ્રસ્તુત કરી હતી. તેમજ 'નવભારત સમય' એક મીડિયા તરીકે શાસન અને મહાજન વચ્ચે સેતુબંધની ભૂમિકા અદા કરી રહેલ છે તેમ વિનમ્રભાવે જણાવ્યું હતું. રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીએ પણ જ્યુરિની પારદર્શી કાર્યપદ્ધતિનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના વરદહસ્તે કૉફી બૂક 'પ્રગતિશીલ ગુજરાત' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન માનનીય મંત્રી શ્રી સૌરભ પટેલે પોતાના પ્રસંગોચિત ઉદ્‌બોધનના પ્રારંભમાં સૌ ઍવૉર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવીને પ્રત્યેક ઉદ્યોગ સાહસિક તથા સમાજસેવી સંસ્થાઓની આગવી લાક્ષણિકતાઓ અને તેમના પ્રદાન વિશે તેમજ તેમના કર્ણધારોનો સંક્ષેપમાં છતાં અંતરંગ પરિચય કરાવીને ગુજરાતની ઔદ્યોગિક નીતિ, પડકારો અને તેના ઉકેલ સંદર્ભે સુચિંતનીય ઉદ્‌બોધન કર્યું હતું. વધુમાં તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન અને તેના વિકાસમાં સ્વ. માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ ઍવૉર્ડ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલે માનનીય મંત્રીશ્રી સૌરભ પટેલના વરદ્‌હસ્તે સ્વીકાર્યો હતો. આ ગૌરવવંતા પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા, મંડળ સંચાલિત શાળા – કૉલેજના પ્રિન્સિપાલશ્રીઓ, યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયની સ્થાપના, નિભાવ અને સંવર્ધનમાં પૂજ્ય છગનભા મુખ્ય પ્રેરકબળ અને પ્રાણતત્ત્વ હતા. છગનભાએ (૧૮૬૩-૧૯૪૦) પોતાની ધ્યેયનિષ્ઠા સાથે કડીને જ પોતાની સાધનાભૂમિ – તીર્થભૂમિ બનાવીને તેમણે સમાજમાં પ્રચલિત કુરિવાજો જેમ કે બાળલગ્ન, કજોડાં લગ્ન, મરણ બાદ બારમાની પ્રથા તથા અંધવિશ્વાસ વગેરેની નાબૂદી માટે ભારે સંઘર્ષ વેઠ્યો હતો, તેમજ તેની નાબૂદી માટે કેળવણી જ એક માત્ર ઉપાય છે તેમ સ્વીકારીને વિદ્યાર્થી આશ્રમની સ્થાપનાને સૌપ્રથમ અગ્રતા આપી. ૬ વિદ્યાર્થીઓથી આશ્રમ શરૂ કર્યો. ગામેગામ ફરીને વાલીઓને તેમનાં બાળકોને શાળાએ મોકલવાની પ્રેરણા આપીને સમાજને શિક્ષણ ક્ષેત્રે જાગ્રત કરવા ભારે પુરુષાર્થ કર્યો. પરિણામસ્વરૂપે આશ્રમ સ્થપાયાનાં થોડાંક વર્ષોમાં વિદ્યાર્થીઓથી આશ્રમ ઊભરાવા લાગ્યો. અહીં તેમણે ગૌશાળા પણ શરૂ કરી. આ શાળાનો વિદ્યાર્થી સ્વાવલંબી બને તે હેતુસર સુથારી, લુહારી, વણાટ, મુદ્રણકળા વગેરેના શિક્ષણની વ્યવસ્થા પણ કરવામાં આવી. ખૂબ જ ટૂંકા સમયગાળામાં આ શાળાની કીર્તિ એક રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા તરીકે પ્રસરી ગઈ. આ વિદ્યાલયની મુલાકાત વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે તા. ૦૪-૦૧-૧૯૨૬ તથા મહાત્મા ગાંધીજીએ તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ લીધી હતી.

આ મંડળ દ્વારા સમયાન્તરે વડનગર, વિસનગર, બલોલ અને પિલવાઈમાં સર્વ વિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી હતી, તેમજ કડીના પરિસરમાં જ કન્યા છાત્રાલય, ટૅક્નિકલ વિભાગ – ટૅક્નિકલ હાઈસ્કૂલ, ઑડિટોરિયમ, વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, અદ્યતન મુદ્રણાલય, અધ્યાપન મંદિર, અંગ્રેજી માધ્યમનું વિદ્યાલય ઉપરાંત ઉચ્ચશિક્ષણ માટે બી. એસસી., એમ. એસસી., બી. એ., બી. સી. એ., બી. એડ્., એમ. એડ્., એમ.બી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ. વગેરે કૉલેજોની સ્થાપના કરવામાં આવી. તેમજ અદ્યતન છાત્રાવાસો તૈયાર કરીને કડીને ખરા અર્થમાં વિદ્યાધામમાં પરિવર્તિત કર્યું. હાલમાં અહીં વિવિધ અભ્યાસક્રમોમાં ૧૪,૦૦૦થી અધિક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ગુજરાતની રાજધાનીના શહેર તરીકે ગાંધીનગરની સ્થાપના કરવામાં આવતાં ગુજરાત સરકાર દ્વારા ૧૯૭૭માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું, અને આ હેતુસર મંડળને ૧૩ એકર જમીન ફાળવવામાં આવી. કાળક્રમાનુસાર મંડળ દ્વારા બાલમંદિરથી હાયર સેકન્ડરી સુધી ગુજરાતી અને

અંગ્રેજી માધ્યમની શાળાઓ, વિવિધ છાત્રાલયો તથા કન્યાઓ માટે વિનયન અને કૉમર્સ કૉલેજ, ઉપરાંત પી.ટી.સી., બી.એડ્., એમ.એડ્., બી. ફાર્મ., એમ. ફાર્મ., બી.બી.એ., બી.સી.એ., એમ.બી.એ., એમ.સી.એ., એમ.એસસી. (સી.એ. અને આઈ.ટી.), પી.જી.ડી.સી.એ., બી.કોમ. (અંગ્રેજી માધ્યમ), ડિગ્રી એન્જિનિયરિંગ, પોલિટૅકનિક, બી.એસસી. નર્સિંગ, આઈ. એ. એસ. (ટ્રેઇનિંગ સેન્ટર), લલિત કલાઓ વગેરેના શિક્ષણ માટે ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ વિદ્યાસંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ હેતુસર સરકાર દ્વારા બધી મળીને કુલ ૧.૨૮ લાખ ચોરસ મીટર જગ્યા ફાળવી આપવામાં આવી છે. અહીં કુલ ૪૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં ૭૦૦૦થી અધિક છાત્ર-છાત્રાઓ અદ્યતન સુખસુવિધાપૂર્ણ છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિકાસકૂચ સતત ઊર્ધ્વગતિએ ચાલુ રહી છે તેનું એક વધુ પ્રમાણ એ કે ગુજરાત વિધાનસભાએ વર્ષ ૨૦૦૭માં એકટ નંબર ૨૧ 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' ગાંધીનગર પસાર કરી પ્રાઇવેટ સ્વનિર્ભર યુનિવર્સિટી સ્થાપવાની અનુમતિ પ્રદાન કરી, જેને યુજીસીની પણ માન્યતા મળી છે. આ યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસની વ્યવસ્થા ઉપરાંત ૪ વિષયોમાં એમ.ફીલ. તથા ૧૭ વિષયોમાં પીએચ.ડી.ના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાના કર્ણધારો આ યુનિવર્સિટીને 'University of Excellence' તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા કૃતનિશ્ચયી છે.

કન્યા કેળવણીને ઉત્તેજન, વિદ્યાર્થી સહાયક ફંડ, મેનેજમેન્ટ ક્વોટાનો ત્યાગ અને મેરિટ આધારિત પ્રવેશ ૧૦% વિદ્યાર્થીઓને ફી લીધા સિવાય પ્રવેશ આપવો – એ. આઈ. સી. ટી. દ્વારા સૂચિત 'ફી વીવર સ્કીમ'નો અમલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૫% વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ આપવાની યોજના વગેરેનું અણીશુદ્ધ પાલન સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આગવી મુદ્રાને ઉજાગર કરે છે.

પ્રતિ વર્ષ જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફી માટે અંદાજિત ૫૦ લાખ રૂપિયાથી અધિકની સહાય કરવામાં આવે છે, તેમજ સદ્ગત ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબની સ્મૃતિમાં શરૂ કરવામાં આવેલ ''શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ'' યોજના હેઠળ પ્રતિવર્ષ અંદાજિત રૂપિયા ૭૫ લાખથી અધિક રકમ સ્કૉલરશિપ તરીકે ચૂકવવામાં આવે છે. પ્રાયઃ હાઈસ્કૂલ સુધી (સાયન્સ કૉલેજ, કડીના અપવાદને બાદ કરતાં) શિક્ષણ પૂરું પાડતા કેળવણી મંડળે યુનિવર્સિટી સુધી જે હરણફાળ ભરી તેનું શ્રેય કેળવણી મંડળના સદ્ગત ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ના શિરે જાય છે.

ધ્યેયનિષ્ઠ અને સેવાપરાયણ કર્ણધારોનાં કાર્યોથી પ્રભાવિત થઈ સમાજ તરફથી કરોડો રૂપિયાનાં દાન મળી રહ્યાં છે. સર્વ વિદ્યાલયના અમેરિકા સ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિદ્યાપ્રેમીઓ તરફથી પણ સતત સ્વયંસ્ફુરણાથી ભારે મોટું દાન મળતું રહે છે. અહીં દાનગંગા અને જ્ઞાનગંગા વણથંભી સમાન ગતિએ પ્રવાહિત થઈ રહી છે. પ્રાચીન સમયના શ્રી અને સરસ્વતીથી શોભાયમાન પાટણ નગર માટે કવિ બાલચંદ્રે 'વસંતવિલાસ' મહાકાવ્યમાં કહ્યું છે, 'कलहायते न सह शारदया कमलाड्त्रवासरसलोभवति' અર્થાત્ 'અહીં નિવાસ કરવાના રસલોભથી લક્ષ્મી સરસ્વતી સાથે કલહ કરતી નથી.' પ્રવર્તમાન સમયમાં આ ઉક્તિ કડીની આ સંસ્થા માટે પણ યથાર્થ રીતે લાગુ પડે છે.

*

## માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગરના સદ્ગત ચૅરમૅન શ્રી માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની સ્મૃતિમાં મંડળ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ 'માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત કરવાના સમારોહનું માણેકલાલ પટેલ સાહેબની તૃતીય પુણ્યતિથિ તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળ સંચાલિત ઉચ્ચશિક્ષણની વિવિધ સંસ્થાઓના ૪૧૨ વિદ્યાર્થીઓને રૂ. ૬૦,૧૧,૫૯૭ મેરિટ સ્કૉલરશિપ અને આર્થિક રીતે જરૂરિયાતમંદ

૪૬૦ વિદ્યાર્થીઓને રૂ. ૬૫ લાખ સ્કૉલરશિપ એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત ચાલુ વર્ષ દરમિયાન ૧૨ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પરિસ્થિતિવશાત્ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી તેમને ફી માફી આપીને સંસ્થામાં પાર્ટ-ટાઇમ જોબ આપવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં સરસ્વતી વંદના બાદ કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ મહેમાનોનું હાર્દિક સ્વાગત કરીને વિશ્વવિદ્યાલયની પ્રવૃત્તિઓ અને તેની વિકાસરેખા પ્રસ્તુત કરી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ ડી. પટેલે આમંત્રિત પ્રત્યેક દાતાશ્રી અને મંચસ્થ મહાનુભાવનો અંતરંગ અને મનભાવંત પરિચય હૃદયસ્થભાવે કરાવ્યો હતો.

વી. પી. એમ. પી. પોલિટેક્નિકના દાતા શ્રી વિષ્ણુભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્વ. માણેકલાલ પટેલે 'સાહેબ' સાથેનાં સંસ્મરણો રજૂ કરીને તેમને આધુનિક સમયના ઋષિ તરીકે ઓળખાવીને તેમના વિચારો તથા આદર્શો – અધૂરાં કાર્યોને પૂરાં કરવા અપીલ કરી હતી. હાયર એજ્યુકેશનના સદ્ગત ચૅરમૅન એન. કે. પટેલ સાહેબના સુપુત્ર અને દાતાશ્રી મહેન્દ્રભાઈ પટેલે તેમના સુચિંતનીય ઉદ્બોધનમાં સ્વ. એન. કે. પટેલ સાહેબનાં વિદ્યાર્થીઓને મદદરૂપ નીવડ્યાનાં સ્વપ્નાં પરિપૂર્ણ થતાં જોઈને પ્રસન્નતા વ્યક્ત કરવા ઉપરાંત વિદ્યાર્થીઓએ સતત નવું – શીખતા રહેવું જોઈએ તેમજ તેમના માટે Skill development વર્ગો શરૂ કરવાની હિમાયત કરી હતી. 'ગાંધીનગર સમાચાર'ના અધિષ્ઠાતા અને અગ્રણી ચિંતક - પત્રકાર શ્રી કૃષ્ણકાંત જહા એ ગાંધીનગરને વિદ્યાનું ધામ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપનાર સ્વ. માણેકલાલ સાહેબને વંદન પાઠવીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના જ્ઞાનયજ્ઞની રાજ્ય સરકારે નોંધ લઈને સરકાર સંચાલિત ૬ માધ્યમિક – ઉચ્ચમાધ્યમિક શાળાઓના સંચાલનની જવાબદારી મંડળને સોંપી અને આ મંડળે આર્થિક ભારણની ચિંતા કર્યા સિવાય શિક્ષણના હિતમાં આ જવાબદારી ઉપાડી લીધી તેને સંસ્થાની ગૌરવરૂપ એક ઐતિહાસિક ઘટના ગણાવી હતી. શ્રી બાબુભાઈ પટેલે પ્રસંગોચિત વક્તવ્યમાં વિદ્યાનગરના વિશ્વકર્મા સ્વ. ભાઈકાકાના પ્રદાનની સરાહના કરીને તેમના જેવાં સુફળ આપણને પ્રાપ્ત થશે તેવો આશાવાદ સેવીને વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સમર્પિત બની રહેવા જણાવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગરના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે અધ્યક્ષીય ઉદ્બોધનમાં સ્વ. પૂજ્ય છગનભા પ્રસ્થાપિત આ સંસ્થાની વિકાસરેખા અને તેના કર્ણધારો સર્વ શ્રી પ્રોફેસર સ્વામીનારાયણ, શ્રી રામચંદ્ર અમીન, પૂ. દાસકાકા, શ્રી ધનાભાઈ વકીલ, ડૉ. માણેકલાલ પટેલ, શ્રી એન. કે. પટેલ વગેરે વગેરેનું ઋણસ્વીકારની ભાવના સાથે સ્મરણ પાઠવીને આ સૌએ સંસ્થાના સંવર્ધન માટે વેઠેલ સંઘર્ષો તથા સંસ્થાનો સંઘર્ષમય ઇતિહાસ દર્શાવીને તેમનો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને રાજ્ય સરકારના હાર્દિક સહકાર બદલ આભાર માન્યો હતો. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને પૂ. છગનભા પ્રદત્ત 'કર ભલા હોગા ભલા'ના સંવાહક – શ્રેષ્ઠતાના વાહક – વિશ્વવિદ્યાલયના પ્રતીક બનવાની અપીલ કરી હતી.

કાર્યક્રમના અંતમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના કુલસચિવ શ્રી એસ. કે. મંત્રાલાએ ગદ્ગદિત સ્વરે માણેકલાલ સાહેબ સાથેનાં સંસ્મરણો તેમજ પોતે તેમનું કેવું સતત સાહચર્ય અનુભવે છે તે વર્ણવીને સૌ સંબંધિતોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ પ્રસંગે કડવા પાટીદાર કેળવણી મંડળના પ્રમુખ શ્રી મોહનલાલ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, શ્રી મનુભાઈ જે. પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ ચોકસી, શ્રી જયંતીભાઈ જોસેફ, શ્રી અશ્વિનભાઈ કે. પટેલ, શ્રી અશ્વિનભાઈ એ. પટેલ, શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી પોપટભાઈ પટેલ, શ્રી શંકરભાઈ પટેલ, શ્રી બાબુભાઈ એ. પટેલ, શ્રી ભોળાભાઈ પટેલ (ડીંગુચા), શ્રી રમેશભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ, શ્રી રમણભાઈ પટેલ, શ્રી બળદેવભાઈ કુમાર, શ્રી જે. પી. પટેલ, શ્રી પી. યુ. પટેલ, શ્રી બી. યુ. પટેલ, શ્રી ભરતકુમાર તથા શ્રીમતી પ્રભાવતીબહેન

પટેલ, શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી નટુભાઈ પટેલ, શ્રી ખોડભાઈ પટેલ, શ્રી કર્નલ હસમુખભાઈ, ડૉ. વિઠ્ઠલભાઈ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી શંકરભાઈ પટેલ (ઊંટવા), શ્રી નલિનભાઈ પટેલ વગેરે મંચસ્થ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

❖

## શ્રી રઘુવીર ચૌધરી : જીવનકાર્ય અભિવંદના કાર્યક્રમ

તા. ૧૦-૧-૨૦૧૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં ગુજરાતના દિગ્ગજ સાહિત્યકાર અને માનવમૂલ્યોના પ્રહરી રઘુવીર ચૌધરીનાં જીવનકાર્યોની અભિવંદના કરતો એક અભિનવ કાર્યક્રમ 'કાચા સૂતરને તાંતણે' યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં જાણીતા ગાયક અમર ભટ્ટે રઘુવીર ચૌધરીએ રચેલા ગીતથી કરી. ત્યાર બાદ શ્રી રઘુવીરભાઈ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી પારુલબહેનનું ભાવસભર અને ઉષ્માપૂર્ણ સન્માન કરવામાં આવ્યું અને રઘુવીરભાઈને તેમના જાહેરજીવન અને સાહિત્ય ક્ષેત્રે કરેલા પ્રદાનને વર્ણવતું માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે રઘુવીરને નજીકથી જાણનારા વક્તાઓએ તેમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓને વર્ણવતાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. શ્રી મધુકરભાઈ પારેખે રઘુવીરભાઈનાં પોતાના પિતા બલવંત પારેખ અને પોતાની સાથેના કૌટુંબિક સંબંધો યાદ કરતું ઉદ્‌બોધન કર્યું, જાણીતા કવિ માધવ રામાનુજે જીવનના દરેક તબક્કે રઘુવીરે પોતાને વડીલ તરીકે આપેલી હૂંફને યાદ કરી, ચંદ્રકાંત શેઠે તેમની રઘુવીર સાથેની આત્મીય મૈત્રી, રમેશ બી. શાહે પોતાના રઘુવીર સાથેના એચ. કે. આર્ટ્સ કૉલેજના અધ્યાપનના દિવસો યાદ કર્યા, સતીશ વ્યાસે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના દિવસો વિશે વાત કરી, અનિલાબહેન દલાલે ગુજરાતી સાહિત્ય પરિષદના એમના વહીવટી કુશળતાને યાદ કરી, પ્રકાશ ન. શાહે રઘુવીરના સર્જન અને લોકજીવનને વ્યાપક પરિપ્રેક્ષમાં મૂલવ્યું, મૂલ્યભંજન સાહિત્યકાર લાભશંકર ઠાકરે 'હમારે ચૌધરીસાહેબ' એવું આત્મીયતામાં ભીંજાયેલું લખાણ મોકલી આપેલું જેનું રસાળ પઠન રમેશ ર. દવેએ કર્યું, જાણીતા રંગકર્મી ગોપી દેસાઈએ રઘુવીરને પોતાના નાટ્યગુરુ તરીકે યાદી કરી એચ. કે.ની નાટ્યપ્રવૃત્તિ ક્ષેત્ર પોતે પા... પા... પગલી ભરેલી તે દિવસો યાદ કર્યા, અનુસ્નાતક અભ્યાસના દિવસો યાદ કરીને બિન્દુ ભટ્ટે રઘુવીરને ગુરુ તરીકે યાદ કર્યા અને મનસુખ સલ્લાએ વિવિધ સંસ્થાઓમાં રઘુવીરભાઈ સાથે સહકાર્યકર તરીકેના અનુભવો વર્ણવ્યા હતા. કાર્યક્રમના આ પ્રથમ ભાગનું સંચાલન હર્ષદ ત્રિવેદીએ કરીને શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા.

કાર્યક્રમના બીજા ભાગમાં રઘુવીરના સર્જનોનો રસાસ્વાદ કરાવવામાં આવ્યો, જેનું સંચાલન સુનિતા ચૌધરીએ કર્યું હતું. હરિકૃષ્ણ પાઠકે રઘુવીરની કવિતા 'સાગર તીરે અલસ તિમિરે' ગાન કર્યું, સુશ્રી કીર્તિ ચૌધરી અને દૃષ્ટિ ચૌધરીએ રઘુવીરભાઈનું ગીત 'કૃષિગાન' ગાયું, દૃષ્ટિ ચૌધરીએ રઘુવીરે પોતાના દાંપત્યજીવનને અનુલક્ષીને રચેલી કવિતા 'અમે આટલે આવ્યાં'નું પઠન કર્યું. યશોધન જોશીએ 'ફૂટપાથ અને શેઢો' કવિતા વાંચી અને રઘુવીરનાં સૌથી નાનાં પુત્રી સુરતા મહેતાએ 'વહેતા વૃક્ષ પવનમાં' કાવ્યની રચના પ્રક્રિયાની વાત કરીને તે કાવ્યનું તથા રઘુવીરના એક લલિત ગદ્યખંડનું પઠન કર્યું. મહેશ ચંપકલાલે રઘુવીરના નાટક 'સિકંદર સાની'ની જમ્મુ-કાશ્મીરમાં થયેલી ભજવણીના અનુભવો યાદ કરીને કેટલાક સંવાદોનું પઠન કર્યું. અંતમાં રઘુવીરે પ્રતિભાવમાં વીસમી સદીની સાહિત્ય અને જાહેરજીવનની ભવ્ય પરંપરામાંથી પોતે ગ્રહણ કરેલા સંસ્કારોની વાત કરી. છેલ્લે સર્જકના પૌત્ર મંદાર ચૌધરી તથા રમેશ ર. દવેએ આભાર દર્શન કર્યું. આ કાર્યક્રમમાં સ્થાનિક ઉપરાંત અમેરિકા, પૂના, ભાવનગર, આણંદથી પધારેલા રઘુવીરભાઈનાં ચાહકો તથા સ્નેહીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

> સભાઓ અને મંડળો એ બધું ઠીક છે. એથી કંઈક મદદ થાય છે ખરી, પણ બહુ ઓછી. કડિયા ઇમારત ચણતાં પાલખ બાંધે છે તે જેમ કામચલાઉ હોય છે તેવું સભાઓ ને મંડળોનું છે.
>
> **મો૦ક૦ ગાંધી**

# અરવલ્લી પર્વત અને અરવલ્લી ગિરિમાળા

મોહનલાલ પટેલ

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્તના નવેમ્બર-ડિસેમ્બરના અંકમાં 'ઈડરના ખડકોનો સૌંદર્યલોક' તરીકે મુદ્રિત ખડકો ૬૦થી ૭૦ કરોડ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવેલા જગતના સૌથી પુરાણા પર્વત અરવલ્લીના અવશેષો છે. કુદરતમાં સતત ચાલતી રહેતી નવરચના પ્રક્રિયા હેઠળ પુરાણો અરવલ્લી નવું રૂપ પામ્યો અને એને અરવલ્લી ગિરિમાળા એવું નવું નામ મળ્યું. ઈડરના ખડકો અરવલ્લી ગિરિમાળામાં સમાવિષ્ટ છે. અરવલ્લીનાં પર્વત અને ગિરિમાળા એ બંને રૂપો વિશે સર વિલિયમ હંટરે ઈ. સ. ૧૯૧૦માં પ્રગટ થયેલા એમના 'ધ ઇન્ડિયન ઍમ્પાયર'ના 'Major Landforms' નામના પ્રકરણમાં વિગતે અને વિસ્તારપૂર્વક લખ્યું છે.

પુરાણા અરવલ્લી પર્વતનો વિસ્તાર કુમાઉ (હિમાલય)થી આરંભાઈને દક્ષિણ ઉચ્ચપ્રદેશ (Deccan plateau) સુધી પહોંચતો હતો અને એની એક શાખા મધ્યભારતથી છેક પૂર્વના ઘણા વિસ્તારને આવરી લેતી હતી. આ પર્વતનાં ઘણાં શિખરો હિમરેખા (Snow line) સુધીની ઊંચાઈવાળાં હતાં. આ શિખરો બરફથી સતત ઢંકાયેલાં રહેતાં હોવાના કારણે એમાંથી વહેતી નદીઓ બારેમાસ પાણીનું વહન કરતી હતી.

અરવલ્લી પર્વતની આ સ્થિતિ કાયમની ન રહી. કરોડો વર્ષ પૂર્વે ઘસારો અને નવરચનાની પ્રક્રિયા આજની તુલનામાં સતત અને ઘણા મોટા પાયા ઉપર થતી રહેતી હતી. ખાસ કરીને પૃથ્વીના પેટાળનો ધગધગતો લાવા મૃદાવરણ (ભૂકવચ) ભેદીને નવરચનાની સ્થિતિ પેદા કરતો હતો.

ઘસારો અને નવરચનાનાં આ કુદરતી બળોએ પેલા પુરાણા ગંજાવર અરવલ્લી પર્વતને એકવાર તો દરિયાઈ સપાટી સુધી લાવીને મૂકી દીધો અને સમય જતાં ભૂગર્ભનાં પેલાં બળોએ એને નવા સ્વરૂપે લાવા અને જામેલા ખડકો સાથે મૃદાવરણની બહાર સ્થાપ્યો. આ ઘટના - પ્રક્રિયાને પણ ૫૦ કરોડ વર્ષ વીતી ગયાં છે. જે ખડકો ભૂગર્ભમાંથી લાવા સાથે ખડકરૂપે જ બહાર આવ્યા હોય એ ભૂગર્ભની અંદર જ અસાધારણ દબાણના કારણે સખત અને વધારે વજનવાળા બની રહ્યા હોય. આવા ખડકો કાળમીંઢ (ગ્રેનાઈટ) ખડકો કહેવાય છે. અરવલ્લી ગિરિમાળાના મોટા ભાગના ખડકો આ પ્રકારના છે. આવા ખડકો કુદરતનાં પેલાં પરિબળો સામે લાંબા સમય (અલબત્ત, આમાંય હિસાબ તો કરોડો વર્ષોનો !) સુધી ટક્કર ઝીલી શકે છે. છેવટે વિજયી તો કુદરતી પરિબળો જ નીવડે છે.

હવે વાત ખડકોના સૌંદર્યલોકની. ભૂગર્ભમાંથી ભૂકવચને ચીરીને લાવા બહાર ફેંકાય, એ પછી ઠરીને ખડકનું રૂપ ધારણ કરે ત્યારે ઉક્ત વૃત્તપત્રમાં આપણે ખડકોના મનમોહક આકારો જોયા તેવા રૂપમાં ન હોય એ સમજી શકાય એવી વાત છે. એ આકારો કુદરતની પેલી કરામત છે એમ માનવું રહ્યું. શ્રી અશ્વિન મહેતા દ્વારા આ ભવ્ય 'સૌંદર્યલોક' આપણને ફક્ત ઈડરના પાષાણલોકનો જ મળ્યો, પણ અરવલ્લીની આ ભવ્ય સૌંદર્યસંપદા તો ઓછેવત્તે અંશે દિલ્હીથી અમદાવાદ સુધીના રૂટ ઉપર લગભગ ૯૦૦ માઈલના વિસ્તાર સુધી પથરાઈ છે જે આપણે નરી આંખે સિદ્ધપુર (ગુજરાત)થી અજમેર (રાજસ્થાન) વચ્ચેના માર્ગમાં જોઈ શકીએ છીએ. બીજી રીતે કહીએ તો આ સંપદા સાબરકાંઠા, બનાસકાંઠા અને આબુના વિસ્તારોમાં ભરપટ્ટે પથરાયેલી છે. આ સંપદા કંઈ ધોરી માર્ગે વિહરતાં વિહરતાં જોઈ લઈ શકાય એવું નથી. અહીં ઉમાશંકરની પેલી કવિતા યાદ કરવા જેવી ખરી – આ માટે તો ભોમિયા વિના ડુંગરે ડુંગરે અને કોતરે કોતરે રઝળપાટ કરતાં ભમવું પડે. ડુંગરા ખરા, પણ સાથે સાથે જંગલોથી આવૃત્ત હોય

ક્યાંક ગીચ, ક્યાંક આછો અને ક્યાંક ખુલ્લો વિસ્તાર. આવા બહુરૂપી વિસ્તારોમાં પણ ખડકો નર્યા, ખુલ્લા અને સાવ નગ્ન (વનસ્પતિ વગરના) સ્થિતિમાંય જોવા મળે. પણ આ ક્યારે શક્ય બને ? આ માટે ધારદાર સાહસની વૃત્તિ અને અદમ્ય ઉત્સાહ જોઈએ એક wander - thirst ! બીજું કંઈ નહીં. દુર્ગમ માર્ગ, વાઘ-ચિત્તા જેવાં પ્રાણીઓનાં જોખમ (હવે ગીચ જંગલ વિસ્તાર સિવાય આ જોખમ નહીંવત છે. એમ કહી શકાય.)

ઈડરના વિસ્તારમાં જો આટલો બધો વૈભવ હોય તો બાકીના વિશાળ વિસ્તારોમાં એનું પ્રમાણ કેટલું હોઈ શકે એ કલ્પનાનો વિષય છે. આ લખનારે પોતાની મર્યાદિત પહોંચનો મહત્તમ ઉપયોગ કરીને અરવલ્લી ગિરિમાળાની ભવ્યતાને માણી છે. વિવિધ પ્રકારનાં વાહનોમાં જ્યાં જઈ શકાય ત્યાં જુદાં જુદાં કારણો અને નિમિત્તે આબુ, સાબરકાંઠા અને બનાસકાંઠાના શહેરો, સ્થળો અને ગામોમાં જવાનું અને રોકાવાનું બન્યું છે. આ રીતે ઈડર, મેઘરજ, મોડાસા, બાયડ, ખેડબ્રહ્મા, પાલનપુર, અંબાજી, દાંતા વગેરે શહેરો મુલાકાતનું નિમિત્ત બન્યાં છે. ઈડરના ડુંગરામાં શ્રી મણિલાલ હ. પટેલ અને પ્રસાદ બ્રહ્મભટ્ટ સાથે ચઢ-ઊતર કરી છે. અંબાજીમાં ઘણી વાર પાઠ્યપુસ્તક મંડળની સેવા માટે પાઠ્યપુસ્તકના સંપાદનના હેતુથી ઝાઝા દિવસોના મુકામ કરેલા છે. કેટલાંક સ્થળોએ પ્રવચન માટે, સેમિનાર અંગે અથવા કાર્યશિબિરના આયોજનમાં જવાનું થયું છે. આબુ અને અંબાજીના પ્રવાસે એકાધિકવાર જવાનું થયું છે. આ બધું તો પરંપરાગત રીતમાં થયું. આમજનતા જે રીતે ગિરિમાળાનું સૌંદર્ય માણે તે રીતે માણ્યું. એનો આનંદ પણ કંઈ ઓછો નહોતો, પણ એક શોધકની નજરે ગિરિમાળાના અંતરિયાળ ભાગોમાં પહોંચી જઈને જે જોયું, માણ્યું અને અનુભવ્યું તેની વાત સાવ નિરાળી છે. ઈ. સ. ૧૯૫૪નું વર્ષ અને તેની આસપાસના સમયમાં આ સંજોગ પ્રાપ્ત થયો હતો. અરવલ્લી ગિરિમાળાના અંતરિયાળ વિસ્તારોમાં ફરવાનું બન્યું હતું તો જુદા હેતુથી પણ નજર સમક્ષ લક્ષ્ય હતું ગિરિમાળાનો સૌંદર્યવૈભવ નીરખવાનું. અંતરિયાળ વિસ્તારોમાં નિશ્ચિત માર્ગ-કેડીઓનો અભાવ હોવાથી કોઈ અનુભવી ભોમિયાને સાથે રાખવો જરૂરી બને છે. રસ્તાઓના અભાવના કારણે યાંત્રિક વાહનોનો ઉપયોગ થઈ શકતો નથી. માત્ર ઊંટસવારી એ જ પ્રવાસનો આધાર. છૂટાંછવાયાં ગામડાંમાં વસતા ઊંટમાલિકો વિસ્તારની પૂરી જાણકારી સાથે કોઈ નિષ્ણાત ભોમિયાની ગરજ સારે છે. આ વિસ્તારમાં આવા માણસોની કેટલી સંખ્યા હશે એની ચોક્કસ માહિતી નથી. મારો આ પ્રવાસ મુખ્યત્વે ચાર શૈક્ષણિક વેકેશનોમાં વ્યાપ્ત હતો અને ભોમિયા તરીકે દાંતાના ઊંટવાળાનો યુવાન દીકરો સમગ્ર પ્રવાસમાં ઉપયોગી સાથીદાર બની રહ્યો હતો. મારે એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે મારો આ પ્રવાસ ભવાનગઢનાં જંગલો (દાંતા રેન્જ) પૂરતો મર્યાદિત હતો. આ વિસ્તારમાં કોયલાપુર, આડેરણ, માંકડી, ગઢ, ઘોડાલ વગેરે અનેક નાનાં-મોટાં ગામ-ગામડાં હતાં. કેટલાંક અન્ય ગામડાં છૂટાંછવાયાં છાપરાંના રૂપમાં પણ જોવા મળતાં હતાં.

સારાયે પ્રદેશમાં ડુંગરાઓના ઢાળ ઉપર વિવિધ પ્રકારનાં અને વિવિધ રંગોનાં પાંદડાંવાળાં વૃક્ષો વચ્ચે નાનીમોટી અને ક્યારેક વિરાટ કહી શકાય એવી, અગણિત વર્ષો દરમિયાન વરસાદના પાણીના મારાથી શ્યામ બની રહેલી અને તેથી વધારે ગૌરવશીલ થયેલી શિલાઓ ચિત્તને કબજામાં લઈ લેતી હતી. એનો પ્રભાવ એટલો બધો કે ચેતોવિસ્તાર થતાં આપણે કોઈ અગમનિગમની સૃષ્ટિમાં ધકેલાઈ જઈએ. આ મનઃસ્થિતિ દરમિયાન એ શિલાઓમાંથી જાણે મૌન ફૂટતું હતું અને અશબ્દ પરિવેશ વાતાવરણને ભરી દેતું હતું. ક્યારેક તો ચિત્તને રમણીયતામાંથી ખેંચી લઈને અહોભાવની શુષ્ક દુનિયા તરફ ખેંચી જતું હતું. આ બધો પ્રભાવ માત્ર શિલાઓનો. આ સ્થિતિને પ્રભાવ કહેવા કરતાં હિપ્નોટિઝમનો ટ્રાન્સ કહેવાનું મન થાય.

વૃત્તપત્રમાં મુદ્રિત ઈડરના ખડકો જેવા વિવિધ આકારના ખડકો બાબતમાં કંઈ કહેવા જેવું ખરું ? ત્યાં જેવા ખડકો છે એવા આ ગિરિમાળામાં સર્વત્ર ઓછાવત્તા પ્રમાણમાં હોવાના. મારા ભ્રમણપ્રદેશમાં પણ બહુ ઓછી, પણ એની હસ્તી હતી ખરી. પણ આપણે એક વખત આકાર વૈચિત્ર્યથી પ્રભાવિત થઈએ પછી વારંવાર એ જ પ્રકારનું દર્શન થોડું ક્ષતિયુક્ત બને છે અને રસાસ્વાદ ઘટે છે. એટલે અહીં એવા ખડકોની વાત ન કરતાં બીજા પ્રકારના એક દર્શનની વાત કરવી છે. આ દર્શન જે ડુંગરા

પર ઓછાં વૃક્ષો અને ઓછી વનસ્પતિ હતી ને ડુંગરાઓ પરની શિલાઓનું છે. લગભગ બોડા જેવા આ ડુંગરોની તળેટી પર ઊભા રહીને ટોચ તરફ નજર કરીએ તો દડા આકારની ગોળ શિલાઓ ગબડતાં ગબડતાં પળભર થોભી ગઈ હોય એવું લાગે અને હમણાં જ ફરી પાછી ગબડવા લાગશે એમ જણાય. ગબડતી આવી રહેલી શિલાથી બચવા ખસી જવાનું મન થાય એવો જીવતો-જાગતો માહોલ ! પણ આ બધી શિલાઓથી એક ઈંડા આકારના કલેવરવાળી વિશાળ શિલા ડુંગરની એક સપાટ જગ્યા ઉપર ખૂબ નમેલી સ્થિતિમાં (ત્રાંસી) જોવામાં આવી હતી. નજરે જોતાં ચોખ્ખું જણાતું હતું કે આ શિલાનું ગુરુત્વમધ્યબિન્દુ (સેન્ટર ઑફ ગ્રેવિટી) એના પાયા બહાર છે એટલે શિલા આમ રહી શકે નહીં એ પડી જ જાય. પણ એ પડી ગયેલી નહોતી. બીજી શિલાઓની માફક એ પણ યુગોથી આમ નમેલી સ્થિતિમાં ટકેલી જ હશે. આમ કેમ ? એનો આકાર ઈંડા જેવો હતો એટલે એને પાયો જ ન હોય એવું જણાતું હતું. નમેલા રૂપમાં એ મૂળ સપાટ શિલાના ભાગરૂપે જ હતી એટલું સમજી શકાય એવું હતું. નીચેનું ક્ષુદ્ર કહી શકાય એવું જડતર કેટલા મોટા કદ અને વજનવાળી શિલાને પકડી રહ્યું હતું ! અહીં હિમાલયની ભૂસ્ખલનની વારંવાર થતી ઘટનાઓ યાદ આવી જાય. ખડકનો કોઈ ભાગ ભંગારરૂપે ધસી પડે. રસ્તા પરની અવરજવર બંધ થઈ જાય અને સેંકડોની સંખ્યામાં યાત્રિકો ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય. આવું વારંવાર બને છે. બદ્રિનાથ અને કેદારનાથ મંદિરો આ સ્થિતિના કારણે ભારે ક્ષતિગ્રસ્ત બની ગયાં હતાં એ આફતનાં સ્મરણ હજુ તાજાં છે. હિમાલય જળકૃત પર્વત છે એટલે આમ બને છે. જળકૃત ખડક દરિયામાં ઝાડ-પાન, કાંપ-કચરો, દરિયાઈ અશ્મિભૂત પદાર્થો વગેરે અનેક પ્રકારના પદાર્થો દરિયાઈ તળેટીએ ખૂબ વજનના કારણે ગરમી પામીને ખડકો બની ચૂક્યા હોય છે એટલે પરિસ્થિતિ ઊભી થતાં એનાં અંગભૂત તત્ત્વો વેરણછેરણ થઈ શકે છે. જ્યારે લાવામાંથી બનેલા ખડકોનો, કુદરતી ઘસારાના બળ સિવાય એક કણ પણ ખરીને જુદો પડતો નથી. એ પથ્થરોને તોડવા માટે પણ ભારે જહેમત ઉઠાવવી પડે છે.

ઘસારો કરનારાં બળમાં પવન કેટલી હદ સુધી આ કાર્ય કરી શકે છે એ ઘોડાલ વિસ્તારના એક નાના ડુંગરની ટોચ પરના ખડક ઉપર થયેલા ઘસારામાં હું જોઈ શક્યો. કુદરતનું આ કાર્ય ભારે આશ્ચર્યકારક અને દર્શનીય છે. એ ખડકમાં બેથી અઢી ફૂટના વ્યાસનું બરાબર વર્તુળાકાર કાણું છે. કાણું શબ્દ બંધ બેસતો નથી (બીજો કોઈ જડ્યો નથી.) બે-અઢી ફૂટનો વ્યાસ તો નીચે સપાટ જગ્યા પર ઊભાં ઊભાં અનુમાન્યો છે. ઊંચાઈએ રહેલી સ્થિતિનો અંદાજ કળવો મુશ્કેલ છે. મારા અનુમાન કરતાં એ કાણાનો વ્યાસ વધારે હોઈ શકે. કોઈ ઊંચા ટાવરમાના ઘડિયાળ જેવી સ્થિતિ ધરાવતું આ કાણું અરવલ્લી પર્વત કે અરવલ્લી ગિરિમાળા ભૂકવચમાંથી લાવા રૂપે બહાર ફેંકાયાં ત્યારે એ રૂપે હોવાનું કે બનવાનું શક્ય જ નથી. આ કાણું સૂર્યનું કે પાણીનું કામ હોવાનું પણ શક્ય નથી. પવનનું જ આ કામ હોઈ શકે. લાવા બરાબર ઠરીને સખત થાય એ પહેલાં ટોચ ઉપરના પાતળા પડમાં સુસવાટા મારતા પવને છિદ્ર પાડ્યું હશે. પછી તો એટલી ઊંચાઈએ પવન બાકી શું રાખે ? વર્ષો સુધી પવન પોતાની કરામત કરતો રહ્યો હશે. વર્ષો શું કામ ? હજારો, લાખો અને કદાચ કરોડો વર્ષો !

ઘોડાલ વિસ્તારનું આ સ્થળ ચિત્તની પરિપાટી પર બરાબર આલેખાઈ ગયું છે. જોયું ત્યારે એના નકશાઈ લોકેશન વિશે ઝાઝી પૂછતાછ ન કરી (એનો અફસોસ આજે છે) પણ ગિરિમાળામાં જે જોયું તેમાં માત્ર આટલું જ જોવાયું હોત તોપણ અરવલ્લીની ગિરિમાળાની આ પર્વતીય ભવ્યતાની સમજ માટે આટલું દર્શન પણ પૂરતું હતું. ૧૯૪૧માં હાઈસ્કૂલના છઠ્ઠા (હાલના ૧૦મા) ધોરણમાં વ્યાકરણના એક મનોયત્નમાં વાંચેલું વાક્ય સ્મૃતિમાં આજે પણ બરાબર અજવાળાં પાથરે છે – 'India is a gorgeous land teeming with natural wealth.'

(૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ
રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫,
મો. ૯૯૦૪૪૮૦૫૨૨)

◆

# ઊર્ધ્વલોકની યાત્રાએ

જયંત કોઠારી

## છેલ્લી સલામ

[ઢાળ: 'ભૂલ્યો રે ભૂલ્યો રાજા સત રે ગોપીચંદણ' – એ ભજનનો]

સો સો રે સલામું મારાં ભાંડુડાંને કે'જો રે,
ઝાઝેરા જુહાર જગને દેજો હો...જી!
મળાયું ન તેને સહુને માફામાફ કે'જો, ને
રુદિયામાં રાખી અમને રે'જો હો...જી!

ટીપેટીપે શોણિત મારાં તોળી તોળી આપું તોયે,
પૂરાં જેનાં પ્રાછત કદીયે જડશે ન જી –
એવા પાપ-દાવાનલમાં જલે છે જનેતા મારી,
દિલડાના ડુંગર સળગ્યા – ઠરશે ન જી!
– સો સો રે સલામું૦

કીધાં ખાખ ખાંડવવનને૧ પાંડુ તણા પુત્રે તે દી
નિરદોષી નાગાં લાખો ભુંજાણાં હો...જી:
આદુનાં નિવાસી એ તો આ રે આર્યભોમ કેરાં,
પૂર્વજ મારાને પાપે ઓરાણાં હો...જી.
– સો સો રે સલામું૦

રઘુપતિ૨ રામ મારા રુદાનો વિસામો – એણે
ઋષિઓને વચને ખાધેલ ખોટ્યું હો...જી:
પ્રભુનામ ભજતો એણે પારાધી સંહારિયો રે
એનું ઘોર પાતક આજે ઊમટ્યું હો...જી!
– સો સો રે સલામું૦

છેદ્યાં, બાળ્યાં, ગારદ કીધાં પૃથવીના પેટમાં, ને
અસૂરો કહીને કાઢ્યા વનવાસ જી:
જીવતાંને કાજે જુદી નરકું બંધાવિયું, ને
સદાનાં નરાધમ રાખ્યાં દાસીદાસ જી.
– સો સો રે સલામું૦

સમર્થોની સત્તા, સંતો, ધુતારાની ધૂતણબાજી,
કૂડિયા ગુરુની કૈં કૈં કરામાત જી:
એનીઉ તો વણાવી ધીંગી ધરમધજાઓ, એને
ભાંડું કેરે રગતે રંગી ભલી ભાત જી.
– સો સો રે સલામું૦

એવી એવી ઝડીઓ મારાં સહોદરો ઝીલતાં, ને
ધરમધજા કેરે ક્યારે સિંચાણાં હો...જી:

રુદામાં શમાવી સરવે રુદનપિયાલા, વા'લાં
હરિ કેરા રથડા હેઠળ પિલાણાં હો...જી.
– સો સો રે સલામું૦

રથના સારથિડા – સુણજો, સાધુ ને ગુંસાઈ સરવે,
કડાકા કરે છે રથની ધરીઓ હો...જીઃ
જુઓ જુઓ જુગનો ભેરવ ઊભો વાટ ખાળી આજે,
ભીતર તો નિહાળોઃ હરિ ક્યાં પળિયો હો...જી.
– સો સો રે સલામું૦

જુગનો મહારાજા આજે મહાકાળ જાગિયો, ને
ધરમ કેરા ધારણ-કાંટા માંડે હો...જીઃ
સતને ત્રાજવડેજ મારાં કલેજાં ચડાવિયાં મેં,
શીશ તો નમાવ્યું શાસનદંડે હો...જી.
– સો સો રે સલામું૦

હરિ કેરાં તેડાં અમને – આવી છે વધામણી રે,
દલિતોને ઉત્સવ હાકલ પડી છે હો...જી;
હસતાં મુખડાંની અમને વિદાયું દિયો રે, વા'લાં!
રખે કોઈ રોકે નયણાં રડીને હો...જી!
– સો સો રે સલામું૦

**– ઝવેરચંદ મેઘાણી**

મેઘાણીનું ગાંધીજી-વિષયક કાવ્ય 'છેલ્લો કટોરો' ગુજરાતી સાહિત્યમાં ઘણી પ્રસિદ્ધિ પામ્યું છે. એને ગાંધીજીનું પ્રમાણપત્ર પણ સાંપડેલ છે. પણ ગાંધીજીવિષયક બીજું એક મેઘાણી-કાવ્ય 'છેલ્લી સલામ' મને આનાથીયે ચડિયાતું ભાસે છે.

અસ્પૃશ્યો માટે અલગ મતદારમંડળો રચવાનો અંગ્રેજ સરકારનો નિર્ણય જાહેર થયો તેના વિરોધમાં ગાંધીજીએ અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કર્યા, એ પ્રસંગને અનુલક્ષીને 'છેલ્લી સલામ' કાવ્ય રચાયેલું છે. ગાંધીજીએ એ સ્પષ્ટ કર્યું હતું કે ઉપવાસ કરવામાં પોતાનો ઉદ્દેશ સરકાર ઉપર દબાણ લાવવાનો નહીં પણ સવર્ણ હિંદુઓની ન્યાયવૃત્તિ જાગ્રત કરવાનો છે, જેથી તેઓ અસ્પૃશ્યો પ્રત્યે ભેદભાવ રાખતા બંધ થાય અને અસ્પૃશ્યો માટે અલગ મતદારમંડળોની જરૂર ન રહે. સવર્ણોએ અસ્પૃશ્યો પર ગુજારેલા સિતમો અને એને લઈને ગાંધીજીને થતી અપાર વેદનાનો એકમાત્ર દોર લઈને મેઘાણીએ 'છેલ્લી સલામ' કાવ્ય રચ્યું છે.

કાવ્ય ઐતિહાસિક છે. પણ કાવ્યમાં એની ઐતિહાસિકતાનો નિર્દેશ નથી – ન ગાંધીનો, ન એમના અનશનનો, ન અનશનના કારણનો. આપણે એ ઐતિહાસિકતાને લઈને કાવ્યમાં પ્રવેશવાનું છે. કાવ્યમાં આપણે પરાકાષ્ઠાની નજીકની ક્ષણે પ્રવેશીએ છીએ. અનિશ્ચિત મુદતનું અનશન મરણાન્તક પણ બને. ગાંધીજી મરણાસન્ન સ્થિતિએથી બોલી રહ્યા છે, વિદાય માગી રહ્યા છે, એ રીતે કાવ્યનો આરંભ થાય છે. વિદાય હમેશાં હૃદયને આર્દ્ર કરનારી હોય છે, પણ આ તો ગાંધીની વિદાય છે – એક મહા આત્માનું મહાન હેતુ કાજે આત્મસમર્પણ છે. એ આપણને હલાવી મૂક્યા વિના રહે નહીં. પણ ગાંધીજીનો પોતાનો સ્વર તો શાતાભર્યો છે, પ્રેમનીતરતો છે, ક્ષમાભાવભર્યો છે. એ સલામ પાઠવે છે ને જુહાર કરે છે સૌ પ્રથમ 'મારાં ભાંડુડાં'ને. આ 'મારાં ભાંડુડાં' કોણ ? કાવ્યમાં પછીથી આવતી પંક્તિ ''એની તો વણાવી ધીંગી ધરમ ધજાઓ, એને ભાંડું કેરે રગતે રંગી ભલી ભાત''ને યાદ કરીએ, તો સમજાય કે 'મારાં ભાંડુડાં' એટલે જેમને ખાતર ગાંધીજીએ પોતાના જીવનને હોડમાં મૂક્યું છે એ દલિતો. પહેલી વિદાય-સલામ તો એમને જ હોય ને ! પણ જગપ્રેમી ગાંધી કંઈ જગતને, અને પોતાના વિરોધીઓને પણ, થોડા વીસરી શકે ? ''મળાયું ન તેને સહુને માફામાફ કે'જો, ને રુદિયામાં રાખી અમને રે'જો'' એ ઉદ્‌ગાર બતાવે છે કે ગાંધીજી જગતને પ્રેમ કરનારા માત્ર ન હતા, જગતનો પ્રેમ ચાહનારા પણ હતા. એમાં જ પ્રેમની પરિપૂર્ણતા છે ને ? આ કડીમાં ગાંધીજીની નરી નમ્રતા, નરી નિર્વૈરતા, નરી

પ્રેમમયતાનો સ્પર્શ આપણે અનુભવીએ છીએ અને એ દ્વારા એમના વ્યક્તિત્વની અસાધારણતા, લોકોત્તરતા પ્રતીત કરીએ છીએ.

હવે આત્મસમર્પણનો ઉત્કટ ભાવ. કેવો ઉત્કટ ? ''ટીપે ટીપે શોણિત મારાં તોળી તોળી આપું''. શોણિત તોળી આપવાની વાત જ આત્મસમર્પણની ઉત્કટતા વ્યક્ત કરવા સમર્થ છે, પણ ''ટીપે ટીપે'' ''તોળી તોળી'' એ દ્વિરુક્ત પ્રયોગથી સમર્પણભાવની ઉત્કટતા ગાઢી બને છે. ''ટીપે ટીપે'' એટલે એક એક ટીપું આપીને નહીં, પણ એકેએક ટીપું, ટીપેટીપું આપીને. શિબિ રાજાએ શરણે આવેલા હોલાને બચાવવા સામા છાબડામાં પોતાના શરીરનું માંસ ટુકડે ટુકડે મૂકતા જઈને અંતે આખું શરીર ધરી દીધેલું, એ ભવ્ય આત્મસમર્પણકથા આપણને અહીં યાદ આવે.

ભૂતકાળનાં પ્રજાકીય પાપનાં, પૂર્વજોનાં પાપનાં બે દૃષ્ટાંતો અહીં અપાયેલાં છે. એ આર્યપ્રજાએ અનાર્યપ્રજા પર ગુજારેલ અત્યાચારનાં દૃષ્ટાંતો છે. ''મારા પૂર્વજ'' કહીને ગાંધીજી પોતાને પણ એ પાપના વારસદાર–ભાગીદાર બનાવે છે.

નાગલોકો પરના અર્જુનના અત્યાચારની વાત તો ઠીક, પણ ખુદ રામે ઊઠીને શૂદ્ર તપસ્વી શંબૂકને કરેલા અન્યાયની વાત ગાંધીજીના મુખમાં મૂકવાનું કામ જરા કપરું કહેવાય. પણ મેઘાણીની ઔચિત્યબુદ્ધિને, એમના અભિવ્યક્તિકૌશલને આપણે દાદ દેવી પડે. ''રઘુપતિ રામ મારા રુદાનો વિસામો'' એવા ઉદ્‌ગારથી પ્રથમ ગાંધીજીની રામભક્તિને સુંદર રીતે ઉઠાવ આપ્યો, અને પછી ''ઋષિઓને વચને ખાધેલ ખોટ્યું'' એમ જરા હળવાશથી – કહો કે બચાવનામા સાથે – એમના દોષની રજૂઆત કરી દીધી. રામ પ્રત્યેનો આદર ઓછો થતો નથી, પણ એમનો દોષ તે દોષ જ રહે છે, ને એનાં પરિણામ આજ સુધી પહોંચે છે – ''એનું ઘોર પાતક આજે ઊમટ્યું...!''

પણ હવે તો અવધિ આવી છે. ગાંધીજી પોકારીને કહે છે, ''રથના સારથિડા – સુણજો, સાધુ ને ગુંસાઈ સરવે, કડાકા કરે છે રથની ધરીઓ.'' હરિરથ તો ભલે રહ્યો પણ, ગાંધીજી હળવેથી ધ્યાન દોરે છે – ''ભીતર તો નિહાળો : હરિ ક્યાં પળિયો ?'' ધર્મનું ખોખું જ રહ્યું છે, એનો આત્મા તો રિસાઈ ગયો છે. આ અન્યાય-અત્યાચાર કંઈ ઈશ્વરને માન્ય હોય ?

નવા યુગનાં મંડાણ થયાં છે, અને એની માગ છે પરિવર્તનની. ''જુઓ જુઓ જુગનો ભેરવ ઊભો વાટ ખાળી આજે'', ''જુગનો મહારાજા આજે મહાકાળ જાગિયો'' એ પંક્તિઓમાં આ વાત મેઘાણીએ પ્રભાવક રીતે મૂકી છે. ધર્મના ધારણ-કાંટા આજે નવેસરથી મંડાયા છે. એક નવા ધર્મમૂલ્યની સ્થાપના માટે ગાંધી પોતાનું બલિદાન આપવા તત્પર થયા છે : ''સતને ત્રાજવડે મારાં કલેજાં ચડાવિયાં મેં, શીશ તો નમાવ્યું શાસનદંડે.'' કાવ્યના આરંભે આવેલી ''ટીપે ટીપે શોણિત મારાં તોળી તોળી આપું'' એ પંક્તિ અહીં યાદ આવે. પણ ત્યાં કેવળ પાપના પ્રાયશ્ચિત્ત રૂપે જીવનસમર્પણનો ભાવ હતો. અહીં એ તો છે જ, પણ એ ઈશ્વરી શાસન સ્વીકારવાની તૈયારીરૂપે આવે છે – ''શીશ તો નમાવ્યું શાસનદંડે.'' એમાં પરમ ઈશ્વરશરણતા અને નમ્રતા વ્યક્ત થાય છે. વળી, અહીં કેવળ પાપના પ્રાયશ્ચિત્તનો ભાવ નથી; સત્યધર્મની – ન્યાયધર્મની સ્થાપના અર્થે આત્મસમર્પણનો અતિ ઉદાત્ત ભાવ પણ છે. રોશ અને આક્રોશનું જાણે શાંત, નિર્મળ આત્મસમર્પણભાવમાં શમન થાય છે. એક માનવઆત્મા કેટલી ઊંચાઈએ પહોંચી શકે તેનું પાવનકારી દર્શન એમાં થાય છે.

ફરી પાછાં વિદાયવચનો. દલિતોની યાતનામય જીવનસ્થિતિ માટેની ગાંધીજીની હૃદયની વેદના કાવ્યની પંક્તિએ પંક્તિમાંથી નીતરે છે, પણ વિદાયની કોઈ વેદના નથી. આ તો વધામણી આવી છે – શુભ સમાચાર, આનંદના સમાચાર, મંગલ અવસર આવ્યો છે. દલિતોનો મુક્તિયજ્ઞ મંડાયો છે, એમાં ગાંધીના નામની હાકલ પડી છે. ને આ તો હરિનું તેડું છે. એનો શોક શાનો હોય ? માટે જ તો ગાંધીજી કહે છે : ''હસતાં મુખડાંની અમને વિદાયું દિયો રે, વાલાં ! રખે કોઈ રોકે નયણાં રડીને.'' હસતે મુખે અને આંસુવિહીન આંખે – આનંદપૂર્વકની વિદાયને કવિએ મૂર્તતા અર્પી છે. હરિશરણ અને ધર્મપાલનના આવા પ્રસન્નમંગલ ધ્વનિ સાથે કાવ્ય સમાપ્તિ પામે છે, એમાં ગાંધીજીનું કેવું ઉજ્જ્વલ સંતત્વ પ્રગટ થાય છે !

હૃદયને વલોવી નાખનારો વિશયવિભાવ – દલિતવર્ગની યાતનાભરી અધમદશા, એને અવલંબીને પ્રગટ થતું ગાંધીજીનું ભવ્યોજ્જ્વલ સંતચરિત્ર, એને સમર્થ રીતે અભિવ્યક્ત કરતાં ભજનવાણી ને ભજનસૂર – આ બધું આ કાવ્યને ઘણે ઊંચે સ્થાને સ્થાપે છે. ભાવદ્રવ્ય અને અભિવ્યક્તિકળા, બન્નેની અસામાન્યતા લઈને 'છેલ્લી સલામ' આવે છે અને આપણા ચિત્તને ઊર્ધ્વલોકની યાત્રા કરાવે છે.

❀

# પ્રગટાવે જે નિજ સાહસ કણ (Venture Particle) પામે તે શિક્ષણ ઉત્તમ

**ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી,**
પૂર્વ ઉપકુલપતિ, હેમ. ઉ. ગુ. યુનિવર્સિટી

**પ્રસ્તાવના :** ઉત્ક્રાંતિની અનેક પ્રક્રિયાઓમાંથી સદીઓથી પસાર થતો રહેલો માનવી અનેક શક્તિઓની સંભાવનાઓની અને શક્યતાઓની મૂડી ધરાવે છે. એ મૂડીનો યોગ્ય સમયે ઉપયોગ કરવો એ એના વિકાસની પ્રથમ શરત ગણાય છે. જો એ પોતાની જાતે, તેમજ અન્યોની પ્રેરણા અને સહાય વડે, એ મૂડીને વાપરતો ન રહે કે એ મૂડીમાં નવું ઉમેરણ (Value addition) ન કરતો રહે તો જીવન જીવવાની કશ્મકશ અને સ્પર્ધામાં એ પાછળ પડી જાય, એટલું જ નહીં પણ કટોકટી ઊભી થતાં જિંદગીનો જંગ હારી જાય અને સર્વનાશનો પણ ભોગ બની જાય. અગાઉની અનેક સદીઓનો ઇતિહાસ માનવીની અને એના સમાજની ચડતી-પડતીનો જ ઇતિહાસ છે ને ?

ઉચ્ચ શિક્ષણ લેતો વિદ્યાર્થી પણ એ જ માનવ સમાજનો એક સભ્ય છે અને એ નાતે માનવીના વિકાસની ચડતી-પડતીનો એ પણ એક સાથીદાર છે. આથી જ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓએ એમના સંચાલકોએ, એમના અધ્યાપકોએ અને એ રીતે ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલા સૌ લોકોએ [Stake holders] વિદ્યાર્થીના વિકાસ વિશે, એને સાધવાની પ્રેરણા અને પ્રોત્સાહનો વિશે, એમની વિકાસયાત્રા માટે પૂરા પાડવાના અનેકવિધ ભાથા વિશે સચિંત રહેવું જોઈએ અને એ દિશામાં આવશ્યક વિવિધ સગવડોનો પ્રબંધ કરતા રહેવું જોઈએ.

**ઉચ્ચ શિક્ષણ :** સંસ્થાગત ઉચ્ચશિક્ષણ લેનાર વિદ્યાર્થી વયજૂથ ૧૮-૨૫નો સામાન્ય રીતે હોય છે. અલબત્ત, શિક્ષણ તો વ્યક્તિના સમગ્રજીવન [Life-Long] દરમિયાન ચાલતી પ્રવૃત્તિ છે. હવે તો સમગ્ર પર્યાવરણ સામાજિક અને વૈશ્વિક સંદર્ભ અને દૂરવર્તી શિક્ષણ [Distance Education]ના ટેકનોલૉજી સહાયિત (Technology Enabled] અનેકાનેક કાર્યક્રમો - એ બધાંયે સાથે મળીને દિન-રાત, વ્યક્તિને જાતે જ શીખવા [self - Learnig]ની તકો પૂરી પાડે છે, અરે એ પૈકી કેટલાંક તો ઘણાં આક્રમક [aggressive] જોવાં મળી છે. મૂલતઃ ઉચ્ચ શિક્ષણ લેનાર વયજૂથ ૧૮-૨૫નો વિદ્યાર્થી પોતાની મેળે જ આત્મશિક્ષણ મેળવતાની ક્ષમતા વિકસાવે એ જ્ઞાનયુગ [knowledge age]ની ૨૧મી સદીનો તકાજો છે, તક છે, પડકાર છે અને તે ઉચ્ચ શિક્ષણ લઈ રહેલી યુવા પેઢીએ ઝાલી લેવાં જ રહ્યાં અને એમની એ ઝીલવાની ક્ષમતા ઉચ્ચશિક્ષણમાં સર્વત્ર વિકસાવતા રહેવાની નોબત હવે આવી ચૂકી છે. આમ ઉચ્ચ શિક્ષણ એટલે આત્મશિક્ષણ, સ્વયં આયોજિત, સ્વયં નિર્દિષ્ટ, સ્વયં સંચાલિત અને સ્વયંમૂલ્યાંકિત શિક્ષણ – એવું સમીકરણ હવે તો સ્થાપિત થઈ ચૂક્યું છે. તો જ ઉચ્ચ શિક્ષણના નૂતન ઉદ્દેશો (Goal) સાકાર થઈ શકે એ આજના શિક્ષણજગતની વાસ્તવિકતા છે.

**ઉચ્ચશિક્ષણના ઉદ્દેશો :** ઉચ્ચશિક્ષણ લેનાર ગ્રાહકો [customers] એટલે કે વયજૂથ ૧૮-૨૫નો યુવા વર્ગ વર્તમાન યુગમાં બે નિસબતો ધરાવે છે. એક છે પોતાના દેશ સાથેની નિસબત, બીજી છે વિશ્વ સાથેની નિસ્બત. પરિણામે ઉચ્ચ શિક્ષણ પણ બંને નિસબતો સાથે સંકળાયેલું હોવું જરૂરી છે. આથી જ તો વિશ્વકક્ષાએ ઉચ્ચ શિક્ષણના ઉદ્દેશોને યુનેસ્કોએ નીચેનાં ચાર પરિણામ આપ્યાં છે.

(૧) અસ્તિત્વ માટેનું શિક્ષણ [Education to be]

(૨) ક્રિયાત્મકતા/ઉત્પાદકતા/ સર્જનશીલતા માટેનું શિક્ષણ [Education to do]

(૩) શિક્ષણ/આત્મશિક્ષણ માટેનું શિક્ષણ [Education to learn]

(૪) જીવન જીવવા / સમાજમાં સમાજ સાથે, સમાજ માટે જીવવા માટેનું શિક્ષણ [Education to live]

વર્ષ ૧૯૯૧ એટલે કે વીસમી સદીના છેલ્લા દાયકાથી શરૂ કરીને વિશ્વમાં એક નવી જ આબોહવા ફેલાવા માંડી જેને ઉદારીકરણ [Liberalisation], ખાનગીકરણ [Privatisation] અને વૈશ્વિકીકરણ [Globalisation] [L. P. G.]ના નામે ઓળખાય છે. એ આબોહવા માનવ-સમાજનાં વિવિધ જીવનક્ષેત્રો જેવાં કે રાજકારણ, અર્થકારણ, વ્યવસ્થાપન, શિક્ષણ વહીવટ અને સંચાલન વગેરે પર પ્રચંડ પ્રભાવ પાડવા લાગી છે. આ ધ્યાનમાં રાખીને વિશ્વ બૅંક જેવી વિશ્વકક્ષાની સંસ્થાએ ૨૧મી સદીમાં ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરનારાં યુવક-યુવતીઓ કેવી ક્ષમતાઓ ધરાવતા હોવાં જોઈએ તેની એક યાદી વિશ્વના દેશોને સૂચવી છે જે નીચે જેવી છે. [વિશ્વ બૅંકના ટાસ્ક ફોર્સનો હેવાલ વર્ષ : ૨૦૦૦]

(૧) સ્નાતક સ્પષ્ટ, સુચારુ અને અસરકારક રીતે વિચાર કરી શકતો હોવો જોઈએ.

(૨) એ સુસ્પષ્ટ રીતે શુદ્ધ પ્રભાવશાળી ભાષામાં બોલીને તેમજ લખીને પોતાના વિચારો વ્યક્ત કરી શકતો હોવો જોઈએ.

(૩) એ જ્ઞાન વિશે, જ્ઞાન પ્રાપ્તિ વિશે અને જ્ઞાનના ઉપયોગ વિશે તર્કબદ્ધ રીતે વિચારી, તેની મીમાંસા કરી શકતો હોવો જોઈએ.

(૪) પોતાની જાત વિશે, સમાજ વિશે અને માનવજાત વિશે એમની ચિંતાઓ અને આકાંક્ષાઓ વિશે પોતાના પુખ્ત વિચારો અને નિર્ણયો કહી શકતો હોવો જોઈએ.

(૫) એ દુનિયાનાં વિવિધ સંસ્કૃતિઓની વિશદ્ જાણકારી ધરાવતો હોય અને એમના પ્રાચીન ઇતિહાસ તેમજ વર્તમાન સ્વરૂપ વિશે યથાયોગ્ય અને એમના પ્રાચીન ઇતિહાસ તેમજ વર્તમાન સ્વરૂપ વિશે યથાયોગ્ય જાણકારી ધરાવતો હોય અને એમના વિશે નિર્ણયો લઈ શકતો હોવો જોઈએ.

(૬) એ માનવસમાજની નૈતિક વિવિધતા અને આવશ્યકતાઓની કદર કરી શકતો હોય અને જવાબદારીપૂર્વક એમને લગતાં મૂલ્યાંકન કરવાની શક્તિ અને નૈતિક હિંમત ધરાવતો હોવો જોઈએ.

(૭) એ વિશ્વસમાજની વિવિધ ઉત્પાદક પ્રવૃત્તિઓ, સર્જનાત્મક કાર્યો અને વિકાસલક્ષી ઉપયોજનો માટેની ક્ષમતાઓ ધરાવતો હોવો જોઈએ. આ તો થઈ વૈશ્વિક નિસબતને અનુરૂપ ઉચ્ચશિક્ષણના ઉદ્દેશોની વાત. હવે દેશ સંબંધી જરૂરિયાતોને અનુરૂપ ભારતની ૧૨મી પંચવર્ષીય યોજનામાં જણાવેલા ઉચ્ચ શિક્ષણના ઉદ્દેશોને જોઈએ.

(૧) ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત યુવક/યુવતી દેશના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસને શક્ય તમામ રીતે વેગ આપવાની ક્ષમતાઓ ધરાવતાં હોવાં જોઈએ.

(૨) તેમના વ્યક્તિત્વમાં નીચેની પાંચ આવડતો પૂરેપૂરી રીતે વિકસી ચૂકી હોવી જોઈએ.

(ક) સમયનું વ્યવસ્થાપન (ખ) તણાવ નીચે સહજતાથી અને અસરકારક રીતે કામ કરવાની શક્તિ (ગ) વિગતોની ઝીણવટપૂર્વકની સમજ (ઘ) અભિવ્યક્તિ શક્તિ (ચ) અનેક કામગીરી એકસાથે કરવાની શક્તિ [Multi Tasking]

(૩) તેમની કાર્યશક્તિમાં નીચેનાં કૌશલ્યો વિકસાવેલાં હોવાં જોઈએ : (ક) લવચીકતા (ખ) નવપ્રવર્તન શક્તિ (ગ) સર્જનશીલતા (ઘ) ઉદ્યોગ સાહસિકતા (ચ) સમૂહકાર્યની ભાવના (છ) વિવિધ કામગીરીઓની કાર્યપટુતા.

વર્ષ ૧૯૯૪માં સ્થપાયેલી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ગુણવત્તાનું પ્રોત્સાહન અને પ્રામાણીકરણનો વિકાસ કરવા માટે નીતિનિર્ધારણ અને મૂલ્યાંકન કરતી સંસ્થા NAAC દ્વારા ઉચ્ચશિક્ષણના નીચેના ઉદ્દેશોનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.

(૧) ઉચ્ચશિક્ષણ દ્વારા દેશનો સર્વતોમુખી વિકાસ થવો જોઈએ.

(૨) ઉચ્ચશિક્ષણના ફળરૂપે વિદ્યાર્થીઓમાં વૈશ્વિકદષ્ટિ કેળવાય એવા પ્રબંધો થવા જોઈએ.

(૩) ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરનાર વ્યક્તિમાં આધુનિક ટૅકનોલૉજીનો વ્યાપક અને સક્ષમ ઉપયોગ કરવાનાં કૌશલ્યો વિકસ્યાં હોવાં જોઈએ.

(૪) ઉચ્ચ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ મૂલ્યો

દૃઢપણે વિકસ્યાં હોવાં જોઈએ.

(૫) ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત સ્નાતક ઉત્તમતા [Excellence]નો ચાહક, ઉપાસક, સાધક અને તેનો આજીવન વિદ્યોપાસક બન્યો હોવો જોઈએ.

**ઉચ્ચશિક્ષણ લેતો વિદ્યાર્થી :** ઉચ્ચશિક્ષણનું નામ જ સૂચવે છે કે એ ''ઉચ્ચ'' કક્ષાનું શિક્ષણ છે, એ ફક્ત ''અનુ-માધ્યમિક શાલેય'' શિક્ષણ હરગીઝ નથી. તેથી જ તો વિશ્વકક્ષા અને રાષ્ટ્રકક્ષા બંનેની નિસબતને અનુરૂપ સૂચવાયેલા શિક્ષણની તરાહ અને એના ઉદ્દેશોમાં એક પ્રકારનું પડકાર તત્ત્વ [challenge], સ્વશિક્ષણનું તત્ત્વ, આત્મઓળખનું તત્ત્વ, જોખમ ખેડવાનું તત્ત્વ, ભૂલ કરવા અને નિષ્ફળ જવાની છૂટ આપનારું તત્ત્વ અનિવાર્ય ગણાયું છે અને યાદ રહે કે ઉચ્ચશિક્ષણ લેવા આવતો વિદ્યાર્થી એવી તો માનસિકશક્તિઓ ધરાવતો હોય છે જેના બુદ્ધિપૂર્વકના, કલ્પનાશીલ, હિંમતભર્યા ઉપયોગ દ્વારા એ પેલા બંને પ્રકારના ઉદ્દેશો ચરિતાર્થ કરી શકે છે, જરૂર છે એની એ શક્તિઓને યોગ્ય પ્રોત્સાહનો, માર્ગદર્શન, સલાહ, પ્રતિપોષણો [Feed Back] દ્વારા પ્રગટ કરવા એને પ્રેરીને જ્ઞાનની સરહદો ખેડવા ઉદ્યુત કરવામાં આવે. હાવર્ડ યુનિવર્સિટીના મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક હાવર્ડ ગાર્ડનરે યુવા વિદ્યાર્થીમાં નીચેની વિવિધ બુદ્ધિશક્તિઓ આવેલી છે તેનું પ્રતિપાદન કરેલ છે.

(૧) તર્કશક્તિ, પરા તર્કશક્તિ [Cognitive/ metacognitive intelligent]
(૨) સાંવેગિક બુદ્ધિશક્તિ [Emotonal Intelligence]
(૩) સામાજિક બુદ્ધિશક્તિ [Social Intelligence]
(૪) ક્રિયાલક્ષી બુદ્ધિશક્તિ [knesthetic Intelligence]
(૫) સંગીતકલાલક્ષી બુદ્ધિશક્તિ [Musical Intelligence]
(૬) ભાષાકીય બુદ્ધિશક્તિ [Linguistic Intelligence]
(૭) ગાણિતિક બુદ્ધિશક્તિ [Mathematical Intelligence]

આ શક્તિઓના ખજાના જંગી છે. એમનાં ઘટકોમાં અનેક કોશ હોય છે. કોશના અનેક સૂક્ષ્મરૂપ કણ [Micro Partiles] હોય છે. એ બધાં વચ્ચે અરસપરસ અસંખ્ય આદાનપ્રદાન [interaction] અને અથડામણો થતી હોય છે. વ્યક્તિ ધારે એટલા અને એવા અસંખ્ય નવાં-નવાં સ્વરૂપો પેદા કરી શકતી હોય છે. જરૂર છે વ્યક્તિના પક્ષે સજાગતા, સભાનતા, તત્પરતા, ક્રિયાશીલતા, ઉત્પાદકતા, સમાયોજન ક્ષમતા – ટૂંકમાં એવું વ્યક્તિત્વ જે સદાબહાર, સદા જીવંત, સદા ચેતનશીલ, સદાસર્જનશીલ, સદાઅભિક્રમ લેનારું, સદા સરહદોની આરપાર અતિક્રમણ કરી નવાં-નવાં સાહસો ખેડનારું.

આ માટે જોઈએ અનુકૂળ પર્યાવરણ, પ્રેરક આબોહવા, અનેક તણખા પેદા કરનારી શિક્ષણ પદ્ધતિ, અનેક વિકલ્પો આપનારી આધાર-માળખા [Infrastructure]ની સુવિધાઓ અને વિદ્યાર્થીને ગગનવિહાર કરવાની સહુલિયતોની ઉપલબ્ધિ, જરૂરી છે ચિનગારીની. કવિ નીદા ફાજલીએ આવું જ કહ્યું છે.

**આવો, કહીં સે ઢૂંઢ લાવો એક ચિનગારી ઐ દોસ્તો,**
**ઈસ દિયે મેં તેલ ઔર બાતી તો હૈ.**

**ચેતનાનું શિક્ષણ :** શિક્ષણને ચેતનવંતું બનાવવાનો એક ઉપાય તે પ્રત્યેક વિદ્યાર્થીમાં રહેલી આંતરશક્તિઓના યોગ્ય સંમિશ્રણ દ્વારા એક અથવા વધુ ચેતનાકણ, સાહસકણનું નિર્માણ કરવામાં સહાય કરવી જેથી એ કણ/કણો ઉદ્દીપ્ત થઈ વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વને સ્વ-અધ્યયનમાં ઉત્સાહપૂર્વક પરોવી દે. આ માટે સલામત માર્ગ છે એક વર્ગ. અને તેનો એક વિષય એક સેમેસ્ટર/સત્રમાં શીખવવાનું આયોજન કરવું. શક્ય હોય ત્યાં એક જ વર્ષમાં બે વર્ગો હોય તો એક નિયંત્રિત વર્ગ રાખવો અને બીજો પ્રાયોગિક વર્ગ બનાવવો. જો એક જ વર્ગ હોય તો એના બે ભાગ પાડી એક ભાગ નિયંત્રિત રાખવો અને બીજો પ્રાયોગિક રાખવો.

આમ કરવા માટેનું આયોજન નીચે જણાવેલાં સોપાનોમાં કરી શકાય.

સોપાન-૧ : સત્ર / સેમેસ્ટર શરૂ થાય તે પહેલાં શીખવવાના વિષયનું અગાઉ જણાવેલા રાષ્ટ્રીય/વૈશ્વિક નિસબત ધરાવતા ઉદ્દેશોના સંદર્ભે એકમોમાં વિભાજન કરવું. દરેક એકમ પદ્ધતિની દૃષ્ટિએ નીચે નિર્દેશેલની રીતે વહેંચવો.

(ક) શિક્ષકે ખુદ પ્રત્યક્ષ અધ્યાયન કરવાના મુદ્દા
(ખ) પ્રત્યેક વિદ્યાર્થીએ જાતે સ્વતંત્ર રીતે, સંદર્ભ/ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સ્વશિક્ષણ દ્વારા

શીખવાના મુદ્દા.

(ગ) બેકે તેથી વધુના જૂથમાં વિદ્યાર્થીઓએ શીખવાના મુદ્દા.

સોપાન-૨ : વિદ્યાર્થીઓની વ્યક્તિગત નોંધ (Profile) તૈયાર કરવી, જેમાં તેમની શક્તિઓ, સંભાવનાઓ, મર્યાદાઓ નોંધવી અને તે પરથી યોગ્ય મિશ્રણવાળા જૂથો રચવાં, જૂથોને/વ્યક્તિઓને કરવાની કાર્યસોંપણીનો નકશો તૈયાર કરવો.

સોપાન-૩ : સેમેસ્ટર/સત્રના પહેલા અઠવાડિયામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકની તાલીમ યોજવી જેમાં પ્રયોગસંબંધી માહિતી આપવી, કાર્યવહેંચણી સમજાવવી, કાર્યપદ્ધતિઓ જેવી કે જૂથકાર્ય, કમ્પ્યૂટર પરથી શોધ (Search) કરવાની પદ્ધતિ, એસાઈનમેન્ટ કરવાની રીતો, નેતૃત્વની કામગીરી, નોંધો/હેવાલો/મૂલ્યાંકન વગેરે કરવાની પદ્ધતિ અને પોતાનામાં રહેલી આંતરશક્તિઓને સજાગ કરી તેમાંથી સાહસકણ રચવાની પદ્ધતિ વગેરેની તાલીમ આપવી, સાહસકણો પૈકી નીચેની કામગીરીને લગતા સાહસકણ કેવી રીતે રચી શકાય તે સદૃષ્ટાંત સમજાવવું જરૂરી રહેશે.

(ક) જૂથના નેતૃત્વ માટે (ખ) જૂથના સહકારી સભ્ય બનવા માટે (ગ) સંદર્ભ માહિતી એકત્ર કરવા માટે (ઘ) ચર્ચાના હેવાલ લેખક બનવા માટે (ચ) હેવાલ પેશ કરવાની મૌખિક રજૂઆત કલા માટે. એક રસપ્રદ અનુભવ એ આપી શકાય કે જેના દ્વારા વિદ્યાર્થીનો સાહસકણ વિકસી શકે. એમાં યોગ, સાહસિક રમતો, ક્વીઝ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ, સમયબદ્ધ કામગીરી જેવા અનુભવો આપી શકાય.

સોપાન-૪ : મૂલ્યાંકન જે માટે ઉદ્દેશોના સંદર્ભે મૌખિક, લેખિત અને પ્રવૃત્તિસ્વરૂપની મૂલ્યાંકન કસોટીઓ બનાવવી જોઈએ. એનાં પરિણામ નોંધી, હેવાલ તૈયાર થાય. નિયંત્રિત અને પ્રાયોગિક જૂથોની મૂલ્યાંકન કસોટી દીઠ દેખાતી લબ્ધિની તુલના કરી, તે પરથી થયેલ પ્રયોગનું સમગ્ર અવલોકન કરવું જોઈએ અને તેને સ્ટાફ સભામાં ચર્ચા માટે રજૂ કરવું જોઈએ. ચર્ચા અને તુલનાત્મક ચિત્ર દ્વારા પ્રયોગને વ્યાપક સ્વરૂપ આપવા વિચારવું જોઈએ. ખાસ તો આ પ્રયોગ દ્વારા પ્રત્યેક વિદ્યાર્થીમાં નેતૃત્વ, સ્વાધ્યાય, સ્વાશ્રય, પરાસ્પરાવલંબન, પહેલવૃત્તિ, જોખમ અને કષ્ટ ઉપાડવા માટેની તત્પરતા અને નૈતિક હિંમત તેમજ પોતાની જવાબદારી નિભાવવાની તૈયારીના ગુણો સ્થાયી રીતે વિકસે એ જોવાનું છે.

અત્યારનું વર્ગખંડ તેમજ સંસ્થાકીય ઔપચારિક શિક્ષણ સર્વાંશે પરાવલંબન, પરતંત્રતા, હિંમતનો અભાવ, પહેલવૃત્તિનો અભાવ વગેરે જેવી ઊણપોથી ભરેલું નૈતિક કાયરતાને પોષતો નિરર્થક વ્યાયામ બની ગયું છે. એનું વિષવર્તુળ તોડવા સાહસકણના અભિગમ પર આધારિત સ્વાવલંબી શિક્ષણનો પ્રયોગ કાયમી ધોરણે કૉલેજો અને યુનિવર્સિટીઓ વિકસાવે એ માટેનો સમય પાકી ગયો છે.

**ઉપસંહાર :** આપણા દેશની ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ - યુનિવર્સિટીઓ અને કૉલેજો - ગતાનુગતિક ઘરેડમાં ચાલનારી, ઓછામાં ઓછું જોખમ લેનારી વૈચારિક સ્વાવલંબનને સદંતર અવગણતી, નવીનીકરણોથી અલિપ્ત રહેનારી અને સદાયે સલામતિ શોધતી એવી ફિક્કી, ઉત્સાહ અને અભિક્રમ શૂન્ય, સંસ્થાઓ તરીકે, બેળેબેળે જન્મારો વિતાવનારી સંસ્થાઓ તરીકે એમના ગ્રાહકોને એવા અધકચરા રાખીને સમાજમાં મોકલી આપે છે જેને ASSOCHAM જેવી સંસ્થાઓ 'નકામા' (Unemployable) યંત્રમાનવ (Robot) ગણી તરછોડતી હોય છે. આ આપણા ઉચ્ચશિક્ષણ ક્ષેત્રની હીણપત છે, અસ્વીકાર્ય અપમાનની સ્થિતિ છે. તેમાંથી ઉગારો પાળવાનો એક માર્ગ તે વિદ્યાર્થીના સાહસકણને પ્રગટાવવાના શિક્ષણની જોગવાઈ કરવી. એ માટેનો સમય આજ જ છે, અત્યારે જ છે અને અહીં જ છે, કારણ કે વિદ્યાર્થીઓ તો, કવિ શેખ આદમ આબુવાલાના શબ્દોમાં તંત્રવાહકોને ક્યારનાય લલકારી રહ્યા છે :

**અમને નાખો જિંદગીની આગમાં**
**આગને પણ ફેરવશું બાગમાં;**
**સર કરીશું આખરી સૌ મોરચા,**
**મોતને પણ આવવા દો લાગમાં.**

(ટાવર પાસે, બજારમાં, કલોલ.
જિ. ગાંધીનગર)

❖

# અસાઈતના ઓછાયા

ડૉ. કેશુભાઈ દેસાઈ

મારું વતન અને સાસરી – બેઉ તરગાળા જ્ઞાતિથી સુપરિચિત. ખેરાલુમાં જોકે લલ્લુ નાયકનું એક જ ઘર બચ્યું હતું – હેરિટેજ આઇટમ જેવું. પણ એમનો હક આખા ગામ પર. એટલે એમને જોયેલા ખરા, માણેલા નહીં. એ હોળી પછી પાંચમા દિવસે આસપાસની ભવાઈમંડળી બોલાવીને અમારા હોળી ચકલે ભવાઈવેશ ભજવાવતા. ભદ્રેસર તો ઈડર પંથકનું તરગાળિયું ગામ. આજે પણ નાયકો ('ભવાયા')નો આખો મહોલ્લો છે. ભલે આજીવિકાની શોધમાં ગામ છોડી મોટા ભાગના નાયકોએ મુંબઈ વહાલું કર્યું હોય પણ વતનની માયા છૂટી નથી. મારા વચેટ સાળા જશુભાઈને તો એ મુંબઈવાસી નાયકો સાથે પણ ઘરોબો. અંબાજી હાઈવે પર દરામલીના બસ સ્ટેન્ડ પાસે ગામઠી હોટલ ધરાવતા જૂની રંગભૂમિના કલાકાર જયશંકર જીવતા હતા ત્યાં સુધી મને ગામજમાઈ ગણી આદરપૂર્વક અને હઠાગ્રહપૂર્વક ચા પિવડાવતા. મારાં ધર્મપત્ની શાંતાબહેન એમને 'જલાકાકા' કહેતાં. એ જલાકાકા ભદ્રેસરના મતાદાર - મારા ધર્મપિતાના સૌજન્ય-શીલ સ્વભાવનાં વખાણ કરતાં થાકતા નહીં.

ખેરાલુનો અમારો દેસાઈવાડાનો ચૉરો આસપાસના વીસ-પચીસ ગાઉના પંથક માટે આશ્વાસન અને આશ્રયના સ્થાનકની પ્રતિષ્ઠા ધરાવતો હતો. નાનો હતો ત્યારે લખમણબાવાના સમોવડિયા ભેરુબંધ મારા મોટાભાઈ સાથે હું પણ એવા અતરાપી આગંતુકોની અલકમલકની વાતો સાંભળવા જતો. ઉમતા તો નાયકોનું જ ગામ. ઉમતા કે જાસ્કાના એક 'કવિ' એમની કવિત્વ શક્તિના ચમત્કાર સમા જોડકણાં – 'શીઘ્રકાવ્યો' સંભળાવતા. એમના કાવ્યસંગ્રહના પ્રકાશન માટે મદદ ઉઘરાવવા સખી દાતાઓ – ખેરાલુના 'દેસાઈસાહેબો'ને ટહેલ નાખેલી અને 'કાવ્ય કચુંબર' પ્રકાશિત પણ થયેલું, એવો આછેરો અણસાર છે.

પરંતુ અસાઈતનું નામ ઘણું મોડું સાંભળવામાં આવેલું. કદાચ એનું એક કારણ એ પણ હોઈ શકે કે નજીકના મંદ્રોપુર ગામના મારા બે સહપાઠી નાયકો – દશરથ અને છનાલાલને એમની ગરીબી સાથે ઝઝૂમીને બિન-નાયક શ્રેણીમાં સામેલ થઈ જવાની જ ધખના હતી. દશરથ તો અનામત કૅટેગરીમાં મેડિકલમાં પ્રવેશ મેળવીને ડૉક્ટર પણ થઈ ગયો. સરકારી નોકરી કરતાં કરતાં વૈભવશાળી બન્યો. આજે એનો પુત્ર ખેરાલુમાં જ બાળકોના રોગોના તજજ્ઞ તરીકે પ્રશંસનીય સેવાઓ આપી રહ્યો છે. દશરથના પિતા વાડીલાલ નાયક રાધેશ્યામ કથાવાચકના ગ્રંથો પર આધારિત કથાવાર્તા કહેતા. અકિંચન વાડીકાકા એક વાર અમારા ખેતરે આવેલા ત્યારે ખાનદાન આંજણાના ઘરને છાજે એવી દખણા આપેલી, એનું પણ સ્મરણ છે. અલબત્ત, એ વખતે સહપાઠીના પિતાને જાચકવેશમાં જોવાથી મેં ભારે ક્લેશ અનુભવેલો.

પરંતુ અસાઈતના આ વારસદારો તો એ રીતે જાચવા જવામાં કશી જ હીણપત ન અનુભવતા. એ એમનો વંશાનુગત વિશેષાધિકાર હતો. પોતે 'ઉમિયાના વારસ', એટલે પાટીદાર જજમાન પર એમનો જન્મજાત હક ગણાય.

અસાઈતની વિગતે ઓળખાણ તો વીસનગરમાં ઇન્ટર્નશિપ કરતી વેળાએ દંતકથારૂપ જયશંકર 'સુંદરી'ના સુપુત્ર ડૉ. દિનકર ભોજક સાથેના મેળાપ પછી થઈ. ૧૯૭૨-'૭૩નો મારો એ સમયગાળો મૂર્ચ્છિત સર્જકતાને સંકોરીને એમ. બી. બી. એસ.ની તબીબી ઉપાધિ ધરાવતા તરવરિયા તોખારને ભવિષ્યના શબ્દના બંદા લેખે પુનઃ પ્રજ્વલિત કરવામાં જ ખપી

ગયો. એ વખતે જ ઊંઝામાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની નિશ્રામાં 'અસાઈત સાહિત્ય સભા' આરંભાઈ હતી. મારા વડીલ પ્રશંસકો સ્વ. ગોરધનભાઈ પટેલ અને પ્રિ. કેશુભાઈ પટેલ - બેઉ અનુક્રમે વીસનગર અને માણસા ખાતે એમની શિક્ષણ-સંસ્થાઓમાં ભવાઈવેશ અને નાટકોનાં મંચન કરાવતા. કેશુભાઈ તો નાટ્યકળાના મરમી. 'જસમા ઓડણ' જેવાં બેલે ભજવીને વીસનગરને ફરી એક વાર નાટ્યનગરીની ઓળખ અપાવનાર સારસ્વતોમાં સુંદરી-સુત દિનકર ભોજક ઉપરાંત ખેરાલુના વતની અને મારા શાળાકાળના વર્ગશિક્ષક રમેશ ત્રિવેદી પણ સક્રિય હતા.

પરંતુ અસાઈતની અઠંગ ઉપાસના તો ઊંઝાનિવાસી વિનાયક રાવલે જ કરી. આનર્ત પ્રદેશને એની ભૂંસાઈ ગયેલી ઓળખ સંપડાવવામાં સૌથી વધુ સક્રિય રહેનાર આ ઉત્સાહી વિદ્યાપુરુષને હું તો અસાઈતના માનસપુત્ર તરીકે જ ઓળખાવવાનું પસંદ કરું. એમણે ઊંઝાના ડોલરિયા ગંજબજારમાં જીરા અને વરિયાળીના વેપારીઓ વચ્ચેથી ખોવાયેલા પૂર્વજને ખોળી કાઢ્યા, એટલું જ નહીં - એમણે અસાઈતને ઊંઝાના સ્થાન દેવતા તરીકે પુનઃ પ્રતિષ્ઠિત કર્યા. અસાઈત જાણે દીર્ઘ નિદ્રામાંથી જાગીને એમની કર્મભૂમિમાં ફરી પાછા સોળે કળાએ ખીલી રહ્યા. ઊંઝા આર્થિક દૃષ્ટિએ ગુજરાતનાં સધ્ધર નગરોમાં મોખરાનું સ્થાન ધરાવતું હોવા છતાં એની ભૌગોલિક સ્થિતિને લીધે ગુજરાતનાં મોટાં શહેરોની સરખામણીએ નાનું જ રહી ગયું. 'અસાઈત સાહિત્ય સભા' આટલી લાંબી કારકિર્દી પછી પણ ગુજરાતના સાંસ્કૃતિક પરિવેશમાં ગૌણ બની ગૂંગળાતી રહી એનું એક કારણ તો આ. બીજું અને વધુ મહત્ત્વનું કારણ કહેવાતા પ્રતિષ્ઠિતો દ્વારા કરાયેલી આયોજનપૂર્વકની ઉપેક્ષા. એમને જ્યારે પણ મોટાભા કરીને તેડાવાયા ત્યારે એ વિદ્વત્તાનો દ્રોણ પર્વત ઊંચકીને આવ્યા જરૂર, પણ સંજીવની બૂટી ધરાર ઘેર મૂકીને. એમણે ખરા દિલથી આ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવા ઉત્સુક સંસ્થાને વધાવી લીધી હોત તો આજે ચાર દાયકા પછી એ કેવળ વિનાયક રાવલની સંસ્થા કે ચિનુ મોદીના સૌજન્યથી ચાલતી સંસ્થા કરતાં ઘણી વ્યાપક ઓળખ ધરાવતી હોત. વિનાયકનું તપ છે, કબૂલ. પણ અસાઈત સાહિત્ય સભા તો સમસ્ત ગુજરાતનું ગૌરવ ગણાય. આજે એ અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવતી હોવા છતાં એનો થવો જોઈએ એવો મહિમા નથી થયો. એને મુખ્ય ધારાના સર્જકો સેકન્ડ રેટ સંસ્થા જ ગણે છે. અલબત્ત, એથી એના નાયક – નામજોગ વિનાયકને કશો જ ફરક નથી પડતો. એ તો હાથીની ગતમાં હંકાર્યે જ રાખે છે. ગુજરાતના વિશ્વપ્રવાસી નાટ્યાચાર્ય ચંદ્રવદન ચીમનલાલ મહેતાએ સંસ્થાનું ઊજળું ભવિષ્ય ભાખતાં કહેલું : 'અસાઈત સાહિત્યસભા તમે જે રીતે વિકસાવી રહ્યા છો તે રીતે એક દિવસે તે ગુજરાતની નહીં, ભારતની અગ્રગણ્ય સંસ્થા બની રહેશે.' વિવેચક ડૉ. રમણલાલ જોશીએ 'સમભાવ' દૈનિકની એમની કટાર 'વેરાનમાં અમીછાંટણાં'માં તા. ૨૦-૭-૧૯૯૬ના રોજ નોંધ્યું હતું : 'નાટ્યવિદ્યાના ક્ષેત્રમાં એક સંસ્થા તરીકે અસાઈત સાહિત્યસભાએ જે કામ કર્યું છે એવું બીજી કોઈ પણ સાહિત્યસંસ્થાએ કર્યું નથી.' પરંતુ ધીમંત પુરોહિતના નિમ્નાંકિત નિરીક્ષણમાં અસાઈત સાહિત્ય સભા પ્રત્યે ગુજરાતની એકસો નવ વરસ જૂની પ્રખર અને મુખર સાહિત્યસંસ્થાના વલણનો તાગ સાંપડે છે –

વિઝ્યુઅલ આર્ટ સેન્ટર, અસાઈત સાહિત્યસભા અને ગુજરાત સમાચાર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા નાટ્યોત્સવમાં શરૂમાં ગુજરાતી સાહિત્ય પરિષદ સંકળાયેલી હતી, પરંતુ બાદમાં પરિષદે ટેકો પાછો ખેંચી લીધો. છતાં મહોત્સવ રૂડી રીતે પાર પડ્યો.

('ગુજરાત ટુ ડે' / ૩૦ જૂન, ૧૯૯૧)

અસાઈતને એની આગવી ઓળખ છે. એટલે બીજા કોઈના પ્રશ્રય વગર પણ એ ટકી અને ફૂલીફાલી છે. વિનાયક રાવલ એમાં અક્ષરશઃ હોમાઈ ગયા છે. આમેય દિગ્વિજય કરવા નીકળેલા અશ્વમેઘના ઘોડાએ તો યજ્ઞમાં હોમાવાનું જ હોય છે. એ દૃષ્ટિએ જોતાં અસાઈત સાહિત્ય સભાનો ચાર દાયકાનો ઇતિહાસ એ અંગત રીતે વિનાયક રાવલ જેવા સંનિષ્ઠ સારસ્વતનું નિરંતર ચાલુ રહેલું ત્રાગું છે, જેમાં એમણે લોહી છાંટીને પોતાની માનસકન્યાને બહેલાવી છે. ક્યારેય, ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ હાર નહીં માનનારા વિનાયક

અસાઈત સાહિત્યસભાના સંસ્થાપક કે મેનેજિંગ ટ્રસ્ટી જ નહીં, એના ધબકતા હૃદય સમા છે. હૃદય એની ફરજ સમજીને સતત ધબકતું રહે છે એમ વિનાયક એમની અસાઈત પાછળ પોતાનું સર્વસ્વ હોમી દઈ એને એક પ્રતિષ્ઠાભરી ઊંચાઈ અર્પવા કૃતસંકલ્પ છે. છેલ્લાં ચાળીસ વર્ષો દરમિયાન સંસ્થાએ સૂકી-લીલી તો ઘણી જોઈ હશે, પણ એની જિજીવિષા અને વિજિગીષાનો જગતમાં જોટો જડવો મુશ્કેલ છે.

અસાઈત સાહિત્યસભાની અનેકવિધ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં અલબત્ત, નાટ્ય, નૃત્ય, સંગીત અને સાહિત્યની જ પ્રવૃત્તિ મુખ્ય રહી છે, પરંતુ એના નેજા હેઠળ જ ઊંઝામાં ઐતિહાસિક અખિલ ગુજરાત જોડણી પરિષદનું આયોજન થયું હતું. 'ઊંઝા જોડણી' એ દૃષ્ટિએ અસાઈત સાહિત્યસભાની જ બાયપ્રોડક્ટ ગણાય. એ જુદી વાત છે કે અસાઈતનંદન વિનાયક રાવલને એમના નામમાં 'વિ'ને બદલે 'વી' લખવાનું કઠ્યું હશે. એથી એમની સંસ્થા દ્વારા પ્રકાશિત તમામ પુસ્તકોમાં સાર્થ જોડણીકોશ વાળી ગાંધીમાન્ય જોડણી જ જોવા મળે છે. સંસ્થાનાં બાર એકમો પણ અવારનવાર સાંસ્કૃતિક કાર્યક્રમો અને સાહિત્યિક પરિસંવાદો યોજતાં રહે છે. એમાં એમને સ્થાનિક કેળવણીકારો અને સખી દાતાઓનો સહયોગ પણ સાંપડતો રહે છે. અસાઈત સાહિત્યસભા પાસે કર્મઠ છતાં બહુ ઓછા જાણીતા વિદ્વાનોની ફોજ છે, જે માન-અકરામ કે કદરદાનીની અપેક્ષા વગર પોતાની ફરજ સમજીને સંસ્થાને જીવતી રાખવા યોગદાન આપતા રહે છે. વીસનગરની મહિલા આર્ટ્સ કૉલેજના જયંતીભાઈ શાહ, બહારની દુનિયાને ઓછા પરિચિત છે, પરંતુ વીસનગરમાં દિનકર ભોજક સાથે સાહિત્ય પ્રવૃત્તિ ચલાવવામાં એ અગ્રેસર રહ્યા છે. પ્રકાંડ વક્તા અને 'આચાર્ય' શબ્દના સાચા અર્થમાં આચાર્ય એવા સ્વ. જિતેન્દ્ર દવેને અમદાવાદ સહિતનાં મોટાં શહેરમાં ચાલતી સાહિત્ય પ્રવૃત્તિ સાથે સંકળાવાની તક ન મળી નહીંતર એ આચાર્ય એસ. આર. ભટ્ટ અને યશવંત શુક્લની પંગતમાં બિરાજી શકે એ બરનું કાઠું ધરાવતા હતા. વિનાયક રાવલે આવાં ચીંથરે વીંટ્યાં રત્નોને એમના અસાઈતના મુગટમણિ બનાવી એક કરવા જેવું કામ કર્યું છે – એમ કહેવામાં અતિશયોક્તિ ન ગણાવી જોઈએ. ખાટલે ખોડ હોય તો એટલી કે આનર્તના આ સારસ્વતોએ એમના 'સ્પોકન વર્ડ' – ઉચ્ચરિત શબ્દને ગ્રંથસ્થ કરવામાં ભારે બેપરવાઈ સેવી. એથી એમની હયાતીમાં ડુંગર જેવડા લાગતા સાક્ષરો અવસાન પછી સાવ જ ખોવાઈ ગયા. 'નામશેષ'માં તો નામ પણ વાગોળાતું રહે છે. આ સાક્ષરો – જિતેન્દ્ર દવે અને કાન્તિ રામી જેવા વિદ્વાન સારસ્વતોનું તો નામ સુધ્ધાં નવી પેઢી માટે નવું બની રહ્યું !

અસાઈત સાહિત્યસભા ફક્ત ઉત્તર ગુજરાતની સંસ્થા ન બની જાય, એની વિનાયક રાવલે બરાબર કાળજી રાખી છે. સભાએ છેલ્લે મધુ રાયનાં અપ્રાપ્ય નાટકોનું પુનઃ પ્રકાશન કર્યું ત્યારે યોજાયેલ લોકાર્પણ પર્વમાં હું હાજર હતો. ચિનુ મોદી અસાઈત સાહિત્યસભાના પ્રમુખ જ નહીં, એ એનો પ્રાણ છે. વિનાયક રાવલે ચિનુભાઈને રીતસર અભિનવ અસાઈત તરીકે ઉપાસ્યા છે. ચિનુભાઈ ઉપરાંત લાભશંકર ઠાકર, રમેશ શાહ, ઇંદુ પુવાર, સુભાષ શાહ, રવીન્દ્ર પારેખ, રમેશ પારેખ, ભરત દવે, હરિકૃષ્ણ પાઠક અને ઉશનસ્ જેવા નાટ્યકારોનાં નાટકો પ્રકાશિત કરીને સંસ્થાએ એક વણલખ્યો વિક્રમ સ્થાપ્યો છે. પુષ્કર ચંદરવાકર લિખિત 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ', જયશંકર 'સુંદરી'ની આત્મકથા 'થોડાં આંસુ થોડાં ફૂલ'ની સંવર્ધિત આવૃત્તિ કે મુરાદખાન ચાવડાની 'પાલનપુરના પાળિયા' જેવી કૃતિઓ ઉપરાંત પ્રાણસુખ નાયક અને વસંત નાયક જેવા કલાકારો વિશેના મોનોગ્રાફ પ્રગટ કરીને સભાએ એનો સંસ્કારધર્મ બજાવી જાણ્યો છે. અનેક નાટકોના મંચન અને અનેક સર્જકોનાં પ્રવચન તથા અનેક સાહિત્યિક-સાંસ્કૃતિક પરિસંવાદો યોજનાર આ સંસ્થાને મળવી જોઈએ એવી પ્રતિષ્ઠા હજી સુધી કેમ નથી મળી, તે ઉકેલ માગતો કોયડો છે.

મને અસાઈતવીર વિનાયક રાવલની સાથે જ ઊંઝામાં 'સંસ્કાર - ઍવૉર્ડ' એનાયત થયેલો, તે શેં ભુલાય ! અસાઈત અનવરત પ્રવૃત્તિરત સંસ્થા છે. ચાળીસ જેટલાં નાટકો પ્રકાશિત કરનારી આ સંસ્થા

નાટ્યપ્રકાશન, નાટ્યનિર્માણ અને નાટ્યમંચન – એમ ત્રિવિધ પંથે **चरैवेति चरैवेति**નો શંખનાદ કરતી આગળ ધપતી રહી છે. વસંતરાય બ્રહ્મભટ્ટના નામથી સંસ્થા છેલ્લાં પચ્ચીસ વર્ષથી ઊંઝામાં સંગીતશાળા ચલાવી રહી છે. એમાંથી તૈયાર થયેલા પચાસ જેટલા સંગીત શિક્ષકો અત્ર-તત્ર એમની સરગમ રેલાવી રહ્યા છે, પરંતુ અસાઈત સાહિત્યસભાની યશકલગી તો એનું મેઘધનુષી પ્રકાશન 'કલાવિમર્શ' જ. 'કલાવિમર્શ'ના એકથી એક ચડિયાતા અંકો પ્રગટ કરીને અસાઈતવીર વિનાયકે એમની સિસૃક્ષાનો જ ચમત્કાર બતાવ્યો છે. ખંતપૂર્વક સાહિત્ય ઉપરાંત લલિતકલાઓના વિમર્શનનું ગંભીર પરિશીલન કરતા આ સામયિકે શરૂથી જ ગુજરાતના સંસ્કારજગતમાં એની જગ્યા કરી લીધી છે.

આ બધું છતાં અસાઈત હજી અળખામણા કેમ ? એમના મંગલ પરાક્રમની કદર કરી બહુમાન કરવાને બદલે એમને નાતવટો અપાયો હતો તે શું નામફેર આજપર્યંત ચાલુ જ રાખવાનો છે ? ગુજરાતના સંસ્કારજગતે એની આ ઉપેક્ષિત કલાધારિણીને વેળાસર પોંખવાની જરૂર છે. જો એ ફરજમાં ઊણા ઊતરીશું તો આપણને એ પૂર્વસૂરિનો આત્મા ક્યારેય માફ નહીં કરે.

## પયગંબરી જીવનની કરુણતા

ઑક્ટોબર ૧૯૨૦ : કોઈ મોટા ગુરુત્વાકર્ષણથી હોય તેમ ભરૂચથી અમે કેટલાક વિદ્યાર્થીઓ સુરતના 'પાટીદાર આશ્રમ'માં ખેંચાઈને ગયા. તે વખતે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે એક પ્રચંડ સભા યોજાઈ હતી. એ સભાને ગાંધીજી સંબોધવાના હતા. માત્ર વિદ્યાર્થી-જગતમાં જ નહીં, પણ આખા જાહેર જીવનમાં ભારે ઉત્સાહનું પૂર આવ્યું હતું. ટ્રેન મારફતે, બળદગાડાં મારફતે કે પગપાળા ઠેરઠેરથી, ગામગામથી વિદ્યાર્થીઓ, જુવાનો અને વૃદ્ધોનો પ્રવાહ અસ્ખલિત રીતે, સભાના સમયથી ઘણો વહેલો, પાટીદાર આશ્રમ તરફ વહેતો થયો હતો. ગાંધીજીને જોવાનું અને એમને સાંભળવાનું ભારે કુતૂહલ લોકોના મનમાં હતું. કંઈક અવનવું બનવાનું છે, અંગ્રેજ સરકારના પાયા ડગમગવા લાગ્યા છે, અને દક્ષિણ આફ્રિકામાં મોટી જીત મેળવી ગાંધીજી આવ્યા હતા તેમ આપણે ત્યાં પણ સરકાર સામે તે એવો જ વિજય મેળવવાના છે, એવી લોકોને જાણે કે ખાતરી થઈ ગઈ હતી. જોકે અસહકારની લડતનો પૂરો ખ્યાલ લોકોને ન હતો. એમને પોતે શું કરવાનું છે એનો પણ એમને ખ્યાલ ન હતો. એમને એક જ ખ્યાલ હતો, ને તે એ કે ગાંધીજી જે કંઈ કહે તેવું અચૂક થાય જ. આવી અખૂટ શ્રદ્ધા, ગાંધીજીને જેમણે જોયા ન હતા, સાંભળ્યા ન હતા, પણ જેમનાં કેટલાંક લખાણો વાંચ્યાં હતાં, તેવા અમારા જેવા વિદ્યાર્થીઓમાં હતી.

આજે લગભગ છ દાયકા બાદ પણ એ ભવ્ય દૃશ્યને વર્ણવવા મારી પાસે શબ્દો નથી. ગાંધીજીનું ઉદ્‌બોધન ખાસ કરીને વિદ્યાર્થીઓને અનુલક્ષીને હતું : એક વર્ષને માટે જો આખો દેશ અસહકાર કરે, શાળા-કૉલેજોનો વિદ્યાર્થીઓ બહિષ્કાર કરે, વકીલો કોર્ટનો, અધિકારીઓ સરકારી નોકરીનો બહિષ્કાર કરે, તો સ્વરાજ એક વર્ષમાં હસ્તામલકવત્ બને. ગાંધીજીની જાદુભરી વાણી મારા ચિત્તતંત્રને કોઈ નવા પ્રકાશથી ભરી ગઈ. મૅટ્રિકની પરીક્ષામાં પહેલા દસમાં સ્થાન મેળવી જગન્નાથ સ્કૉલર બનવાની મહત્ત્વાકાંક્ષા સાથે હું ભરૂચ આવ્યો હતો. સિદ્ધિઓનાં તે રંગીન સ્વપ્નાં, કાશીબા ને નાનાં ભાઈ-બહેનો માટેની ચિંતા – એ બધું જાણે કે મનમાંથી સરી પડ્યું, શેષ રહી માત્ર એક જ ઝંખના : શાળા છોડી દઈ મુક્તિસંગ્રામમાં સ્વયંસેવક બનવાની અને તે માટેની પાત્રતા પામવાની.

સ્વરાજ માટે ગાંધીજીની અધીરાઈને સીમા ન હતી. એક વર્ષમાં દેશને સ્વરાજ મેળવી આપવાનો એમણે કોલ આપ્યો હતો. 'એક વર્ષમાં સ્વરાજ' શબ્દપ્રયોગે જાણે કે એક પ્રકારની મંત્રશક્તિ મેળવી લીધી હતી. આ ભવ્ય રાષ્ટ્રયજ્ઞમાં આપણે રખે રહી જઈએ, એ ઝંખના આબાલવૃદ્ધ લાખો ને કરોડો લોકોના હૈયામાં થનગની ઊઠી હતી. એક કરોડનો ટિળક ફાળો, કૉંગ્રેસના કરોડ સભ્યો ને વીસ લાખ રેંટિયાના ગુંજારવથી દેશને ભરી દેવાના કાર્યક્રમને પાર પાડવા અસંખ્ય જણે પોતપોતાની શક્તિ અનુસાર ઝંપલાવ્યું હતું. શાળા-પાઠશાળા છોડી આવેલા વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ ચાલુ રાખવાની સગવડ ગાંધીજીએ વિદ્યાપીઠોની સ્થાપના કરી ઊભી કરી આપી. પણ તેમના લોભને થોભ ન હતો. એટલે ગાંધીજીએ યુદ્ધસમયના વિદ્યાર્થીધર્મની વાત શરૂ કરી. યુદ્ધમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પુસ્તકોને અભરાઈએ ચડાવી, શસ્ત્ર સજી રણભૂમિ પર ધસી જતા હોય છે.

(અનુસંધાન પૃ. ૨૯)

# મારી જીવનકથા

જવાહરલાલ નહેરુ

અમે મૂળ કાશ્મીરી. અઢારમી સદીની શરૂઆતમાં અમારા એક વડવા કાશ્મીરની પહાડી ખીણમાંથી નીચેનાં મેદાનોમાં ઊતરી આવેલા. અમારા વડવાનું નામ રાજ કૌલ હતું. એમણે સંસ્કૃત અને ફારસીના વિદ્વાન તરીકે નામના મેળવી હતી.

મોગલ સામ્રાજ્યની પડતીના એ દિવસો હતા. ફરુખશિયર બાદશાહ હતો. એ કાશ્મીર આવ્યો ત્યારે રાજ કૌલ તરફ આકર્ષાયો હતો. ઘણે ભાગે તેની જ ઇચ્છાથી એ કુટુંબ રાજધાની દિલ્હીમાં આવી વસ્યું. થોડીક જમીન ને એક મકાન રાજ કૌલને બક્ષિસમાં મળ્યાં. ઘર નહેરને કાંઠે હતું, એટલે એ ઘરવાળાના નામને 'નેહરુ' શબ્દ લાગ્યો. કુટુંબનું નામ કૌલ-નેહરુ થયું. વરસો જતાં કૌલ નીકળી ગયું અને અમે માત્ર નેહરુ રહ્યા.

મારો જન્મ ૧૮૮૯ના નવેમ્બરની ૧૪મી તારીખે અલ્હાબાદમાં થયેલો. મારી બે બહેનો મારા કરતાં ઘણી નાની છે અને અમારા દરેકની વચ્ચે ઘણાં વર્ષોનો ગાળો છે. તેથી શરૂઆતનાં વર્ષોમાં હું એકલવાયો જ ઊછર્યો. મારી ઉંમરનો કોઈ સાથી મારે ન હતો. નિશાળના ગોઠિયાઓ પણ કોઈ ન હતા, કેમ કે મને કોઈ શાળામાં મૂકવામાં નહોતો આવ્યો. ઘરમાં ખાનગી શિક્ષકો દ્વારા મને કેળવણી મળે છે એમ મનાતું. આમ મારું બચપણ સુખશાંતિવાળું હતું.

મને પિતા પ્રત્યે ખૂબ માન હતું. અને એ હિંમત અને હોશિયારીની મૂર્તિ લાગતા. હું મોટો થઈને એમના જેવો જ થઈશ, એવું સ્વપ્નું હું સેવતો. હું દશ વરસનો થયો ત્યારે મારા પિતાએ નવું મોટું ઘર લીધું અને તેનું નામ 'આનંદભવન' રાખ્યું. મારી અગિયારેક વર્ષની ઉંમરે મારે માટે ફર્ડિન્ડ બ્રુક્સ નામના શિક્ષકને ઘરમાં રાખવામાં આવ્યા. લગભગ ત્રણ વર્ષ એમની દેખરેખ તળે હું રહ્યો. એમની મારા ઉપર પુષ્કળ અસર પડી. બ્રુક્સે મારામાં વાંચવાનો શોખ ઉત્પન્ન કર્યો અને મેં પુષ્કળ અંગ્રેજી પુસ્તકો વાંચી નાખ્યાં. લુઈ કેરોલ અને કિપ્લીંગનાં પુસ્તકો મને બહુ ગમતાં. ફ્રિજોફ નાન્સનના 'ફારધેસ્ટ નોર્થ' પુસ્તકે તો મારે માટે સાહસનો એક નવો જ પ્રદેશ મોકળો કર્યો. હાસ્યરસમાં તો મારે મન જેરોમ કે. જેરોમના 'થ્રી મેન ઇન એ બોટ'ની બરોબરી કરી શકે એવું કશું ન હતું. મને કાવ્યો તરફ પણ રુચિ પેદા થઈ.

એક ઘટનાની અસર મારી ઉપર થયેલી મને યાદ છે – તે રશિયા અને જાપાન વચ્ચેની લડાઈ. જાપાનની જીતની વાતો સાંભળતો ત્યારે મારા ઉત્સાહનો પાર ન રહેતો. જાપાન વિશે અનેક પુસ્તકો ખરીદ્યાં. રાષ્ટ્રીયતાના વિચારો મારા મનમાં ઊભરાવા લાગ્યા. હિંદના સ્વાતંત્ર્યના અને યુરોપની ગુલામીમાંથી એશિયાની મુક્તિના વિચારો મને આવવા લાગ્યા. અને ક્યારે હું તલવાર લઈને રણમાં ઘૂમી હિંદમાતાને મુક્ત કરું એમ થવા લાગ્યું.

મારી પંદર વર્ષની ઉંમરે ૧૯૦૯ના મે માસમાં અમે ઇંગ્લૅન્ડ જવા ઊપડ્યાં – મારાં માતાપિતા, મારી નાનકડી બહેન અને હું. અમે લંડન પહોંચ્યાં. હેરોની શાળામાં મને મૂકીને મારું કુટુંબ યુરોપના પ્રવાસે નીકળ્યું અને પછી પાછું દેશ પહોંચ્યું. મને બહુ એકલું લાગતું અને ઘર યાદ આવ્યા કરતું. પણ શાળાના જીવનમાં હું ઠીક ઠીક ગોઠવાઈ ગયો. ઘણા વિષયોમાં, અને ખાસ કરીને સામાન્યજ્ઞાનમાં, મારા સમોવડિયાઓ કરતાં હું આગળ હતો. મારા ઘણાખરા સહાધ્યાયીઓ કરતાં મને ઘણા વધારે વિષયોમાં રસ પડતો.

શાળામાં સારા અભ્યાસ માટે એક વાર મને ટ્રેવેલ્યનનું ગેરીબાલ્ડીનું જીવનચરિત્ર ઇનામમાં મળ્યું હતું. એણે મને ચકિત કર્યો. ગેરીબાલ્ડીની જીવનકથા બહુ ધ્યાનપૂર્વક મેં વાંચી. હિન્દુસ્તાનમાં આવાં પરાક્રમો કરવાનાં સ્વપ્નાં મને આવવા લાગ્યાં. હિન્દુસ્તાન અને ઇટાલીના ઇતિહાસ મને સાવ સરખા લાગવા માંડ્યા.

આવા વિચારો માટે હેરોની શાળા મને એક બંધિયાર વાડા જેવી લાગવા માંડી અને યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં જવાને મારું મન તલસવા લાગ્યું. એટલે મેં પિતાને વીનવ્યા અને હેરો છોડવાની એમની પરવાનગી મેળવી. હેરો છોડ્યું એટલે મારા જીવનનો એક કાંડ પૂરો થયો.

કેમ્બ્રિજ, ટ્રિનીટી કૉલેજ. ૧૯૦૭નો ઑક્ટોબર મહિનો, મારી ઉંમર લગભગ અઢાર. કેમ નદી ઉપર આવેલા કેમ્બ્રિજની આ કૉલેજમાં હું ત્રણ વર્ષ રહ્યો. આ વર્ષો આનંદમાં ગયાં. પુષ્કળ મિત્રો કર્યા, અભ્યાસ કર્યો, ખેલ્યો અને મારી બુદ્ધિની ક્ષિતિજ ધીમેધીમે વિશાળ થવા લાગી. મારા અભ્યાસના વિષયો રસાયનશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર હતા, પણ બહારના અનેક વિષયોમાં હું રસ લેતો. ૧૯૧૦માં ડિગ્રી લઈને મેં કેમ્બ્રિજ છોડ્યું. આ પછીનાં બે વર્ષ હું લંડનની આસપાસ ભટક્યો. બૅરિસ્ટર થવાની એક પછી એક પરીક્ષા હું પસાર કર્યે ગયો. ૧૯૧૨માં હું બૅરિસ્ટર થયો અને વિલાયતમાં સાત વર્ષ પૂરાં કરીને હું હિન્દુસ્તાન હંમેશને માટે પાછો ફર્યો.

**અનુવાદક : મહાદેવ દેસાઈ**

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'જવાહરલાલ નહેરુ સાથે વાચનયાત્રા'(૨૦૧૪)માંથી સાભાર)

(પૃ. ૨૭નું અનુસંધાન)

એ વખતે સાપ્તાહિક 'નવજીવન'નો પ્રવાહ આખા દેશને માટે પ્રેરણાના પ્રચંડ નદ જેવો હતો. દર અઠવાડિયે એના આગમનની અમે આતુરતાથી રાહ જોતા, અને તેના દરેક અંકમાંથી કંઈક નવી પ્રેરણા, નવી દૃષ્ટિ, નવી ભાવના વગેરે મેળવતા. એ અરસામાં 'નવજીવન'માં આવેલા સહી વિનાના એક લેખનું શીર્ષક મને યાદ આવે છે. એ હતું 'ઋષિઓના વંશજ'. એ લેખમાં, સત્યાગ્રહ આશ્રમમાં એ વખતે જે નવું ભાવનાજગત સર્જાઈ રહ્યું હતું એ માટેનો મુગ્ધ અહોભાવ હતો. બહાર કામગીરી બજાવી ઘણે દિવસે પાછા વળતાં લેખકે આશ્રમમાં જાણે કે કોઈ નવી જ દુનિયા જોઈ. એ દુનિયા હતી આદર્શોની રંગબેરંગી ઝાંયવાળી, એમાં હતી નિર્મળ ચારિત્ર્ય માટેની સાત્ત્વિક સ્પર્ધા અને ત્યાગ માટેની ઊંડી તમન્ના. લેખકે આશ્રમમાં જેનું દર્શન કર્યું તે, નાખી નજર ન પહોંચે એવી અમારી તે દિવસોના આદર્શોની ક્ષિતિજો એમાં અમે લહેરાતી જોતા. આખો દેશ અને ખાસ કરીને એની કિશોર અને તરુણ દુનિયા અમને ઋષિઓના વંશજ જેવી લાગતી. જ્યાં નજર પડે ત્યાં આદર્શઘેલાં યુવક-યુવતીઓનાં મુખ ઉપર મુક્તિની ઝંખના અને એ માટેની સાધનાની દીપ્તિ નજરે પડતી. એ વખતે અસહકારના રંગે રંગાયેલી જે કોઈ વ્યક્તિને – કિશોરોથી માંડી વૃદ્ધો સુધી – મળવાનું થતું, તે બધી જાણે ભાવનાના પ્રચંડ તરંગો પર ઝોલાં ખાતા દેવો જેવી લાગતી. એ પ્રત્યેકને ભારે મનોમંથન અને વેદનાઓના બોજને હસતે મુખે હળવા ફૂલની જેમ ઉપાડી, પોતે જ્યાં હોય ત્યાં પોતાનું શ્રેષ્ઠ અર્પતા જોવા અને એ બલિદાનની ધન્યતાથી પુલકિતતા અનુભવતા જોવા, એ જીવનનો એક અણમોલ લહાવો હતો.

અસહકારની લડત જેમ જેમ વેગ પકડતી ગઈ તેમ તેમ એના વિરોધીઓ પ્રત્યેનો અસહિષ્ણુતાનો પારો પણ ઊંચે ચડતો ગયો. નેતાઓનાં ભાષણોમાં પણ ઘણું ઝનૂન પ્રવેશતું. લાલા લજપતરાયે તો 'જે અમારી સાથે નથી તે અમારી સામે છે' એવું સૂત્ર આપ્યું, ને અમે અમારાં વ્યાખ્યાનોમાં એને વેદવાક્યની જેમ ટાંકી એના પરના ભાષ્યમાં વાણીને અંકુશવિહોણી બનાવી દેતા. આપણા દેશમાં અનેક વાર સામાજિક અત્યાચારોમાં પરિણમેલું ન્યાતબહાર મૂકવાનું શસ્ત્ર પણ અવારનવાર વપરાવા લાગ્યું ને કેટલીક વાર તે ઘોર હિંસામાં પણ સરી પડતું. ચૌરીચૌરામાં એણે એનું અતિ વરવું સ્વરૂપ દાખવ્યું. આમ, અસહકારનો અખતરો ઘણો મુશ્કેલ હતો. માણસના સ્વભાવગત રાગદ્વેષ પર વિજય મેળવી માનવતાનો, પ્રેમનો ને અહિંસાનો મહિમા માનવહૃદયમાં વધારવાનો હતો – અને એ કાર્ય ગાંધીજીએ અમારા જેવાં અસંખ્ય અપૂર્ણ કે પાંગળાં સાધનો દ્વારા સાધવાનું હતું !

લોકોના મોહ ને પ્રેમને રચનાત્મક માર્ગે વાળવાનું ગાંધીજી જેવા માટે મુશ્કેલ ન હતું. પણ એમની મોટી મુશ્કેલી તો આ દેશના અનેક સારાનરસા વારસાવાળી વિરાટ જનતામાં નૈતિક મૂલ્યો માટેની ભૂમિકા સર્જવાની હતી. ગાંધીજી કરતાં સહેજ પણ ઓછી શક્તિવાળી વ્યક્તિ આવા વિષમ સંજોગોમાં ભાંગી પડ્યા વિના ભાગ્યે જ રહી શકી હોત. પોતાને એક અમોઘ શસ્ત્ર લાધ્યું હતું; પણ જેમના હાથમાં એ મૂક્યા વિના પોતે આગળ ડગ ભરી શકે તેમ ન હતું, ને જે હાથમાં એ મુકાય તે હાથમાં એ માટેની પાત્રતા ઓછી હતી એ, જગતના અન્ય મહાન પયગંબરોની જેમ, ગાંધીજીના જીવનની મોટી કરુણતા હતી.

**ઝીણાભાઈ દેસાઈ, 'સ્નેહરશ્મિ'**

# નેવાં (લલિત નિબંધ)

ભગીરથ બ્રહ્મભટ્ટ

આભ ઉપરથી - ટપકે નેવું એ પણ કેવું ?

નેવું એટલે શું ? ઘરના છાપરા પરથી વરસતા વરસાદનું વહેતું રૂપ એટલે નેવું. વરસાદને ઝીલે છાપરાં... છાપરાં વહાવે તે નેવાં. ટપકતા એ જળને નેવું નામ મળ્યું છે. દરિયામાંથી બાષ્પ થઈ ઊર્ધ્વયાત્રા કરી પવિત્ર જળ બની છાપરે આવવા સુધીની યાત્રાનો પરિચય નેવું આપે છે. નેવામાં એ દરિયાના સંસ્કાર છે. બિન્દુમાં સિંધુ એ રીતે સમાવિષ્ટ છે. ટપકતાં જળ નેવાંનાં જળ ગણાયાં, કહેવાયાં. 'નેવાં' શબ્દ પતરાં-નળિયાં પરથી પડતા જળનો ધ્વનિસંકેત છે. જ્યાં એ નેવાં પડે છે એ જગાને પણ 'નેવાં' નામે આપણે ઓળખીએ છીએ... નેવાં શબ્દ ઝીલતી કહેવતો અને રૂઢિપ્રયોગો પણ ગુજરાતી ભાષામાં છે – 'નેવાનાં પાણી મોભે ના ચઢે' આ કહેવત કોઈ અશક્ય વાત શક્ય ન બને એનો અર્થ આપવા પ્રયોજાય છે. 'નેવે મેલવું' એવો ભાષાપ્રયોગ ઘરની બહાર કાઢવું, ઉપેક્ષિત કરવું એવી અર્થ વ્યંજના ધરાવે છે.

'નેવું' શબ્દ સંખ્યાવાચક ભલે લાગે, પણ એનો બીજો અર્થ જે દશ્યકલ્પનનો મહિમા કરે છે એની આપણે વાત કરીએ છીએ. 'વું' એક પ્રકારનો પ્રત્યય છે જેનાથી વર્તમાનનો બોધ થાય છે. આવ-આવવું જા-જવું, બોલ-બોલવું વગેરે ને - વું પણ એ જ અર્થમાં થાય, પણ 'ને' એટલે શું ? પ્રશ્ન અવશ્ય થાય પણ અહીં નેવાં શબ્દ ઉપરથી 'નેવું' થયાનું વધારે સંભવિત લાગે છે. નેવાં શબ્દ દશ્યકલ્પનની અર્થસૃષ્ટિ રચે છે. 'નેવું' શબ્દ એકવચનમાં વપરાય અને 'નેવાં' શબ્દ બહુવચન ધરાવે છે. નેવે મેલ્યું એવો એક પ્રયોગ પણ આપણે ત્યાં ભાષામાં થાય છે એનો અર્થ 'છોડી દેવું' એવો કરાય છે. 'નેવું' તો બોલાય છે માત્ર પણ હોય છે તો 'નેવાં' નેવું એકવચનમાં ઉચ્ચારીએ ભલે પણ એનાં દર્શન તો બહુલતામાં જ થાય. મોભેથી ક્રમેક્રમે હેઠે આવી પતરાને છેડે આવી ઊંચાઈની માયાને ફકીરની જેમ છોડી દેવી, રીતસર ઉપરથી પડતું મેલવું, આત્મોસર્ગ કરવો... ઊંચાઈની, મોભની માયા મેલી દેવાનો બોધ નેવાં પાસેથી મળે છે. નેવાં કેવાં સડસડાટ નીચે આવે છે. પ્રત્યેક ઊંચાઈનો અહમ્‌નો, માયાનો ત્યાગ કરીને નીચે ઊતરી આવે છે. ધરતી સાથે તદાકાર થઈ જવાની તેની અભીપ્સા કંઈ નાનીસૂની નથી. જેની પાસે એક પળે ગગનની ઊંચાઈ હતી, જેની પાસે એક પળે ઊંચાઈનું ગૌરવ હતું. એ વરસાદનું નામ ધરી, છાપરે પહોંચી નેવા સ્વરૂપે નીચે આવે એમાં નિમ્નતા નથી ઊર્ધ્વતા છે. જેને આપણે નીચે આવવાની ઘટના કહીએ છીએ એ નેવાંના સંદર્ભે તો એક ઊર્ધ્વયાત્રા છે. આકાશ, વાદળ છોડી ભગવાનને ભરોસે નીચે નીચે પર્વત પર, ઝાડ પર, છાપરા પર જળબુંદો પડે... એમાં જે બુંદ છાપરા પર પડે એને નેવાંનું નામ મળે છે. આભેથી મોભે અને મોભેથી છેક ક્રમેક્રમે ધરતીના પેટાળમાં પહોંચી જવાની ખેવના ધરાવતાં નેવાં કર્મયોગી છે. ઊંચાઈની, પ્રતિષ્ઠાની, મોભની, સત્તાની માયા ત્યજી દેવી એ જ મહાનતા છે. માયાનો ત્યાગ એ નાનો ત્યાગ નથી જ નથી. ત્યાગ તો સમજ્યા પણ પછી ધરતી સાથે તકાદાર થઈ જવાનો એનો રાગ પણ અનન્ય છે. ત્યાગનો મહિમા કે રાગનો મહિમા ? ધરતી સાથે મિલન અને આભની વિદાય... શાનું ગૌરવ ? જેટલો મહિમા ઋષિઓ મેઘનો કરે છે એટલો જ મહિમા નેવાંનો છે... ઊંચે જવાના ઉત્સાહ કરતાં નીચે આવવાનો ઉત્સાહ વધારે ગજબનો છે... નેવાં કશુંય ગોપનીય રાખતાં નથી નેવા જાહેર છે - છડેચોક પોતાની અભિવ્યક્તિ વ્યક્ત કરે છે. એની આ સાહજિક નિર્ભીક અનાવૃત્ત થઈ જવાની જીવનરીતિ જ એનો મહત્ત્વનો સંદેશ છે. એને આભે કે મોભે ચીટકી રહેવાનો મોહ નથી, લાલસા નથી. એને તો હવામાં વહેતા રહીને ધરા સાથે ઓતપ્રોત થવું છે. એ સ્પૃહા જ એનું

જીવન છે. આમ ઊંચાઈ પરથી નીચે આવી ધરતીની કાયામાં કોળી જવાની ખેવના જ નેવાંની પ્રકૃતિ છે એ જીવન જ આખું યજ્ઞરૂપ છે. નેવું સીધી ગતિ ધરાવે છે. પવન એને હલાવે તો સ્વાભાવિક હાલે પણ એનું લક્ષ્ય અર્જુન જેવું છે. વચ્ચે આવતાં બધાં જ સ્પીડબ્રેકરો વીંધીને એ ધરાને શરણે થઈ સમર્પિત થઈ જવામાં જ પોતાનું શ્રેય સમજે છે.

'નેવાં'ને પણ પોતીકું સૌંદર્ય હોય છે. સ્વભાવે સરળ અને તરલ... સીધી ગતિમાં વહે... સુલક્ષણા નારી જેવાં... કઠોરતા સહેજેય નહિ, નરમ... સંવેદના સભર. સમય સાથે ભળનારાં. પવન સાથે પ્રીત કરનારાં... ધરતીને ચાહનારાં... મોભની ઊંચાઈ કે આભનું ગૌરવ ગુમાવ્યાનો શોક કરતાં જ નથી, એ ઊંચાઈ જાળવી રાખવાની જિદ પણ એમની પ્રકૃતિમાં હોતી નથી. મોભે છોડ્યાં... મોભ છોડ્યા... તો છોડ્યા એથી કંઈ જીવન થોડું થંભે ? વહેતા વહેતા ઊતરી આવે નીચે... વચ્ચે પવનનું સખ્ય કેળવે... મોભ પર ઊતરી આવ્યાનો આનંદ વ્યક્ત કરે... પતરાં - નળિયાં - વૃક્ષ - પર્વત ઉપર એ પડે ત્યારે સંભળાય... પતરાં અને નળિયાં પરથી મોભથી વહેતાં વહેતાં નીચે ટપકે ત્યારે એમનું સંગીત સાંભળવા જેવું ! મોભના પદની કોઈ લાલસા નહિ, એ અતીતરાગનું ગાણું પણ ગાતાં નથી... આવી પડેલો નૂતન વર્તમાન અને એમાં જાતની કર્મઠતાને ગોઠવતાં જેને આવડે એના જીવનનો ગ્રાફ હંમેશાં ઊંચે આવે છે એ મતલબનો સંકેત એના જીવનમાંથી સહેજેય પ્રાપ્ત થાય. નેવાંનાં નવલાં રૂપો... કેટકેટલું વૈવિધ્ય ! પતરાં ઉપરથી સરકે... નળિયામાંથી ટપકે... બંનેની મુદ્રા નોખી. બંનેની ગતિ નિરાળી. ઉભયનું સૌંદર્ય નોખું... ક્યારેક લાગે ઝાકળ જેવાં ક્યારેક લાગે પરપોટા જેવાં... હથેળીમાં ઝીલો તો સાક્ષાત ગંગાજી !! ક્યારેક તોફાની ક્યારેક શાંત !! શાંત હોય ત્યારે સરિતા યાદ આવે અને તોફાની જણાય ત્યારે સમુદ્રની સ્મૃતિ થાય... ગમે તે રૂપે હોય, હોય એ પવિત્ર. નેવાં મૂળે પ્રવાહી... વહેવું એની પ્રકૃતિ. જિદ એને જચે નહિ. સ્થિરતા પણ એના સ્વભાવમાં નહિ. અટકી જવું એ પણ એનો ગુણ નહિ... પરિસ્થિતિમાં ક્યારેય ગભરાતાં નથી. સ્થિર ન રહેવાની એની પ્રકૃતિ જ એના જીવનની શ્રેયસ્કર ગતિ છે. દરિયો તપે ત્યારે વાદળમાં બંધાઈને છૂટાં પડી છાપરે વેરાય છે ત્યારે એનું દરિયાપણું ભલે ખોવાઈ જાય પણ પેલું ચાંચલ્ય એની સાથે રણઝણતું રહે છે.

કોઈ નારીને આંસુ સમેત નિહાળી છે ? આંખમાંથી ટપકતી એ અશ્રુમાળને પણ હું નારીનાં નેવાં કહું છું... જાત તપે પછી હૃદય - ચિદાકાશમાં વાદળો બંધાય અને એ વાદળો વેરાય અંદર બહાર... બહાર વેરાય ત્યારે આંસુ... એવું જ નેવાંનું છે. નેવાં કોઈ જુએ કે ન જુએ પણ નેવાં સૌને જુએ... સર્વને જુએ.

નેવું એ ઘર છાપરાની હદ. ઘરની હદ પૂર્ણ થયા પછીના વિસ્તારમાં એનું સ્થાન. ઘરની બંને બાજુ એ વહ્યા કરે, પડ્યા કરે એને ક્યારેય ઘરમાં સ્થાન નહિ. ઘરનાં સંરક્ષક... ઘર સાચવે... નેવાંને બીજા અર્થમાં જળની વાડ પણ કહીએ તો કેવું ? પડતાં નેવાં ઝીલ્યાં છે ? નિહાળ્યાં છે ? દિવાળી ટાણે સેવ પાડતી બાઈઓ જે રીતે સેવ ઝીલાવે... એ દૃશ્ય સાથે સામ્ય ધરાવે છે નેવાં... ઉમાશંકર ધારાવસ્ત્ર કહી વરસાદને ઓળખાવ્યો ત્યારે નેવાંને પણ એ ઓળખ કેમ ન આપી શકાય ? નેવાં હથેળીમાં ઝીલો, પતરાના વાસણમાં ઝીલો, તગારામાં ઝીલો કે લોખંડની ડોલમાં ઝીલો, એના અવાજો નોખા નોખા... ક્યાંક લક્કડ ખોદની ચાંચમાંથી આવતો અવાજ લાગે, ક્યારેક લોલક ઘડિયાળના ટક ટક અવાજ જેવો લાગે તો ક્યારેક ધધૂડા જેવો સંભળાય... ક્યારેક કંસારો તાંબુ ટીપતો હોય એવું લાગ્યા કરે... સાંભળ્યા જ કરીએ. નાદદ્રવ્યની એ મધુર લબ્ધિથી અંધારી રાતેય પડતા વરસાદનું માપ કાઢી શકાય. આમ નેવું એ વરસતા વરસાદનું બેરોમીટર છે.

**ભગીરથ બ્રહ્મભટ્ટ**
એ/૩ યુનિવર્સિટી કૉલોની, વલ્લભવિદ્યાનગર

સ્વામી વિવેકાનંદનાં લખાણો હું સાંગોપાંગ ઝીણવટથી વાંચી ગયો છું, અને વાંચી લીધા પછી મારામાં રહેલો સ્વદેશપ્રેમ હજાર ગણો વધી ગયો.

**મો૦ ક૦ ગાંધી [૧૯૨૧]**

# વેદ અને વિજ્ઞાનનો સમન્વય

પ્રહ્‌લાદભાઈ છ. પટેલ

વેદ અને વિજ્ઞાનના અન્વેષણનું લક્ષ્ય એક જ છે. બંનેનો હેતુ અંતિમ લક્ષ્ય અને યથાર્થતા (તાત્ત્વિકતા) શોધવાનો છે. જોકે બંનેના અભિગમ જુદા છે. વેદ ચિંતન દ્વારા લક્ષ્યને પહોંચવા પ્રયત્ન કરે છે, વિજ્ઞાન પ્રયોગો દ્વારા લક્ષ્યને પહોંચવા પ્રયત્ન કરે છે, પણ બંને માર્ગો પૂર્વગ્રહથી પર હોવા અનિવાર્ય છે, જેથી પ્રાપ્ત સિદ્ધિ વિશ્વસનીય બની રહે છે.

વિજ્ઞાન તેનો હેતુ સિદ્ધ કરવા માટે ગોઠવાતું (set થતું) જાય છે. પણ પ્રાચીન સાહિત્યમાં જે કંઈ આપેલું છે તેને અંતિમ જ્ઞાન સમજવું ન જોઈએ. વિશ્વનાં રહસ્યો પામવા માટે વિજ્ઞાનીઓ, તત્ત્વચિંતકો અને ધર્મગ્રંથોના જાણકારોએ એક મંચ ઉપર ભેગા મળી એકબીજાના દૃષ્ટિકોણ સમજીને સારાંશ તારવવો જોઈએ. સારાંશ એવી ભાષામાં હોવો જોઈએ જેથી અદનો (સામાન્ય) માણસ પણ તેનું હાર્દ સમજી શકે. તેમાં ભાષા-પરિભાષાનો દંભ કે દેખાડો ન હોવો જોઈએ.

વિજ્ઞાનીઓ વર્ષો સુધી પ્રયોગશાળામાં સંશોધન માટે રોકાયેલા રહે છે. જ્યારે વેદકાળના ઋષિઓ માણસ અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ સમજાવવામાં રોકાયેલા રહે છે. તેમણે પ્રાકૃતિક બળો શોધી, તે કેવી રીતે પરિસર ઉપર અસર કરે છે તેનું ચિંતન કરે છે. વિજ્ઞાનીઓએ બેશક પરમાણુની આંતરિક સંરચના શોધી સ્પષ્ટ કરી, ત્યારબાદ કેટલા ભૌતિક નિયમો તારવ્યા. આ જ અભિગમ સાથે ભૌતિક નિયમોને વૈશ્વિક ઘટનાઓ સમજવા કે ઉકેલવા માટે પ્રયોજ્યા. પણ તે અપૂરતા અને અક્ષમ રહ્યા.

પશ્ચિમના વિજ્ઞાનીઓ અને તત્ત્વચિંતકોની ખોજ એકબીજાથી અલગ છે. પશ્ચિમના તત્ત્વચિંતકોએ વેદિક-વિજ્ઞાન તરફ અજ્ઞાન નહીં પણ બેદરકારી રાખેલી છે. માનવજાત હવે સત્ય અને યથાર્થતાના એવા મુકામે પહોંચી છે કે તેને વિશ્વસનીય અને અચૂકપણે સમજી શકે. વૈદિક સાહિત્યે, તેની રીતે, સર્જકતાની વિભાવના સમજાવી છે, ઉપરાંત પ્રકૃતિમાં કાર્ય કરતાં પરિબળોને સમજાવ્યાં છે. તેમાં કહેવાયું છે કે પંચતત્ત્વ અને તેમની સૂક્ષ્મ-ઊર્જાના આવિર્ભાવને પરમાણુથી પૃથ્વી, ગ્રહો, તારા વિશ્વો સુધી સમજાવી શકાય છે. વિશ્વની વિધેયાત્મકતા કેવી રીતે સંવાદીપણે ઉત્ક્રાંત પામે છે, તે પણ સમજાવ્યું છે. બળોની શોધ કરવા છતાં વિજ્ઞાન સત્ય સુધી પહોંચી શક્યું નથી. આથી વિજ્ઞાનીઓ અને તત્ત્વચિંતકોએ સાથે રહીને સત્ય પામવા પ્રયાસો કરવા આવશ્યક છે. વિજ્ઞાને પરમાણુની આંતરિક રચના છતી કરી છે પણ પરમાણુ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો અને કોના વડે, તે તો હજુ સઘન સંશોધનનો વિષય છે. તે વાતને ધર્મને ખાતે ખતવી શકાય નહીં.

પરમાણુ ધન (+) અને ઋણ (-) વિદ્યુતભાર ધરાવે છે. તે ઊર્જા સ્વરૂપે પ્રવર્તમાન છે. પરમાણુની અંદરની ઊર્જા ઇન્દ્રિયને અગોચર (Intangible) છે. આ ઊર્જા શું છે, કેવી છે, તેનું સર્જન કેવી રીતે થયું ? વિજ્ઞાન તો આવિર્ભૂત ઊર્જાને જાણે છે, જેમ કે ઉષ્મા, પ્રકાશ, ધ્વનિ વગેરે. આ ઊર્જાના એકમાત્ર સ્રોતને શોધવું પડે. વૈદિક સાહિત્યમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે સમગ્ર સર્જન પંચતત્ત્વ (આકાશ, પૃથ્વી, જળ, વાયુ, તેજ)માંથી થયેલું છે. દરેક તત્ત્વ ગુપ્ત ઊર્જા ધરાવે છે. વિજ્ઞાને આ વિભાવના સમજવાની છે, તે માત્ર અનુભૂતિ (અનુભવ - Perception) જ નથી. સમગ્ર સર્જનમાં તેનો આવિર્ભાવ થયો છે.

પંચતત્ત્વ અને ઉત્ક્રાંતિના બે જોરદાર સિદ્ધાંતો સમગ્ર વૈશ્વિક રીતે પ્રયોજાય છે. વિજ્ઞાનીઓ અને વૈદિક-વિદ્વાનો સાથે બેસીને તેની વિભાવના ઉપર વિચાર કરે, તેની પરિભાષા અને સર્વમાન્ય ભૂમિકાનું સર્જન કરે.

વેદમાં અગ્નિ, વરુણ, મારુતને દેવો તરીકે વર્ણવ્યા છે. કહેવાય છે કે બ્રહ્માએ વિશ્વનું સર્જન કર્યું, તેથી તેમને દેવોમાં સૌથી મોટા દેવ ગણ્યા છે. પણ આ બધું રૂપકાત્મક (allegorical) છે. આ રીતે રજૂઆત એટલા માટે કરવામાં આવી છે કે માણસના દિમાગમાં ઈશ્વર (God) સર્વોચ્ચ શક્તિ છે. બ્રહ્મા કોઈને ઉદ્દેશીને કહ્યું નથી, તેમ ઉપનિષદ જણાવે છે. તે સર્વોચ્ચ શક્તિ છે અને સર્જનનું કાર્ય કરે છે, સર્જનનું મૂળ છે. જો આને સ્વીકારવામાં આવે તો સર્વોચ્ચ ચેતના અથવા વૈશ્વિક ચેતના જ સર્વોચ્ચ શક્તિ છે. વિજ્ઞાન બ્રહ્માની જગ્યાએ કોઈ નામ કે વિશેષણ આપી શકે છે.

વિજ્ઞાને માણસને બેહદ સુખાકારી આપી છે. હવે માણસે ઋષિ-મુનિઓના ડહાપણમાંથી નવી શોધ કરવાની રહે છે. પંચતત્ત્વ અને ઉત્ક્રાંતિની વિભાવનાની વિજ્ઞાન મદદ લઈ શકે છે, અને તે રીતે આગળ વધવું જોઈએ.

Godને ભૂલી જાઓ. સર્જકનું સાચું સ્વરૂપ શોધી કાઢો. માણસના મગજમાં Godની છાપ એટલી બધી ઘેરી બની ગઈ છે કે તે સામાન્ય સાધનોથી ભૂસી શકાય તેમ નથી. એટલું કહી શકાય છે કે આધુનિક ટૅકનોલૉજીના જે કોઈ ઉપકરણો પ્રાપ્તવ્ય હોય તેનાથી, ઊંડી અવલોકન શક્તિ વડે, અંતઃપ્રજ્ઞા (intuition)ની મદદથી માણસ સૃષ્ટિનાં રહસ્યો ઉકેલવા કે પડકારોને પહોંચી વળવા સક્ષમ છે.

**પ્રહ્લાદભાઈ છ. પટેલ**
પૂર્વ અધ્યક્ષ - પ્રાધ્યાપક - ભૌતિકવિજ્ઞાન વિભાગ,
એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

## ગરીબીનું ગૌરવ

આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે, એક જાતનો મોભો છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. તવંગરના મહેલના કરતાં પોતાની ઝૂંપડીને તે વધારે ચાહે છે – અરે, તે ઝૂંપડીને વિશે અભિમાન પણ રાખે છે. દુનિયાના ભૌતિક પદાર્થોની માલિકીની બાબતમાં ગરીબ હોવા છતાં, તે દિલનો અથવા આત્માનો દરિદ્રી નથી. સંતોષ તેની સંપત્તિ છે. હિંદુસ્તાનમાં માણસનો એવા પ્રકારનો ખાસ નમૂનો જોવાને મળે છે, જે પોતાની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખવામાં આનંદ માને છે. તે પોતાની પાસે માત્ર મૂઠી લોટ ને ચપટી મીઠું-મરચું રાખી એક કકડામાં બાંધીને ફરે છે. કૂવામાંથી પાણી ખેંચીને પીવાને માટે તે ખભે દોરી-લોટો ભેરવીને ચાલે છે. તેને આ સિવાય બીજી એકે વસ્તુનો ખપ નથી. રોજના દસથી બાર માઈલ તે પગે ચાલી નાખે છે. પોતાના કપડાના કટકામાં જ તે લોટ બાંધી લે છે, બળતણને માટે થોડાં સૂકાં ડાંખળાં આમતેમથી વીણી લઈ તેની ધૂણીના અંગારા પર પોતે બાંધેલા લોટને શેકી લે છે. આ રીતે શેકાયેલા લોટને બાટી કહે છે. મેં તે ચાખી છે. મને તે ઘણી સ્વાદિષ્ટ લાગી છે. સ્વાદ સાચું જોતાં ખાવાની વાનીમાં નથી; પ્રામાણિક મજૂરી અને મનનો સંતોષ જે ભૂખ લગાડે છે, તેમાં રહેલો છે. આવા માણસનો સાથી કે બેલી અને મિત્ર ઈશ્વર છે, અને તે પોતાને કોઈ રાજા કે બાદશાહથીયે વધારે શ્રીમંત માને છે.

એથી •લટું, જે કોઈ પૈસાની તૃષ્ણામાં ને તૃષ્ણામાં તેની પાછળ પડે છે તેને, ગમે તે રૂપાળા નામે પણ, બીજાને લૂંટ્યા કે ચૂસ્યા વિના છૂટકો નથી. અને એ બધું કરવા છતાં દુનિયાના કરોડો તો કદી લક્ષાધિપતિ થવાના નથી.

**મો૦ ક૦ ગાંધી**

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'ગાંધીગંગા ભા-૧'માંથી સાભાર)

# હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી

# (Humboldt State University)

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીની નોકરી સ્વીકારી તે સમયે બરાબર કઈ જગ્યાએ આવેલી તેનો ખ્યાલ ન હતો. કેલિફૉર્નિયા રાજ્ય લગભગ ૧૬૦૯ કિલોમીટર (૧૦૦૦ માઈલ) લાંબું અને ૨૪૦ કિલોમીટર – ૩૨૦ કિલોમીટર (૧૫૦ માઈલ – ૨૦૦ માઈલ) પહોળું છે. સાન ફ્રાન્સિસ્કો, લૉસ એન્જિલસ અને સાન ડિઆગો ત્રણ મોટાં તેનાં શહેરો છે. છેક ઉત્તર ભાગમાં હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી આર્કેટામાં આવેલી છે. વલ્લભ વિદ્યાનગરની જેમ જ આર્કેટા ગણી શકાય. સાન ફ્રાન્સિસ્કોથી ઉત્તરમાં ૪૮૦ કિલોમીટર (૩૦૦ માઈલ) દૂર આર્કેટા આવેલું છે. બર્કલીથી દૂર કૉન્ફરન્સ વગર ગયેલો ન હતો. ભારતમાં પણ ખાસ ફરેલો ન હતો. સૌથી પહેલું કામ ગાડી (Car) લેવાનું અને ગાડી ચલાવવાનું ડ્રાઇવર લાઇસન્સ લેવાનું. લાઇસન્સ માટે લેખિત પરીક્ષા આપવી પડે. આના માટે કેલિફૉર્નિયા રાજ્યનું નાનુ પુસ્તક હોય છે. જે પ્રમાણમાં સરળ હતું, તે બરાબર વાંચીને લેખિત પરીક્ષા સરળતાથી પાસ કરી. ગાડી ચલાવવાની પરીક્ષા લેવા માટે ગાડી ચલાવતાં શીખવું પડે. બધાંને યાદ દેવડાવું કે ૧૯૭૦ની આસપાસ ફક્ત મિલમાલિકો કે પૈસાદાર વર્ગ જ ગાડી રાખી શકતા. અમેરિકા આવતાં પહેલાં ભારતમાં ગાડી ચલાવવાનું શીખવાનું વિચારેલું નહિ. નસીબજોગે જ્યાં રહેતા હતા તેની નજીકની હાઈસ્કૂલમાં ઉંમરલાયક માણસોના સ્કૂલના વિભાગમાં થોડીક ફી લઈને ડ્રાઇવિંગ શીખવતા. આવા ક્લાસમાં જોડાયો. સાંજના પાંચ વાગ્યાના સમયે અમારા સાહેબ અમને ચાર વિદ્યાર્થીઓને ભરચક ટ્રાફિકમાં લઈ ગયા (એક વિદ્યાર્થી ચલાવીને લાવેલો). આ ગાડી ખાસ પ્રકારની હોય છે તેમાં બે બ્રેકો હોય છે. ડ્રાઇવરની અને તેની પાસે બેઠેલા શિક્ષકની. મને એમ હતું કે અમારા સાહેબ બધું બરાબર બતાવીને અમને ચલાવવાનું શીખવશે. તેમણે તો ભરચક ટ્રાફિકમાં મને ચલાવવા કહ્યું. મને ક્યાં બ્રેક હોય કે એક્સિલરેટર હોય તેનો ખ્યાલ પણ ન હતો. મારો કલાક પૂરો થયો ત્યાર પછી તેમણે મને કહ્યું કે બ્રેક અને એક્સિલરેટરનો મને બરાબર ખ્યાલ નથી, તેમને કઈ રીતે સમજાવું કે આવું ધ્યાનથી જોવાનો પ્રસંગ મળ્યો જ નથી. બહુમાં બહુ તો સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં બેઠો હોઈશ અને તેમાં ડ્રાઇવરની જોડેની સીટમાં બેસવાનું ભાગ્યે જ બન્યું હોય. મિત્રો અને અમારા આ શિક્ષકની મદદથી ડ્રાઇવર લાઇસન્સ મેળવ્યું.

પરણેલા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી સસ્તાં એપાર્ટમેન્ટ રાખે છે તેમાં અમે રહેતા હતા. ત્યાં રહેતા એક ભાઈ નવી 'ઇમ્પાલા (Impala)' ગાડી લાવેલા અને તેમની જૂની ઇમ્પાલા $ ૨૫૦માં વેચવાની હતી. અમારા મિત્ર મનહરભાઈને મશીનોનો વધારે ખ્યાલ આવે આથી તેમને જોવા લઈ ગયો અને તેમને ખરીદવી યોગ્ય લાગી. આથી અમોએ ખરીદી. તમને તે સમયનો ખ્યાલ આવે તે માટે જણાવું કે આ જ ગાડી આશરે બે વર્ષ પછી $ ૨૫૦માં વેચી અને નવી જ ડૉજ ડાર્ટ (Dorge Dart) ગાડી આશરે $ ૩૦૦૦માં ખરીદેલી. પેટ્રોલની કિંમત ગેલનની (આપણા આશરે ચાર લીટર) ત્રીસ સેન્ટ (૩૦) હતી.

આર્કેટા જવાનો રસ્તો નકશાઓથી બરાબર જાણી લઈએ ઑગસ્ટ ૧, ૧૯૬૯ના રોજ સવારના નવેક વાગે હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી જવા નીકળ્યા. ઇમ્પાલા ગાડી પ્રમાણમાં લાંબી હતી અને ટ્રન્ક પણ સરસ હતી. અમારો સામાન જેમાં બે એલ્યુમિનિયમનાં તપેલાં, થોડાંક

વાસણો, પુસ્તકો અને કપડાં હતાં. અડધાથી વધારે ગાડી ખાલી હતી. જિંદગીમાં પહેલી જ વખત લાંબું ચલાવીને જતો હતો. જરાક હસવા જેવી વાત તો એ છે કે દર ૧૦૦-૧૨૫ કિલોમીટરે પેટ્રોલ પમ્પે જઈને હવા, પાણી અને ઑઇલ ચેક કરતો જે અત્યારે ૫૦૦ કિલોમીટરે કરું છું. લગભગ બપોરના એક વાગે નદીના કિનારે જંગલોમાંથી પસાર થતા હતા. આ જંગલોનાં વૃક્ષો લગભગ ૬૦થી ૭૦ મીટર (લગભગ ૨૦૦ ફૂટ) ઊંચાં હતાં. થડમાંથી ગાડી ખુશીથી પસાર થઈ શકે. એટલું બધું સુંદર લાગે કે મને એમ થયું કે અમે સ્વર્ગમાં જઈ રહ્યા છીએ. આપણા લેખક સ્વ. ભોળાભાઈની સાથે સાન ફ્રાન્સિસ્કોથી આર્કેટા અને આર્કેટાથી સાન ફ્રાન્સિસ્કો આવતાં જતાં અમે આ જ નદીના કિનારે વૃક્ષોના વૃંદમાં ઊભા રહેલા. ભોળાભાઈ વૃક્ષોને બાથ ભીડાવે અને ઊંચે ટોચ સુધી જોવા પ્રયત્ન કરે અને કહે, ‘‘આ તો ભીષ્મપિતા છે’’ આ વૃક્ષોની સરખામણીમાં આપણે મગતરા જેવા લાગીએ.

લગભગ સાંજના ત્રણ કે ચાર વાગે હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીના કેમ્પસે પહોંચ્યા. ગણિત વિભાગ શોધી કાઢ્યો. કેમ્પસની બાજુમાં જાહેર ધોરી રસ્તો (હાઈવે) પસાર થાય છે અને આર્કેટા ગામમાં જવા-આવવા માટે આ ધોરી રસ્તો ઓળંગવો પડતો. આના માટે સિગ્નલ હતું. આ સિગ્નલ કાઢી નાખીને સરસ હાઈવે બનાવવા માટે હાઈવેની આજુબાજુનાં મકાનો તોડી પાડવા માટે કેલિફૉર્નિયા રાજ્યે ખરીદેલાં. હમ્બોલ્ટે આવું એક એપાર્ટમેન્ટ કૉમ્પ્લેક્સ ભાડે રાખેલું. બે કે ત્રણ એપાર્ટમેન્ટ્સમાં ગણિત વિભાગના અધ્યાપકોની ઑફિસો હતી. આ ઑફિસો જોઈને કમકમાટી થઈ ગઈ. અરે ભગવાન, આવી જગ્યામાં જિંદગી કાઢવી પડશે ? જો પૈસાની જરૂર ન હોત તો પાછા જવાનો વિચાર કર્યો હોત. આ કામચલાઉ ઑફિસો છે તે ત્યાં રહ્યા પછી ખબર પડી. મારો નંબર છેલ્લો હોવાના કારણે, મને ગણિત વિભાગની કોઈ ઑફિસ ખાલી ન હોઈએ, ઘણે દૂર ઑફિસ આપી. નસીબજોગે આ ઑફિસ હમ્બોલ્ટના સારામાં સારા મકાન ફાઉન્ડરસ હૉલમાં (Founders Hall) હતી. અમે બે જણ ઑફિસમાં હતા. સરસ અને મોટી ઑફિસ હતી. ઑફિસમાં કોઈનું કોઈ આવતું- જતું હોય ત્યાં મારા માટે કામ કરવું અઘરું હોય છે, આથી સામાન્ય રીતે હું ભણાવવાની તૈયારી ઘેર જ કરતો.

અઠવાડિયું હૉટલમાં રહ્યા. ભાડે છેલ્લી મિનિટે એપાર્ટમેન્ટ કે ઘર મેળવવું કેટલું મુશ્કેલ હોય છે તેનો અનુભવ થયો. છાપાની ઘરના ભાડાની જાહેરાતો, હમ્બોલ્ટની ઑફિસમાંથી ભાડે આપવાનાં મકાનોનાં સરનામાં લઈને જઈએ, પણ પહોંચીએ તે પહેલાં તો ઘણા બધા વિદ્યાર્થીઓ પણ ભાડે મકાનો શોધતા હોઈએ ભાડે અપાઈ ગયું હોય. આખરે આર્કેટાથી પંદર કિલોમીટર દૂર યુરેકામાં (Eureka) ઘર ભાડે મળ્યું. માફકસરનું સરસ ઘર હતું. આવવા જવાનો સમય અને ખર્ચ વહેલા ન આવવાના કારણે વધ્યો. ફર્નિચર પણ ધીરે ધીરે ખરીદ્યું.

ભણાવવાનું શરૂ થાય તેના અઠવાડિયા અગાઉ મોટા સભાગૃહમાં અધ્યાપકો અને સ્ટાફની મિટિંગ સોમવારે સવારે નવ વાગે મળે તેવો હમ્બોલ્ટનો રિવાજ છે. ૪,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૬,૦૦૦ વિદ્યાર્થીઓ છેલ્લા બે વર્ષમાં થયા અને સ્ટાફ પણ ૨૫% વધ્યો. આ ૧૯૬૯ની વાત છે. હાલ હમ્બોલ્ટમાં આશરે ૯,૦૦૦ વિદ્યાર્થીઓ હશે. હમ્બોલ્ટના તે સમયના પ્રેસિડન્ટ સિમ્મન્સે (Simmons) સ્ટેટ તરફથી મંજૂર થયેલા બજેટની, વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલા વધારાની, નવાં મકાનોના બાંધકામની અને નવા આવેલા અધ્યાપકોની માહિતી આપી. દરેક કૉલેજના ડીનને નવા આવેલા અધ્યાપકોની ઓળખાણ કરાવવા વિનંતી કરી. આ પછી ચા, કૉફી પીને બધા છુટ્ટા પડ્યા. નવા આવેલા અધ્યાપકોના ગ્રૂપના ફોટા લેવાય.

બપોરના દોઢ વાગે દરેક કૉલેજોના અધ્યાપકોની મિટિંગ સામાન્ય રીતે હોય. અમારી સાયન્સ કૉલેજની મિટિંગ ડીનના પ્રમુખપદે મળી અને બજેટની અને નવા પ્રોજેક્ટની માહિતી ડીને આપી. સાયન્સ કૉલેજના દરેક વિભાગના વડાઓએ નવા આવેલા અધ્યાપકોની વિસ્તારથી ઓળખાણ આપી. ગણિત વિભાગમાં અમે ચાર જણ નવા હતા. લાઇબ્રેરીના સ્ટાફે લાઇબ્રેરીની વિગતે માહિતી આપી. નવાં પુસ્તકો, નવા જર્નલો માટેના સ્ટાફની ઓળખાણ કરાવી. લાઇબ્રેરીનું કાર્ડ નવા આવનારે કઈ રીતે મેળવવું તેની માહિતી આપી.

લગભગ ત્રણેક વાગે દરેક વિભાગોની મિટિંગ

હોય અને નવા આવનારની ફરી ઓળખાણ અપાય. તમારે નવા આવનારને ન ઓળખવા હોય તોયે ઓળખવા પડે !! અભ્યાસક્રમની કમિટીઓની, બજેટની ઘણી બધી ચર્ચાઓ થયેલી.

એટલું યાદ છે કે ૧૯૬૯માં તમારે કૅમ્પસ ઉપર ગાડી પાર્ક કરવી હોય તો સ્ટેટે તે માટે પાર્કિંગ ફીની શરૂઆત કરેલી અથવા ફીમાં પ્રમાણમાં મોટો વધારો કરેલા. ઘણા બધા અધ્યાપકો ઊંચાનીચા થયેલા. એમાં નવાઈ ખરી !! મેં પણ સેમિસ્ટરની પાર્કિંગ ફી ભરી દીધી.

આ બધાની મારા ઉપર ખૂબ જ મોટી અસર થઈ. હું ભૂલી ગયો કે હું પરદેશી છું, હમ્બોલ્ટનો છું તેવી લાગણી થઈ, હમ્બોલ્ટમાં નિવૃત્ત થવા માટે કોઈ ઉંમર નથી. તમને યોગ્ય લાગે ત્યારે તમે નિવૃત્ત થઈ શકો. મને ભણાવવું એટલું બધું ગમતું કે હું ત્યાંના મારા મિત્રોને કહેતો કે મારી ઠાઠડી ક્લાસમાંથી જ કાઢવી પડશે. ન્યાયાધીશો, અધ્યાપકો વગેરે નિવૃત્ત થાય ત્યારે EX કહેવાને બદલે તેમને અંગ્રેજીમાં Judge Emeritus કે Professor Emeritus તરીકે સંબોધવામાં આવે છે. Emeritus Professorને કૅમ્પસ ઉપર ગાડી પાર્ક કરવા માટે પ્રોફેસરની જેમ પાર્કિંગ ફી ભરવી પડતી નથી. જોઈએ તેટલાં પુસ્તકો જો કોઈની માગ ન હોય તો એક વર્ષ માટે લઈ શકે છે. સંશોધન કે લેખન માટે જોઈએ તો ઑફિસ પણ આપે છે. કૅમ્પસના મધ્યે ઊંચા થાંભલા ઉપર અમેરિકાનો, કેલિફૉર્નિયાનો અને હમ્બોલ્ટનો એમ ત્રણ ધ્વજો સાથે સવારના આઠથી સાંજના છ સુધી ફરકાવવામાં આવે છે. જો કોઈ અધ્યાપક, સ્ટાફના સભ્ય અને Professor Emeritusનું નિધન થાય, તો આ ત્રણે ધ્વજો નિધન થનારના માનમાં અર્ધી કાઠીએ (Half-mast) ફરકાવવામાં આવે છે.

વર્ગો શરૂ થાય તે પહેલાં નવા વાતાવરણથી પરિચિત થવાનું, ભણાવવાનાં પુસ્તકો અને કેટલું ભણાવવાનું વગેરે માહિતી મેળવવાની અને ઘરના લગતું પણ કામ હતું. દુનિયામાં ગમે ત્યાં જાઓ તોપણ 'અતિથિ દેવો ભવ'નો ભાવ મળે પણ મને આથીયે વધારે અમેરિકામાં જોવા મળ્યું. અમારા હમ્બોલ્ટ આવ્યા પછી અમને જોઈતી બધા જ પ્રકારની મદદ કરવા પ્રો. મસલમેન (Musselman) હતા. તેમણે અમને મદદ કરવાનું સ્વીકાર્યું તે પહેલાં તેમને ભારત સાથે કોઈ પણ સંબંધ ન હતો. તેમણે અમોને અને તેમના બે અંગ્રેજી વિભાગના મિત્રોને સાંજના જમવાનું આમંત્રણ આપ્યું. અમે તેમના ત્યાં પહોંચ્યા તે પહેલાં તેમના બે મિત્રો તેમની પત્નીઓ સાથે આવી ગયેલા. તમે કલ્પી શકો છો કે અમને શું આપ્યું હશે ? કેસરવાળું દૂધ. જમવામાં પણ તમને આશ્ચર્ય થશે પણ પુસ્તકમાં જોઈને રોટલીઓ બનાવવા માટે લોટ બાંધી રાખેલો અને વેલણ પણ તાજું જ સ્ટોરમાંથી ખરીદેલું. લતિકાએ રોટલીઓ બનાવવામાં મદદ કરી. દાળ, ભાત, શાક, રોટલી, રાયતુ અને કચુંબર હતું. આ ખોરાક અને તેમનો ખોરાક ગુજરાતી અને અંગ્રેજી જેટલાં જુદાં છે. આવો ખોરાક (અમને જમાડેલ) તેમને કોઈ દિવસ જોયો પણ નહિ હોય, છતાંયે અમારા માટે કેટલી બધી તકલીફ લઈને તૈયાર કર્યો. કઈ રીતે આવા માણસોની મહેમાનગતિ ભૂલી શકાય ?

આશા રાખીએ કે આપણે પણ જુદીજુદી કૉલેજોના અધ્યાપક ગણાવાને બદલે કડી સર્વ વિદ્યાલયના અધ્યાપક છીએ તેવું વાતાવરણ ઊભું કરીએ. વર્ષની શરૂઆતમાં ગાંધીનગર કૅમ્પસની બધી કૉલેજોના અધ્યાપકો ઑડિટોરિયમમાં મળે, નવા આવેલા દરેક કૉલેજના અધ્યાપકોની ઓળખાણ કરાવીએ અને ચા, કૉફી પીને છૂટા પડીએ. આ જ રીતે કડી કૅમ્પસમાં પણ કરીએ. કોઈ પણ કેળવણીની સંસ્થાનું હૃદય અધ્યાપકગણ છે. તેને બરાબર ધબકતું રાખીએ.

(નરસિંહજીના મંદિર પાસે,
ઉવારદસ રોડ, તા.જિ. ગાંધીનગર.)
મો. ૯૪૨૮૦૧૯૦૪૨

જે કંઈ 'પ્રાચીન'ને નામે ખપે છે તે બધાનો હું આંધળો ભક્ત નથી. જે કંઈ અનિષ્ટ હોય, નીતિભ્રષ્ટ હોય, એ બધું ચાહે એટલું પ્રાચીન હોય તોયે તેનો નાશ કરતાં હું અચકાતો નથી. પણ સાથે સાથે મારે કબૂલ કરવું રહ્યું કે, પ્રાચીન પ્રણાલીનો હું પૂજક છું.

**મો૦ ક૦ ગાંધી**

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

શીર્ષક : **કારકિર્દી માર્ગદર્શન (કરિયર ગાઈડન્સ)**
સંપાદક : હરગોવિંદભાઈ એન. પટેલ અને વિષ્ણુભાઈ જી. પટેલ, પ્રકાશક : સંપાદકો (૯, અજંટા સોસાયટી, ગણપતિ મંદિર પાસે, મહાવીરનગર, હિંમતનગર - ૩૮૩૦૦૧, ફોન નં. ૦૨૭૭૨ - ૨૩૧૬૧૧, ૨૦૧૫. ૧૦૪ પૃ. કિં. રૂ. ૮૦

હિંમતનગરની આર્ટ્સ - કૉમર્સ કૉલેજના સેવાનિવૃત્ત સહૃદયી, સેવાપરાયણ અને કર્મઠ ગ્રંથાલયી શ્રી હરગોવિંદભાઈ પટેલ અને તેમના સહયોગીએ પોતાની વ્યવસાયિક કારકિર્દી દરમિયાન વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી સંદર્ભે તેમની મૂંઝવતી સમસ્યાઓના ઉકેલ અર્થે અધિકૃત સ્રોતોમાંથી ખોળીને ઉપયોગી માહિતી પૂરી પાડેલ તે અહીં ગ્રંથસ્થ કરવામાં આવી છે. બીજા શબ્દોમાં અહીં તેમના અંગત રસ અને ચાર દાયકાની માહિતીસેવાના અનુભવનો અર્ક પ્રસ્તુત કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે પ્રત્યેક વિદ્યાર્થીની કે વાલીને પોતાના પાલ્યની ધોરણ ૧૦, ૧૨, સ્નાતક કે અનુસ્નાતક થયા બાદ વ્યવસાયિક કારકિર્દીના ઘડતર માટે કે ઉચ્ચ અભ્યાસ અર્થે શું કરવું જોઈએ તેની સમસ્યા સતાવતી હોય છે. આ સમસ્યાના હલ અર્થે સંપાદકોએ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને સ્નાતક સ્તરે વ્યવસાયની ઉજ્જ્વળ તકો ધરાવતા ટૂંકા કે લાંબા સમયગાળાના અભ્યાસક્રમો, આ બધા અભ્યાસક્રમો કઈ કઈ સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે, પ્રવેશ લાયકાત અને પ્રવેશપ્રક્રિયા, વયમર્યાદા, ઉપલબ્ધ બેઠકો, સમયગાળો, ફીનું ધોરણ, અભ્યાસક્રમનું સ્વરૂપ અને પરીક્ષા પદ્ધતિ, અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ રોજગારીની તકો – કેટલાક કિસ્સાઓમાં તો પ્રતિવર્ષ કેટલા પ્રશિક્ષિત યુવકો બહાર પડે છે અને તેની સામે તેમની કેટલી માંગ છે તેની આંકડાકીય વિગતો સાથે, પસંદ કરેલ અભ્યાસક્રમમાં વધુ અભ્યાસની તકો વગેરે સંબંધી આધારભૂત માહિતી પૂરી પાડી છે. સ્ટાફ સિલેકશન કમિશન – વર્ગ ૩, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન – વર્ગ ૧ અને ૨ અને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન – આઈ. એ. એસ. અને અન્ય આનુસંગિક પરીક્ષાઓ વગેરે દ્વારા લેવામાં આવતી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને આ પરીક્ષાઓ માટે પ્રશિક્ષણ પૂરું પાડતી સંસ્થાઓ વિશે આપેલ વિગતપ્રચૂર માહિતી ધ્યાનાર્હ બની રહે છે.

વિવિધ વર્ગોના ઉપયોગકર્તાઓ સરળતાથી આ માહિતીનો ઉપયોગ કરી શકે તે હેસુર સમગ્ર વિષયવસ્તુ કુલ ૫ વિભાગોમાં વિભાજિત કરીને રજૂ કરવામાં આવ્યું છે. ૧. ધોરણ-૧૦ પછીના ૭ વિષય ક્ષેત્રો, ૨. ધોરણ-૧૨ અને સ્નાતક-અનુસ્નાતક પછીના ૩૩ અભ્યાસક્રમો, ૩. સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ૪. એ. મહત્ત્વની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે – સમગ્રલક્ષી માહિતીપ્રદાન કરતા લેખો, ૪. – બી. મહત્ત્વના વ્યવસાયલક્ષી ૧૨ અભ્યાસક્રમો જેમ કે ફૅશન ટૅક્નોલોજી, બાયોટૅક્નોલોજી, નર્સિંગ, બૅંકિંગ સેવાઓ, જ્વેલરી ડિઝાઈન, સી. એ., સી. એસ. વગેરે ચલાવતી સંસ્થાઓનાં નામ-સરનામાં, ફી, અભ્યાસક્રમ વગેરે માહિતી અને ૫. રાજ્યની  અનુદાનિત, ખાનગી, કેન્દ્રિય અને ડિમ્ડ યુનિવર્સિટીઓની યાદી – સરનામું અને વેબસાઈટ સહિત, ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય – લોન, શિષ્યવૃત્તિઓ ક્યાંથી મળી શકે તેની સરનામા સાથે વિગતો, સરકારી વિભાગોમાં વણપુરાયેલી ખાલી જગ્યાઓની આંકડાકીય વિગતો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં નિર્દેશિત પ્રત્યેક વિભાગ અને તેના પ્રત્યેક યુનિટ સંબંધી અધિકૃત અને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી છે. અને છેલ્લે કઈ સ્પર્ધાત્મક પરીક્ષા માટે શું વાંચવું અને તે ક્યાંથી ઉપલબ્ધ થશે તેની પણ માહિતી આપવામાં આવી છે.

કરિયર ગાઇડન્સ સંદર્ભે ચોક્કસ અને અધિકૃત માહિતીના અભાવે વિદ્યાર્થીઓ પોતાની રસ-રુચિને ધ્યાને લીધા સિવાય પરંપરાગત કે ઘર આંગણે ઉપલબ્ધ અભ્યાસક્રમો કે વ્યવસાયમાં જોડાઈ જતા હોય છે અને પાછળથી પસ્તાવો વ્યક્ત કરતા હોય છે તેવી પરિસ્થિતિમાં પ્રસ્તુત પુસ્તિકા વિદ્યાર્થીઓ – વાલીઓ અને શિક્ષકો માટે ભોમિયા સમાન બની રહેશે.

**– મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### એથ્લેટીક મીટ - ૨૦૧૪

◆ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના યજમાન પદે પાંચમી એથ્લેટિક્સ મીટ - ૨૦૧૪નું આયોજન તા. ૧૬/૧૨/૧૪ના રોજ સ્પોર્ટસ એથ્લેટિક્સ ઑફ ઇન્ડિયાના ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૬ કૉલેજોના ૩૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા, SAIના ડાયરેક્ટર શ્રી આર. કે. નાયડુ, કમ્પ્યૂટર સાયન્સના ડીન ડૉ. એન. એન. જાની, બી. બી. એ. કૉલેજના ડિરેક્ટર ડૉ. રમાકાન્ત પ્રુષ્ટી, યજમાન કૉલેજના આચાર્ય ડૉ. જે. જે. ભટ્ટ તથા ઉપાચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા ઉપરાંત અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી ડી. ટી. કાપડિયાએ વિદ્યાર્થીઓને પૂરા ઉત્સાહથી રમતોમાં ભાગ લેવા માટે શીખ આપી હતી. કાર્યક્રમનું આયોજન – સંચાલન શારીરિક શિક્ષણના પ્રા. ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ પ્રા. સમીર પંડ્યાએ કરી હતી. આ મીટમાં  સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગના ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પૈકી ચૌધરી પ્રિયંકા ચક્રફેંકમાં પ્રથમ નંબર, ચૌધરી જાગૃતિ ઊંચો કૂદકો અને લાંબો કૂદકો પ્રથમ નંબર તથા રાવલ જીલે ૧૫૦૦ મીટર દોડમાં બીજા નંબરે વિજેતા થયેલાં છે. પટેલ શિવાની અને પટેલ ભૂમિકા ખોખોમાં તથા કબડ્ડીમાં ખારા ક્રિશ્ના યુનિવર્સિટી સ્તરની સ્પર્ધા માટે પસંદગી પામ્યાં છે.

### કથાસંધિ

◆ સાહિત્ય અકાદમી, નવી દિલ્હી અને ઉમા આર્ટ્સ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'કથાસંધિ' કાર્યક્રમનું આયોજન કૉલેજના ખીમજી વિસરામ સંસ્કાર ભવનમાં તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે અકાદમી દ્વારા જાણીતા પ્રતિભાસંપન્ન સર્જક શ્રી મોહનલાલ પટેલને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે પ્રારંભમાં પોતાની 'કેફિયત'માં ટૂંકીવાર્તા પ્રત્યેનો લગાવ, વાંચન, ટૂંકીવાર્તાઓની વિશેષતાઓ, ટૅક્નિક વગેરે વિશે લાઘવતાપૂર્વક જણાવીને પોતાની ટૂંકીવાર્તા 'એ રઢિયાળા દિવસો'નો પાઠ કર્યો હતો અને ત્યારબાદ આ વાર્તાનો રસાસ્વાદ કરાવીને તેના કળાસૌંદર્યનો પરિચય કરાવ્યો હતો. આ વાર્તા ઉપરાંત 'ગામની વહુવારુઓ' વિશે પણ સંક્ષેપમાં સમજ આપી હતી. સમારોહની અધ્યક્ષતા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. અમૃતા પટેલે સૌ આમંત્રિતોનું સ્વાગત કરીને મહેમાનોનો પરિચય કરાવ્યા બાદ કૉલેજની પ્રવૃત્તિઓની ઝલક પ્રસ્તુત કરી હતી. સાહિત્ય અકાદેમીની ગુજરાતી ભાષાની સલાહકાર સમિતિના સભ્ય શ્રી મણિભાઈ પ્રજાપતિએ અકાદેમીની પ્રવૃત્તિઓનો તથા સર્જક શ્રી મોહનલાલ પટેલના ગુજરાતી સાહિત્યમાં બહુઆયામી અને બહુશ્રુત પ્રદાનનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા ડૉ. હીનાબહેને આભારવિધિ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગરના અગ્રણી સાહિત્યકારો અને વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### કરાટે બ્લેક બેલ્ટ

◆ આર. આર. એન. લલિતકલા એકેડેમીના મમતા સ્પોર્ટ્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા તા. ૨૭-૧૨-૨૦૧૪ના રોજ શેઠ ખિમજી વિસરામ સંસ્કાર ભવનમાં કરાટે બ્લેક બેલ્ટ એવોર્ડ સેરેમની - ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે કે. એસ. વી.ના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા તથા અતિથિ વિશેષ તરીકે ડૉ. વીણાબહેન પટેલ અને ડૉ. સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. એકેડેમીનાં પ્રિન્સિપાલ શ્રી દિનાબહેન ડોડીયાએ મહેમાનોનું સ્વાગત કરીને સંસ્થાની પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. કરાટે કોચ રેન્સી

સેલ્વાકુમાર દ્વારા કરાટે કલા સંબંધી પાવરપોઈન્ટ પ્રેઝનટેશન કરવામાં આવ્યું હતું, જ્યારે વિદ્યાર્થીઓએ કરાટે કલાનું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું હતું. આ સમારોહમાં અર્થ પટેલ, દિપાલી નાઈ, પૃથ્વીસ પટેલ, મિહીરસિંહ વાઘેલા, હિરક શાહ, શ્રેયસ વાઘેલા, મૃગેશ બરંડા, સમીર સુમરા અને ગ્રીષ્મા એન્જિનીયરને કરાટે બ્લેક બેલ્ટની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. મંચસ્થ મહાનુભાવોએ પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનોમાં વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી અનિતાબહેન અને આભાર વિધિ રેન્સીસેલ્વા કુમાર દ્વારા કરવામાં આવી હતી.

## ગાંધીનિર્વાણ દિન

◆ ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ગાંધીનગરમાં ૩૦ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ 'મહાત્મા ગાંધી અને સફાઈ' વિષય પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ભાવાંજલિ આપવાના હેતુથી મૌન, સ્વચ્છતાના શપથ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૪૭ બહેનોએ ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. સ્વાતિ પટેલ, બીજા ક્રમે પ્રિયંકા વાઘેલા તથા ત્રીજા ક્રમે કુ. અંજુ ગોસ્વામી અને રીના પટેલ આવ્યાં હતાં. કાર્યક્રમનું આયોજન આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા. પાયલ પંડ્યા અને પ્રા. ભારતીબહેન દલવાડીએ કર્યું હતું.

◆ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ. અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરની કૉલેજોમાં તા. ૩૦-૦૧-૨૦૧૫ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તાલીમાર્થીઓએ સ્વચ્છતા વિશે વિવિધ પ્રકારનાં ચિત્રો દોર્યાં હતાં. કાર્યક્રમનું આયોજન ડૉ. હરિકૃષ્ણ પટેલ અને પ્રા. ભરતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

◆ સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજમાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પ્રાર્થના સભામાં ગીતો, ભજનો, વક્તવ્યો, બુલેટીન બોર્ડની સજાવટ તેમજ ગાંધીજીના જીવનચરિત્રનું આલેખન કરતાં ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, તેમજ ગાંધીજી અને સફાઈ વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સેજલબહેન આચાર્ય તેમજ તાલીમાર્થી બહેનોએ કર્યું હતું.

## ડે ઉજવણી

◆ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૨૯, ૩૦ અને ૩૧/૧૨/૨૦૧૪ના રોજ અનુક્રમે ૧. My Dream Country – India, ૨. Commerce for Common Man, ૩. Best – Out of Waste થીમ આધારિત દિવસો તરીકે ઉજવણી કરવામાં આવી હતી, જેનું આયોજન – સંચાલન પ્રો. નીના ગણેશન અને પ્રો. માધુરી બોસમીયાએ કર્યું હતું.

## નર્સિંગ શપથવિધિ

◆ સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરમાં તા. ૧૬-૧૨-૨૦૧૪ના દિવસે કેન્ડલ પ્રકાશમાં શપથવિધિ કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે વર્ષ ૨૦૧૪માં પ્રવેશ પામેલા બેઝિક બી.એસ.સી. નર્સિંગના ૬૦, જી.એન.એમ.ના ૫૦ તથા એ.એન.એમ.ના ૨૦ વિદ્યાર્થીઓએ નર્સિંગને વ્યવસાય તરીકે સ્વીકાર્યાના સોંગદ લીધા હતા. કાર્યક્રમના પ્રમુખ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું તથા નર્સિંગ કૉલેજના દાતાશ્રી મફતલાલ પટેલ (યુ.એસ.એ.) તથા તેમના પુત્ર શ્રી સ્વેતલ પટેલ (યુ.એસ.એ.) મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા તથા સંવેદના ફાઉન્ડેશનના સી.ઓ. શ્રી ભાઈલાલભાઈ પટેલ તથા પટેલ બ્રધર્સના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી તુલસીભાઈ પટેલ (યુ.એસ.એ.) તથા શ્રી મહેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવોએ નર્સિંગ તાલિમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં. પ્રિન્સિપાલ શ્રીમતી રવિનાબહેને કૉલેજનો પ્રગતિ અહેવાલ પ્રસ્તુત કર્યો હતો.

## પરિસંવાદ

◆ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૦/૧૨/૧૪ના રોજ બ્રહ્માણીકૃપા હૉલ ખાતે ઇન્ડસ્ટ્રીયલ પૉલિસી – ૧૯૯૧ હેઠળ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ વર્તમાન ઔદ્યોગિકનીતિ તથા હરીફાઈ અને MRTP કાયદાથી પરિચિત કરાવવાનો રહ્યો હતો. આ કાર્યક્રમમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ. જિગ્નેશ કોન્ગલ, પ્રિન્સિપાલ નારાયણ ગુરુ કૉમર્સ કૉલેજ, અમદાવાદ હાજર રહ્યા હતા. આ પરિસંવાદમાં કૉલેજના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન

અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપિકાઓ ડૉ. રાધા તિવારી અને શ્રીમતી દીપલ કોઠિયાએ કર્યું હતું. આ ઉપરાંત જાહેર પ્રવચન ક્ષેત્રે રસ ધરાવતા ૩૦ વિદ્યાર્થીઓ માટે તા. ૧૯/૧૨/૧૪ના રોજ કાર્યશિબિર યોજવામાં આવ્યો હતો, જેનું આયોજન અને સંચાલન પ્રો. જીનાલી પટેલે કર્યું હતું.

## પ્રજાસત્તાક પર્વ

◆ ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય પરેડ માટે સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રેક્ષા પટેલ તથા બી. એસસી. નર્સિંગની વિદ્યાર્થિનીઓ કુ. ઝીલ પરેશભાઈ રાવલ, કુ. હિરલ રમેશચંદ્ર ત્રિવેદી, કુ. પૂજા અશ્વિનભાઈ ઠાકર તથા મિરલકુમારી રમેશકુમાર ખાંદલની પસંદગી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે સંરક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં બધાં રાજ્યોની પ્રસ્તુતીમાંથી ગુજરાત રાજ્યનો પ્રથમ નંબર આવ્યો હતો. સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગની આ વિદ્યાર્થિનીઓને સંરક્ષણ મંત્રાલય તરફથી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

## પ્લેસમેન્ટ

◆ બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી. બી. એ.), ગાંધીનગર દ્વારા તા. ૨૦/૧૨/૧૪ના રોજ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવતાં ગાંધીનગરની કંપની ''ટેક્ષ ટેકર ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ'' દ્વારા ૩૦ જેટલાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં ઇન્ટરવ્યૂ લઈને ક્વોલિટી એસ્યોરન્સ અને કસ્ટમર સર્વિસ જેવી જગ્યા માટે પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૨૨/૧૨/૧૪ના રોજ પ્લેસમેન્ટ ઓપ્ટિમેક્સ પેસ્ટ મેનેજમેન્ટ કંપની અને રિલાએબલ ફર્સ્ટ જેવી પ્લેસમેન્ટ એજન્સીઓએ કૉલેજના ભૂતપૂર્વ ૪૦ જેટલા વિદ્યાર્થીઓનાં ઇન્ટરવ્યૂ લીધાં હતાં. પસંદગી પામેલ વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨૫,૦૦૦/- જેવી માતબર રકમથી નોકરી આપવામાં આવશે. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ અને પ્રો. આશિષ ભુવાએ કામગીરી બજાવી હતી.

◆ તા. ૩૦-૧-૨૦૧૫ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ઇન્ડસ્ટ્રી ઇન્સ્ટિટ્યૂટ ઇન્ટરેકશન સેલ તથા ભારતની નામાંકિત કંપની ટીસીએસના સંયુક્ત ઉપક્રમે બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ તથા મધુબહેન પોપટલાલ કૉમર્સ કૉલેજ ઍન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, કડીના સેમેસ્ટર-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું આયોજન બી. પી. કૉલેજ ઑફ બી. બી. એ., ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પૈકી ૪૪ વિદ્યાર્થીઓ એપ્ટિટ્યૂટ ટેસ્ટમાં પસંદ પામ્યા હતા અને તેમાંથી અંતિમ તબક્કામાં ૧૪ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## યુવક મહોત્સવ

◆ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર સંચાલિત કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ તથા શ્રી એમ. એમ. પટેલ સાયન્સ કૉલેજ ઍન્ડ ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજીના યજમાન પદે તા. ૨૩-૨૪ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સંગત-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પત્રકારત્વ વિભાગની વિદ્યાર્થિની બિનલ જોષીએ કાવ્યપઠનમાં દ્વિતીય ક્રમાંક અને એકપાત્રિય અભિનયમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

સૂરજબા મહિલા બી. એડ. કૉલેજની વિદ્યાર્થિનીઓએ પ્રા. સેજલબહેન આચાર્ય તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં ઇન્ચાર્જ પ્રા. હેતલબહેન સોનીના માર્ગદર્શન હેઠળ વક્તૃત્વ, ડિબેટ, ફોક ડાન્સ, ક્વીઝ, સ્કીટ, રંગોળી, કલે મોડેલિંગ, પોસ્ટર મેકિંગ, સમૂહગીત, કાર્ટૂનિંગ, કોલાઝ વગેરે જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પૈકી કોલાઝમાં ચૌધરી અનેરી આર. પ્રથમ, કલે મોડેલિંગમાં ચૌધરી હર્ષા એચ. તૃતીય સ્થાને તેમજ કાર્ટુનિંગમાં ચૌધરી મયૂરિકા જી. તૃતીય નંબરે થયાં.

## રક્તદાન શિબિર

◆ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચૅરમૅનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પૂર્વ પ્રેસિડેન્ટશ્રી સદ્ગત માણેકલાલ પટેલ 'સાહેબ'ની સ્મૃતિમાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કેળવણી મંડળ દ્વારા કાલુપુર કો-ઓ- બૅંક લિ. અને ઇન્ડિયન રેડક્રોસના સહયોગમાં મહા રક્તદાન શિબિરનું આયોજન ગાંધીનગર અને કડી કેમ્પસમાં કરવામાં આવતાં સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા ૫૯૩ બૉટલ રક્તદાન કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય સેવા યોજના

◆ ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા

કૉલેજ, ગાંધીનગરની ટી. વાય. બી. કોમની વિદ્યાર્થિની તથા એનએસએસ યુનિટની સક્રિય સિનિયર લીડર કુ. માનસી મેંદપરાની તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની પરેડ માટે પસંદગી થતાં તેમાં ભાગ લીધો હતો. અભિનંદન...

## લઘુકથા

◆ ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને લઘુકથાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને લઘુકથાનું લેખનકાર્ય કરે તે હેતુથી તા. ૨૨/૧૨/૧૪ના રોજ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિતિ મહેમાન શ્રી રમેશભાઈ ત્રિવેદીનો પરિચય કરાવી લઘુકથાક્ષેત્રે તેમને આપેલ પ્રદાનની તથા લઘુકથાના સાહિત્ય સ્વરૂપ વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી. શ્રી રમેશભાઈ ત્રિવેદીએ પોતાની સ્વરચિત લઘુકથાનું પઠન કર્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં નર્સિંગ કૉલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર. જે. વ્યાસ, શ્રી મિતેશભાઈ મોદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના વિષયો ઉપર લેખનકાર્ય કરતાં શીખે તે હેતુથી તા. ૧૩/૦૧/૧૫ના રોજ લેખ લખવાની કળા ઉપર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળા / કૉલેજોમાંથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો.

## લા-કમ્પાસ

◆ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર સંચાલિત ડિપાર્ટમેન્ટ ઑફ એમ. એસસી (આઈટી), એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સાયન્સ અને એલડીઆરપી આઈટીઆરના (એમસીએ) વિભાગ દ્વારા 'નેશન્સલ ટેકનિકલ ફેસ્ટ લા-કમ્પાસ ૨૦૧૫'નું આયોજન તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થી જય મેરજા અને પલક પટેલે ૫૦૦ ફોર્ચ્યુન નામની સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયાં.

## વક્તૃત્વ સ્પર્ધા

◆ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ. કૉલેજ ગાંધીનગરમાં શ્રી અરવિંદ કેન્દ્ર ગાંધીનગર દ્વારા તાલીમાર્થીઓને પ્રકૃતિવાદનો સિદ્ધાંત તેમજ આદર્શ બાળકની લાક્ષણિકતાઓની સમજ કેળવવાના હેતુથી ૨-૩ ફેબ્રુઆરીના રોજ જ્યોતિબહેન થાનકી લિખિત 'સર્વાંગી શિક્ષણ' પુસ્તક આધારિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંને કૉલેજોના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

## વૈકલ્પિક અને સહયોગી સારવાર

◆ સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરમાં 'વૈકલ્પિક અને સહયોગી સારવાર' વિશે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ તરીકે કુ. જે. એસ. પાટીદાર (રજિસ્ટ્રાર, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, અમદાવાદ) ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રસ્તુત વર્કશોપમાં વૈકલ્પિક તબીબી પદ્ધતિ પર લકુલીશ યુનિવર્સિટીના પ્રો. ડૉ. નાગરાજ, યોગના ફાયદા વિશે ડૉ. દીપક પટેલ (બી. એસ. એમ. એસ. રૂદ્રાક્ષ હૉસ્પિટલ), જી.એમ.આર.એસ.ના સાઇક્રાટિક વિભાગના એસોસિએટ પ્રોફેસર ભાવેશ લાકડાવાલાએ 'માઈન્ડ બોડી ટેક્નિકલ' અને ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. હાર્દિકે ઊર્જા ઉપચાર પર વક્તવ્યો આપ્યાં હતાં. પ્રિન્સિપાલ શ્રીમતી રવિનાબહેને કૉમ્પલિમેન્ટરી અલ્ટરનેટી થેરાપીનો નર્સિંગ પ્રેક્ટિસમાં ક્યાં ક્યાં અમલ થઈ શકે તે વિશે સમજ આપી હતી.

## વ્યાખ્યાન

◆ નૂપુર ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ સાયન્સ ઍન્ડ રિસર્ચ સેન્ટર, વડોદરા દ્વારા ૧૫-૨-૧૫ને રોજ અર્બન સેન્ટર બરફીવાલા ભવન, ખાનપુર ખાતે એક્સચેઈન્જ નર્સિંગ એજ્યુકેશન પ્રોગ્રામ સંબંધિત આયોજિત ઇન્ટરનેશનલ કૉન્ફરન્સમાં સી.એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરનાં વાઈસ પ્રિન્સિપાલ શ્રીમતી ફાલ્ગુનીબહેન મોદીએ 'પ્રમોટિંગ ઈઝી ઍન્ડ સેઈફ ચાઈલ્ડ બર્થ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

## શૈક્ષણિક પ્રવાસ

◆ સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ, કડીની તાલીમાર્થી બહેનોનો શૈક્ષણિક પ્રવાસ તા. ૩૧/૧૨/૧૪થી ૩/૧/૧૫ સુધી યોજાઈ ગયો. જેમાં વિવિધ ધાર્મિક તેમજ ઐતિહાસિક મૂલ્ય ધરાવતા બળદિયા, મુંદ્રાપોર્ટ, માંડવી, અંબેધામ, નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનો મઢ, પાનેન્દ્રો પાવર હાઉસ, રણોત્સવ, ભુજ, અંજાર જેવા સ્થળોનો સમાવેશ થયેલો હતો. પ્રવાસનું આયોજન પ્રા. જગદીશભાઈના માર્ગદર્શન નીચે થયું હતું.

## શાળા વિભાગ

## ઇન્દ્રોડા પાર્કની મુલાકાત

◆ શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહના બી ગ્રૂપના વિદ્યાર્થીઓને ઇન્દ્રોડા પાર્કની મુલાકાતે તા. ૧૨/૧૨/૧૪ના રોજ લઈ જવામાં આવતાં વિદ્યાર્થીઓએ જુદી-જુદી ઔષધિય વનસ્પતિ, આર્થિક અગત્યતા ધરાવતી વનસ્પતિ, કેકટસ હાઉસ, ડાયનાસોર પાર્ક અને ઝુલોજિકલ પાર્કની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં શાળાના શિક્ષકો શ્રી વિપુલભાઈ મેવાડા, શ્રી રાજેન્દ્રભાઈ રાજપૂત, શ્રી નીરજભાઈ પટેલ, શ્રી માધુરીબહેન ભટ્ટ, શ્રી નિમિષાબહેન તેમજ શ્રી ધર્મિષ્ઠાબહેન જોડાયાં હતાં.

## ખરી કમાઈ

◆ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ચાલતી સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ અંતર્ગત 'ખરી કમાઈ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત સ્કાઉટ ગાઈડ શિક્ષક શ્રી સરિતાબહેન ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ ૧૪,૭૯૦/- રૂપિયાનો ફાળો એકત્રિત કરીને મુકબધિર શાળા, સેક્ટર-૨૮ ખાતે ૨૮૦ ફુલસ્કેપ ચોપડાનું તથા સેક્ટર-૧૬ ખાતે આવેલી અંધશાળામાં ૨૦ લિટરનું કૂકર, ઢાંકણા સાથેનાં મોટાં તપેલાં તથા મોટાં ટોકર અને તમામ છાત્રોને કચરિયાનું વિતરણ કરી સેવાકીય ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

## ચિત્રસ્પર્ધા

◆ તા. ૨૦/૧૨/૧૪ના રોજ આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં બજાજ એલાયન્ઝ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના બધા જ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધોરણ પ્રમાણે પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

## ગરમ કપડાંનું વિતરણ

◆ તા. ૦૨/૦૧/૧૫ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કડીમાં ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા એકત્રિત કરેલાં ગરમ કપડાંનું વિતરણ શાળાની આજુબાજુ રહેતાં ગરીબ બાળકોને કરવામાં આવ્યું.

## જનજાગૃતિ કાર્યક્રમ

◆ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા જિલ્લાના માણેકપુર ખાતે શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા આયોજિત રાત્રિ જનજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત રાજસ્થાની નૃત્ય, ગણેશવંદના તથા સાંપ્રત સમયમાં દીકરીઓને સારી સંસ્થામાં અને ઉચ્ચ શિક્ષણ આપવું જોઈએ તે બોધપાઠ આપતું સુંદર નાટક રજૂ કરેલ જેમાં ગામના સરપંચશ્રી માધુભાઈ ચૌધરી, અન્ય અગ્રગણ્ય વ્યક્તિઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### નાટક

◆ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૬-૨-૧૫ના રોજ શેઠ ખિમજી વિશ્રામ હૉલમાં શિવાજીના ઘડતરમાં માતા જીજાબાઈ, દાદા કોંડદેવ તેમજ ગુરુ સમર્થ રામદાસના ફાળાને નાટક સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ અને પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ તથા મુખ્ય અતિથિ તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ વાઈસ-ચાન્સેલર શ્રી હર્ષદભાઈ પી. શાહ ઉપસ્થિત રહ્યા હતા. નાટકની ભજવણી બાદ ધોરણ ૧થી ૮માં પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીઓને મહેમાનોના વરદહસ્તે ઇનામ તથા ટ્રૉફી આપી નવાજવામાં આવ્યા હતા. તા. ૧૦-૨-૧૫ના રોજ ધોરણ ૭નાં બાળકોએ તેમના પાઠ્યપુસ્તકમાં આવતા 'જીવરામ ભટ્ટ' નાટકની ભજવણી કરી હતી. ઉલ્લેખનીય છે કે આ નાટક કવિ દલપતરામના 'મિથ્યાભિમાન' નાટકનો એક અંશ છે. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી ભગવતીબહેને મિથ્યાભિમાનમાં રાચતા કંસ, રાવણ અને દુર્યોધનની વાત કહી હતી. નાટકને અંતે શ્રીમતી રમીલાબહેને મૂલ્યાંકન કર્તા તરીકે પ્રશ્નોત્તરી કરી હતી. તા. ૧૬-૨-૧૫ના રોજ ધોરણ-૩ના વિદ્યાર્થીઓ દ્વારા મહાશિવરાત્રીની ઉજવણી નૃત્ય તથા નાટક દ્વારા કરી હતી. તા. ૨-૨-૧૫ના રોજ ધોરણ ૧ની ચિંતન શિબિરમાં વિદ્યાર્થીઓ દ્વારા શંકર ભગવાનને કેન્દ્રમાં રાખીને 'સાચું તીર્થ' નાટક તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. તા. ૩ ફેબ્રુઆરીના રોજ આયોજિત વાલી સભામાં પણ સર્વધર્મભાવને કેન્દ્રમાં રાખીને માઈમ રજૂ કરવામાં આવી હતી.

## નાતાલ પર્વ

◆ એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં નાતાલ પર્વની ઉજવણી તા. ૨૪ ડિસેમ્બરના રોજ કરવામાં આવી હતી. મધર મેરી તેમજ આકાશમાંથી આવેલી પરીઓની કથાને બાળકોને સુંદર વસ્ત્રાલંકારમાં સજ્જ થઈને અભિવ્યક્ત કરી હતી. બાળકોએ રંગીન કાગળો, શાંતાક્લોઝના ચિત્રો, ક્રિસમસ ટ્રી, ફુગ્ગા, ચળકતા કાગળો વગેરેનો ઉપયોગ કરીને વર્ગખંડો સજાવ્યા હતા.

◆ શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં નાતાલ પર્વ નિમિત્તે તા. ૨૪-૧૨-૧૪ના રોજ ધોરણ ૧થી ૫માં કાવ્યગાન સ્પર્ધા અને ધોરણ ૬થી ૮માં વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાનાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ શાન્તાક્લોઝનો વેશ લઈ તમામ વર્ગોમાં જઈ વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું.

◆ શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કડીમાં તા. ૨૪/૧૨/૧૪ના રોજ શાળામાં નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ નાટક દ્વારા ભગવાન ઈસુનો સંદેશ પાઠવ્યો હતો. જ્યારે નાનાં ભૂલકાંઓ શાન્તાક્લોઝ બન્યાં હતાં. આ ઉપરાંત તા. ૩૧/૧૨/૧૪ના રોજ શાળામાં નવા વર્ષની ઉજવણીના ભાગ રૂપે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

◆ આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૪/૧૨/૧૪ના રોજ નાતાલ પર્વની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત વેશભૂષા, ઝિંગલબેલ, ગીત, અભિનય, ઈસુ ખ્રિસ્તની મૂર્તિ સામે કેન્ડલ સળગાવવી, ક્રિસમસ ટ્રી શણગારવું તથા શાન્તાક્લોઝની પ્રતિકૃતિ બનીને પર્વનું મહત્ત્વ સમજાવવું અને આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પીએચ.ડી.

◆ શ્રી શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરનાં કુ. ચેતના બુચ દ્વારા 'A Comparative Study of Scholastic Achievement of Students of Gujarat State Studying in Gujarati & English Mediums With Reference to Some Variables' વિષય ઉપર રજૂ કરવામાં આવેલ શોધનિબંધને માન્ય રાખીને કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી. તેમણે પ્રસ્તુત સંશોધન કાર્ય એજ્યુકેશન ફેકલ્ટીનાં ડીન ડૉ. વીણાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું, અભિનંદન.

## પૂજ્ય છગનભા વિજય પદ્મ મહોત્સવ

◆ સંસ્થાના આદ્ય સ્થાપક પૂજ્ય છગનભાની સ્મૃતિમાં છગનભા વિજય પદ્મ મહોત્સવ કડી ખાતે ઉજવવામાં આવ્યો હતો જેમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાંથી એથ્લેટિક્સ અને સાંસ્કૃતિક વિભાગમાં **શ્રી જે. બી. પ્રાથમિક શાળા,** ગાંધીનગરે ચેમ્પિયનશિપ મેળવી. આ ઉપરાંત આ શાળાનાં વિદ્યાર્થીઓએ નીચે મુજબ સિદ્ધિઓ મેળવી. વિભાગ-૧ એથ્લેટિક્સ : ૧૦૦મી. દોડ : ચરપોટ ધ્રુવ લખજીભાઈ ૮/સી – તૃતીય; ગોળાફેંક : પરમાર હર્ષ એચ. ૮/જી – પ્રથમ; રાઇફલ શુટિંગ : પારેખ યુગ યુ. ધો-૮/એ – પ્રથમ; લાંબીકૂદ : ધામેચા શિવ એચ. ધો. ૮/એ – દ્વિતીય; વિભાગ-૨ ઇન્ડોર ગેઈમ્સ : બેડમિન્ટન : પટેલ પૂજન જે. ૮/એ – દ્વિતીય; કરાટે : પ્રજાપતિ કિશન ડી. ૮/જી – દ્વિતીય; સ્કેટિંગ : આચાર્ય જય એચ. ૭/ડી. – દ્વિતીય; વિભાગ – ૩ : સાંસ્કૃતિક : કેરમ : પ્રજાપતિ કેયૂર બી. ૮/જી – પ્રથમ, વક્તૃત્વ સ્પર્ધા : પટેલ જીનલ જી. ૮/બી – દ્વિતીય, નિબંધ લેખન સ્પર્ધા : પટેલ કુશલ પી. ૬/એ – તૃતીય. **એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા,** ગાંધીનગરના નીચેના વિદ્યાર્થીઓ પૂજ્ય છગનભા વિજય પદ્મ મહોત્સવમાં વિજેતા થયા : ૧૦૦મી દોડ : આંચલ એ. પટેલ – ત્રીજો; લાંબીકૂદ : મેઘલ બી. ગોહિલ – બીજો; ગોળાફેંક : નિધિ ડી. ગામેતી – બીજો; ટેબલ ટેનિસ : અંજલી એ. ગઢવી – પ્રથમ અને નિબંધ લેખન : સ્વીટી વી. પટેલ – પ્રથમ. **શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,** કડીના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ કુલ છ જનરલ ટ્રૉફીઓ મેળવી શાળાને ચૅમ્પિયન બનાવી હતી.

## પૂ. દાસકાકા યુવક મહોત્સવ / રમતોત્સવ

◆ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા,

ગાંધીનગર ખાતે તારીખ ૧૯-૧-૨૦૧૫ના રોજ સંસ્થાના આદ્ય સ્થાપક પૂ. દાસકાકાની પાવન સ્મૃતિમાં 'પૂ. દાસકાકા યુવક મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી કામિનીબહેન મહંતે પૂ. દાસકાકાના જીવન-ઝરમરની સ્મૃતિઓની ઝાંખી કરાવી હતી, જ્યારે શ્રી જશુભાઈ એચ. સુતરિયાએ મુખ્ય મહેમાનશ્રી ડૉ. આર. જે. વ્યાસનો પરિચય આપ્યો હતો. યુવક મહોત્સવ અંતર્ગત નાટ્ય, વસ્ત્રપરિધાન, ફિલ્મીગીત, સુલેખન, શીઘ્ર વક્તૃત્વ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ 'મહિલા સશક્તિકરણ', 'સુખમય જીવનનું પ્રથમ પગથિયું તંદુરસ્તી', 'ભારતીય સંસ્કૃતિ', 'પરીક્ષામાં ચોરી કરીને વર્ષ બચાવવું કે જીવન બગાડવું છે ?' વગેરે થીમ પર આધારિત નાટકો રજૂ કર્યાં હતાં. તા. ૨૦-૦૧-૨૦૧૫ના રોજ પૂ. દાસકાકા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેમાન તરીકે નારદીપુર હાઈસ્કૂલના આચાર્યશ્રી પ્રવીણભાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રમતનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ રમતોત્સવનું પરિણામ નીચે મુજબ રહ્યું હતું. માધ્યમિક વિભાગ : સંગીત ખુરશી : પ્રથમ નંબર – ઝાલા ધ્રુવી એન., ધો. ૧૦એ, ૧૦૦મી. દોડ પ્રથમ નંબર – ગોહિલ કીર્તિબા એ., ધો. ૭-બ, ગોળા ફેંક પ્રથમ નંબર – ચૌહાણ ભુનેશ્વરી એચ., ધો. ૧૦-S, રસ્સા ખેંચ અને વૉલીબોલ, પ્રથમ નંબર - ધો. ૯-અ, ઉ.મા. વિભાગઃ સંગીત ખુરશી, પ્રથમ નંબર - પટેલ ફેના બી., ધો. ૧૨-અ, ૧૦૦ મી. દોડ : પ્રથમ નંબર - પટેલ જીનલ એચ., ધો. ૧૧-ડ; ગોળા ફેંક : પ્રથમ નંબર - ભાભોર ટ્વિન્કલ એચ., ધો. ૧૧-ઈ, રસ્સા ખેંચ, પ્રથમ નંબર - ધો. ૧૧-બ અને વૉલીબૉલ, પ્રથમ નંબર ધો. ૧૧-સી, આ સ્પર્ધાઓનું આયોજન શ્રીમતી ઉર્વશીબહેન જોશીએ કર્યું હતું. જ્યારે સમગ્ર પરિણામ શ્રી મહેશભાઈ ત્રિવેદી તથા શ્રી વિજયભાઈ પટેલ તૈયાર કર્યું હતું.

## પ્રકૃતિ શિબિર

◆ તા. ૨૨થી ૨૪-૧૨-૧૪ સુધી વન સંશોધન કેન્દ્ર દ્વારા આયોજિત પ્રકૃતિ શિબિરમાં શ્રીમતી આર. જી. કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચ માધ્યમિક શાળાની ઇકોલોજી ક્લબની ૫૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ વનસંશોધન કેન્દ્રની આસપાસનું જંગલ, અરણ્ય ઉદ્યાન, ભૂમિ વિસ્તાર, તેમજ વનચેતનાની પણ મુલાકાત લેવા ઉપરાંત ૨૫-૩૦ પ્રકારનાં પક્ષીઓનું દર્શન, વિવિધ વૃક્ષોની ઓળખ અને તેના ઉપયોગો વગેરેની માહિતી મેળવી હતી. વિદ્યાર્થિનીઓએ બંને દિવસ-રાત્રિ રોકાણ તંબુમાં જ કર્યું હતું. રાત્રિના વિવિધ કાર્યક્રમોમાં કેમ્પફાયર, ચિત્ર વગેરેમાં ભાગ લેવા ઉપરાંત પર્યાવરણ તથા પાણી બચાવો અન્વયે સ્વરચિત નાટકો અને કાવ્ય રચનાઓનું પઠન કર્યું હતું. Global Warming દર્શાવતી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. શિબિરાર્થિનીઓ સાથે ઈકોલોજી ક્લબનાં કન્વીનરશ્રી અમિતાબહેન, શ્રી ફિરોજાબહેન, શ્રી મંજુલાબહેન ડોડિયા અને શ્રી સોનલબહેન હાજર રહ્યાં હતાં.

## પ્રજાસત્તાક પર્વ

◆ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી કેમ્પસમાં ૬૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ભારે ધામધૂમથી કરવામાં આવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ સંપન્ન થયો. આ પ્રસંગે સંસ્થાના ચેરમૅનશ્રી વલ્લભભાઈ પટેલે બાળક, યુવાન તથા નાગરિકોની શી ફરજો છે તે તથા શહીદોની શહાદતને બિરદાવતું પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત ૧૮૫૭ના વિપ્લવ થીમ આધારિત મંડળ સંચાલિત શાળા-કૉલેજો દ્વારા વિવિધ ઝાંખીઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. વિપ્લવનાં પ્રમુખ પાત્રો ઉપરાંત ચાણક્ય, મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, ટીપુ સુલતાન, ચંદ્રશેખર આઝાદ, રામાયણ-મહાભારતના પ્રસંગો વગેરે આધારિત ઝાંખીઓ ઉપરાંત લોકનૃત્યો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. આ ઝાંખીઓનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ સ્વતંત્રતાનું તથા શહીદોની શહાદતનું મૂલ્ય સમજે તથા તેમનામાં રાષ્ટ્રભક્તિ સતત પ્રજ્વલિત રહે તે રહ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રીઓ, કારોબારી સભ્યો, કડીની અન્ય શૈક્ષણિક સંસ્થાના પ્રમુખશ્રી-મંત્રીશ્રીઓ, કડીના અગ્રણી નગરજનો, વાલીઓ ઉપરાંત મંડળ સંચાલિત શાળા-કૉલેજ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

◆ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, સંચાલિત ગાંધીનગર કેમ્પસમાં ચાલતી તમામ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ૬૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ કરવામાં આવી હતી, જેમાં ધ્વજારોહક તરીકે સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ તથા મહેમાન તરીકે દાતાશ્રી

વિષ્ણુભાઈ પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા તથા ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી કનુભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં વ્યસનમુક્તિ તથા સ્વચ્છતા વિશે શીખ આપી હતી. આ ઉજવણી અંતર્ગત કેમ્પસમાં ચાલતી વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રાજ્યોની ઝાંખી કરાવતી પ્રદર્શનીઓ તથા વિવિધ રાજ્યોનાં પ્રસિદ્ધ લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, આચાર્યશ્રીઓ, કર્મચારીગણ તથા વાલીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓએ 'નાગાલૅન્ડ રાજ્યની કૃતિ' વિષય પર નૃત્ય ગીત રજૂ કર્યું હતું. આ નૃત્ય કૃતિ તૈયાર કરાવવામાં શ્રી શારદાબહેન ચોથાણી, શ્રી આશાબહેન, શ્રી રસિલાબહેન, શ્રી અલ્પાબહેન, શ્રી સરોજબહેન, શ્રી ચેતનાબહેન, શ્રી જિજ્ઞાબહેન મોદી વગેરેનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો. આ ઉપરાંત નાગાલૅન્ડ રાજ્ય વિશે પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ નાગાલૅન્ડ પર ચાર્ટ રજૂ કર્યા હતા. જેના કન્વીનર તરીકેની જવાબદારી શ્રી જગદીશભાઈ પટેલે નિભાવી હતી.

શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા જમ્મુ-કાશ્મીર રાજ્યનું લોકનૃત્ય તથા ડાન્સ રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત જમ્મુ-કાશ્મીર પ્રદર્શનમાં જમ્મુ-કાશ્મીરના પહેરવેશ, લોકજીવન, ખાણી-પીણી, જોવાલાયક સ્થળો, બાગ-બગીચા, ભૌગોલિક સ્થાન, ભાષા વગેરે ચાર્ટ સ્વરૂપે રજૂ કરવામાં આવ્યાં હતાં, તેમજ જમ્મુ-કાશ્મીરની પ્રખ્યાત 'શિકારા' હોડી પણ તૈયાર કરવામાં આવી હતી. ત્યાંની વાનગીઓ જેવી કે સફરજન, અખરોટ તથા સેવૈયા સંસ્થાના મુખ્ય મહેમાન ડૉ. કનુભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ તથા પ્રિન્સિપાલશ્રીઓને આપવામાં આવી હતી તથા શિકારા હોડીમાં પણ બેસાડવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી મનિષાબહેન પટેલ અને શ્રી શિલ્પાબહેન પટેલે કર્યું હતું.

## બાળ પ્રતિભા શોધ સ્પર્ધા

◆ ગાંધીનગર શહેર મહાનગર પાલિકા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી દ્વારા તા. ૨/૧/૧૫ના રોજ બાળ પ્રતિભા સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં **શ્રી જે. બી. પ્રાથમિક શાળા**નાં વિદ્યાર્થીઓએ નીચે મુજબ સિદ્ધિઓ મેળવી હતી : વક્તૃત્વ સ્પર્ધા (અ-વિભાગ) : પટેલ ધ્યાન જયદીશભાઈ – પ્રથમ; વક્તૃત્વ સ્પર્ધા (બ-વિભાગ) : પટેલ જીનલ ઘનશ્યામભાઈ – પ્રથમ; એકપાત્રીય અભિનય : ડોડિયા કુલદીપ અજિતભાઈ – પ્રથમ; લોકવાદ્ય : શાહ મીત શૈલેશભાઈ – પ્રથમ; લોકગીત : પટેલ દર્શન ગિરીશભાઈ – પ્રથમ; ભજન - સોલંકી જયદીપ ભરતભાઈ – પ્રથમ; દોહા, છંદ, ચોપાઈ : ગઢવી પાર્થ સુરેશભાઈ – પ્રથમ; લોકવાર્તા : પટેલ યશ કમલેશભાઈ – પ્રથમ; ચિત્રકલા – (અ-વિભાગ) : નિસરતા તેજસ જિતેન્દ્રભાઈ – પ્રથમ; ચિત્રકલા (બ – વિભાગ) : પ્રજાપતિ દીક્ષિત સંજયભાઈ – દ્વિતીય; નિબંધ લેખન (બ – વિભાગ) : શાહ મીત શૈલેશભાઈ – દ્વિતીય; નિબંધ લેખન (અ–વિભાગ) : પટેલ શુભ કમલેશભાઈ – તૃતીય; સર્જનાત્મક કામગીરી : દરજી તીર્થ કેતનભાઈ – દ્વિતીય અને સમૂહગીત : પટેલ દર્શન, સોલંકી જયદીપ, રોય આર્યન, શાહ મીત, લિંબાચીયા દિપેશ અને પારેખ ક્રિસી – પ્રથમ. **શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા,** ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ૧૭ સ્પર્ધાઓમાં ભાગ લઈ નીચે મુજબ સિદ્ધિઓ મેળવી હતી. ૧. અ વિભાગ : નિબંધ : રાધિ કે. પટેલ ૫/અ – બીજો; વક્તૃત્વ : બિનલ રબારી ૫/ડ – બીજો; સર્જનાત્મક : મલેક અલસિફા ૫/ડ – બીજો; એક પાત્રિય : હની પટેલ ૫/અ–પ્રથમ, લગ્નગીત : રાઠોડ હની, ૫/ડ – પ્રથમ. ૨. બ – વિભાગ : નિબંધ – ભાયાણી પ્રિયા, ૭/ક – પ્રથમ; ચિત્રકલા : મહેતા મૈત્રી ૭/બ – પ્રથમ; સર્જનાત્મક : દેસાઈ નીકિતા ૭/ક – પ્રથમ; એક પાત્રિય : દવે વિશ્વા ૭/ડ – બીજો. ખુલ્લો વિભાગ : લોકગીત : બલોલીયા સલીકા – ૭/ડ – ત્રીજો; લોકવાર્તા : પારેખ ખુશી, – બીજો; સમૂહ ગીત – બીજો અને લોકનૃત્ય – બીજો નંબર પ્રાપ્ત કરેલ છે.

◆ જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધનું આયોજન તા. ૦૬-૦૨-૨૦૧૫ના રોજ રુપાલ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં મૃદુલાબહેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિની ભાયાણી પ્રિયા દિલીપભાઈએ દ્વિતીય નંબર તથા એકપાત્રીય અભિનયમાં પટેલ હની

આશિષભાઈએ ત્રીજો નંબર પ્રાપ્ત કરતાં આ બંને વિજેતા બહેનો રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રાજકોટ મુકામે ભાગ લેશે. આ ઉપરાંત શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થી ડોડીયા કુલદીપ અજિતભાઈએ એકપાત્રીય અભિનય સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરતાં રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે.

## માઈન્ડ પાવર

◆ ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા ''મનની શક્તિઓનો વિકાસ (માઈન્ડ પાવર) અંગેનો કાર્યક્રમ તા. ૨૦/૧૨/૧૪ના રોજ ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ – 'બાયસેગ', ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો હતો, જેનું જીવંત પ્રસારણ રાજ્યની તમામ શાળામાં કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ડૉ. જિતેન્દ્ર અઢીયાએ આઠ મુદ્દાઓ : ૧. જીવનનું લક્ષ્ય નક્કી કરો. ૨. લક્ષ્યનું વિઝન બોર્ડ બનાવવું - કેટલા સમયમાં લક્ષ્ય પ્રાપ્ત થશે તે નક્કી કરી બોર્ડમાં લખવું. ૩. નકારાત્મક વિચારો દૂર કરવા. ૪. સફળતા મેળવવા તીવ્ર ઇચ્છા વ્યક્ત કરવી. ૫. માન્યતા નક્કી કરો : જેવું વિચારો, જેવું માનો તેવું જીવન બને. ૬. લક્ષ્યને વારંવાર યાદ કરો, નજરસમક્ષ રાખો. ૭. દૃઢ નિર્ણય કરો : આટલું કામ તો કરીને જ રહીશ અથવા આટલા ગુણ તો લાવવા જ છે. ૮. ઉત્તમ પરિણામ લાવીશ તેની ખાતરી મનમાં રાખવી – શંકા ન કરવી દ્વારા નક્કી કરેલાં લક્ષ્યને કેવી રીતે મેળવી શકાય તે ચિત્રો, વાર્તા અને દૃશ્યો રજૂ કરીને સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળાની કુલ ૨૨ વિદ્યાર્થિનીઓ અને ચાર શિક્ષકો શ્રી મનુભાઈ, શ્રી રશ્મિબહેન, શ્રી કમલેશભાઈ અને શ્રી પંકજભાઈ પી. પટેલે બાયસેગમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રત્યક્ષ નિહાળ્યો હતો.

## માર્ગ સુરક્ષા સપ્તાહ

◆ તા. ૧૬/૧/૧૫ના રોજ શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં વિદ્યાર્થીઓને માર્ગ સુરક્ષા, ટ્રાફિક નિયમન, વાહન ચલાવતાં રાખવી પડતી સાવધાની વગેરે વિશે માર્ગદર્શન આપવાના કાર્યક્રમનું ગાંધીનગર શહેર વસાહત મંડળ અને ગાંધીનગર જિલ્લા પોલીસ વિભાગનાં સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર જિલ્લા પોલીસ વિભાગના એસ. પી. શ્રી વાઘેલા, પી. એસ. આઈ. તોરલબહેન પટેલ, પી. આઈ. શ્રી ગામિત, ગાંધીનગર શહેર વસાહત મંડળના આગેવાનો શ્રી અરુણભાઈ બુચ, શ્રી કિશોરભાઈ જિકાદરા, શ્રી ચેતનાબહેન બુચ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન સહ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ટ્રાફિક સંબંધી સૂત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા વિદ્યાર્થીઓ પૂજન જે. પટેલ, ચિંતન ડી. ભૂપતાણી, નીલ સી. પટેલ, રવિ ડી. પટેલ અને આર્યન એમ. મકવાણાને મહાનુભાવોના વરદહસ્તે ઇનામ આપવામાં આવ્યાં હતાં.

## મૂલ્યલક્ષી શિક્ષણ

◆ શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૩૧-૧-૨૦૧૫ના રોજ દાદા ભગવાન ફાઉન્ડેશન, ત્રિમંદિર, અડાલજના અધ્યાપકો દ્વારા, ધોરણ-૬ના આશરે ૪૦૦ જેટલાં બાળકોને મૂલ્યલક્ષી શિક્ષણ આપી જીવનમાં સુખ, સમૃદ્ધિ અને પ્રગતિ થાય તે હેતુસર 'કાયમ ખુશ કેમ રહેવાય ?' અને 'જાદુઈ ચશ્માંની' પ્રેરણાલક્ષી વીડિયો ક્લીપ બતાવી હતી.

## રમતગમત

◆ ૨૨મી રાષ્ટ્રીય એમેચ્યોર ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૧૭થી ૨૦ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ઉદયપુરમાં યોજાઈ ગઈ, જેમાં અનેક રાજ્યોની ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગરની શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)નો વિદ્યાર્થી ચિ. હિતાર્થકુમાર ભૂપેન્દ્રકુમાર શ્રોત્રિયને પંજાબની ટીમ તરફથી રમવાની તક મળી. જેમાં તેના ઉત્કૃષ્ટ દેખાવના કારણે ટીમ રનર્સ અપ રહી અને રજત મેડલ પ્રાપ્ત કર્યો.

## રાષ્ટ્રીય સેવા યોજના શિબિર

◆ શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓની વાર્ષિક એન. એસ. એસ. શિબિર વિજાપુર તાલુકાના મણિપુરા મુકામે તા. ૫થી ૧૧/૧/૨૦૧૫ દરમિયાન યોજવામાં આવી હતી, જેમાં પ્રોગ્રામ ઑફિસર શ્રી સંજય ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ પ્રભાત ફેરી, ગામ સફાઈ, મૌન અને બોલતીરેલી, વિવિધ જન જાગૃતિ અંગેનાં શેરીનાટકો, રાત્રિના સમયે મનોરંજન કાર્યક્રમો, યોગાસન, જન જાગૃતિ પત્રિકા વિતરણ, ભીંતસૂત્ર લેખન, ગરીબોને ૬૦ જોડ ગરમ કપડાંનું વિતરણ, લોકડાયરો, નિસર્ગ સાયન્સ સેન્ટરના વડા અનિલભાઈના માર્ગદર્શનમાં

અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ, સ્વાસ્થ્ય અને આહાર અંગે પોસ્ટર નિદર્શન અને વ્યસનમુક્તિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. શિબિરના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને સેવા પ્રવૃત્તિઓનું હાર્દ સમજાવ્યું હતું.

◆ શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરમાં એન. એસ. એસ.ની ૧૧મી શિબિર શાહપુર મુકામે તા. ૧૮/૧૨/૧૪ના રોજ યોજાઈ ગઈ. આ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટરશ્રી ડૉ. સોમભાઈ પટેલ, પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. રથવી, ગામના સરપંચશ્રી બાબુજી ઠાકોર, ગાંધીનગર તાલુકા સદસ્ય શ્રી કાળાજી સોમાજી ઠાકોર, બ્રહ્માકુમારીનાં દીદી જયશ્રીબહેન, શ્રી હસમુખભાઈ પટેલ તેમજ શાહપુર ગામના પ્રાથમિક શાળાના આચાર્યશ્રી અશ્વિનભાઈ પ્રજાપતિ, માધ્યમિક શાળાના આચાર્યશ્રી મુકેશભાઈ ભટ્ટ અને શાળાનાં આચાર્યબહેનશ્રી સુધાબહેન પટેલ, સુપરવાઈઝરશ્રીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં રાષ્ટ્રીય યોજનાનું મહત્ત્વ સમજાવી વિદ્યાર્થિનીઓને ઉચ્ચશિક્ષણ મેળવવા તથા સંસ્કાર સંપન્ન બની રહેવા શીખ આપી હતી. વિદ્યાર્થિનીઓએ શિબિર દરમિયાન 'સ્વચ્છતા અભિયાન' તથા 'મહિલા સશક્તિકરણ' વિશે નાટકો રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત ગ્રામ સફાઈ અને આરોગ્ય સંબંધી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. આ શિબિરનું આયોજન શ્રી પ્રીતિબહેન શુક્લ અને શ્રી હંસાબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વક્તૃત્વ

◆ શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, મગોડી દ્વારા વક્તૃત્વ અને નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પૈકી સ્પર્ધામાં પટેલ જીનલ ઘનશ્યામભાઈએ પ્રથમ નંબર મેળવી રૂ. ૫૦૦ અને પ્રજાપતિ પ્રવર મનુભાઈએ દ્વિતીય નંબર મેળવી રૂ. ૩૦૦નું રોકડ ઇનામ પ્રાપ્ત કરેલ છે.

◆ તા. ૧૯-૨-૧૫ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ ડે અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલય, ગાંધીનગરના વિદ્યાર્થી પટેલ જીનલ ઘનશ્યામભાઈ (ધો. ૮/બી)એ દ્વિતીય નંબર પ્રાપ્ત કરી રૂ. ૩૦૦નું ઇનામ પ્રાપ્ત કર્યું. વધુમાં, આ શાળાના ૪૨ વિદ્યાર્થીઓએ શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા આયોજિત 'આદર્શ વિદ્યાર્થીનાં લક્ષણો' વિશેની નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## વાલીસભા

◆ શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓની વાલીસભાનું આયોજન અનુક્રમે ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો દ્વારા વિવિધ વેશભૂષા, ગીત, અભિનય, વાર્તા વગેરે રજૂ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાના વર્ગશિક્ષકો તથા આચાર્યશ્રી નીવાબહેન પટેલે વાલીસભાનું મહત્ત્વ સમજાવીને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કેવી રીતે કરી શકાય તેની સમજ પૂરી પાડી હતી.

◆ શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવે અને વિદ્યાર્થિનીઓ ઉચ્ચશિક્ષણનાં શિખરો સર કરે તેવા હેતુથી તા. ૨૭-૧૨-૨૦૧૪ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા, ગાંધીનગરમાં 'જ્ઞાનોત્સવ અંતર્ગત' સ્લો-લર્નર વિદ્યાર્થીઓનાં વાલીશ્રીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી, જેમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ પાસ થવા પાત્ર ગુણ કેવી રીતે મેળવી શકે તે અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી, સુપરવાઈઝર અને ઉ. મા. વિભાગના શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ધોરણ-૧૨ની સ્ટાર વિદ્યાર્થિનીઓનાં વાલી સાથે ચિંતન શિબિર પણ યોજવામાં આવી હતી.

## વાહનવ્યવહાર

◆ શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૦-૨-૧૫ના રોજ ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓને સેક્ટર-૨૨ના પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર શ્રી વાય. આર. ગામિત અને વિજયસિંહ ચાવડા તથા હોમગાર્ડ શ્રી જયેશભાઈ કે. અરસોડિયા દ્વારા ટ્રાફિકના નિયમો અને માર્ગ સલામતીની જાણકારી આપવામાં આવી હતી. જેમાં કાયદાનું પાલન અને નિયમભંગ માટે દંડની જોગવાઈ તથા આ રકમ ક્યાં જમા થાય છે, નંબર પ્લેટ વિનાનું તથા દારૂ અને ધૂમ્રપાન કરીને વાહન ન

ચલાવવું, ભેળસેળવાળું બળતણ ન વાપરવું, રૂશ્વત ન આપવી, જંકશનના સ્થળે ટ્રાફિક પોલીસને યોગ્ય સહકાર આપવો, હેલ્મેટ પહેરવું, ગાડીમાં સીટ બેલ્ટ બાંધવો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે આચાર્યશ્રી દશરથભાઈ પટેલે મહેમાનશ્રીઓનો શાળા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો.

## વિધાનસભાની મુલાકાત

◆ મૃદુલાબહેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ-૬ની ૨૪૯ વિદ્યાર્થિનીઓ તથા ૮ શિક્ષકશ્રીઓએ વિધાનસભા ગૃહની મુલાકાત તા. ૦૯-૦૨-૨૦૧૫ના રોજ લીધી. વિધાનસભા શાખા અધિકારી શ્રી પ્રદીપભાઈ મોદી દ્વારા તેની ઐતિહાસિક રૂપરેખા વર્ણવીને વિધાનસભાની કાર્યવાહી અંગેની સમજ આપી હતી. ત્યારબાદ વિધાનસભા ગૃહની પ્રશ્નોત્તરી અંગેનો વીડિયો નિહાળ્યો. તેમજ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તા. ૦૬-૦૨-૨૦૧૫ના રોજ સાયન્સ એક્સપ્રેસ ટ્રેનની મુલાકાત શાળાના શિક્ષકોએ લીધી હતી.

## વ્યસનમુક્તિ અભિયાન

◆ તા. ૬/૧/૧૫ના રોજ શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના કલાશિક્ષક શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓ વ્યસનથી દૂર રહે તે હેતુસર વ્યસનની વિપરીત અસરો અંગેની જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત વ્યસનથી મન, બુદ્ધિ, શરીર અને માનસિક રીતે ભોગવવી પડતી પીડા અંગે ચેતવણીની સાથે સમાજમાંથી આ બદી કેવી રીતે દૂર થાય તે અંગે જાણકારી આપતી ચિત્રસ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક પ્રવાસ

◆ શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા કચ્છ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ ૫-૬નાં ૧૫૦ જેટલાં બાળકો જોડાયાં હતાં. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ કચ્છનાં વાંઢાઈ, આશાપુરા માતાનો મઢ, પાંધ્રો (કોલસાની ખાણ), નારાયણ સરોવર, કોટેશ્વર, ગોધરા-અંબાજી, માંડવી, અંજાર વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ પ્રવાસ દરમિયાન લિગ્નાઈટ કોલસાના વિવિધ નમૂના નિહાળ્યા હતા અને વિવિધ પ્રવાસન સ્થળોની માહિતી આનંદ સાથે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

## શૈક્ષણિક મુલાકાત

◆ તા. ૨૪/૧૨/૧૪ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કડીના ધોરણ ૧૧-૧૨ સાયન્સ અને કૉમર્સના વિદ્યાર્થીઓ માટે કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરની મુલાકાતનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ નર્સિંગ, ફાર્મસી અને એન્જિનિયરિંગ કૉલેજોની મુલાકાત લઈ ઉપયોગી માહિતી મેળવી હતી.

◆ શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકો દ્વારા ધો. ૧૦ના ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓને તા. ૪/૧/૧૫ના રોજ સાયન્સ સિટી અને અમદાવાદનાં ઐતિહાસિક સ્થળો જેવાં કે અડાલજની વાવ, ઝૂલતા મિનારા, સીદી સૈયદની જાળી અને ભદ્રકાળી મંદિર તથા સાયન્સ સિટી, વિક્રમ સારાભાઈ સેન્ટર, ઈસ્કોન મંદિર અને સોલા ભાગવત વિદ્યાપીઠની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. શિક્ષકોએ વિગતે દરેક સ્થળનું મહત્ત્વ સમજાવ્યું હતું.

## સ્કાઉટ ગાઈડ સંઘ

◆ તા. ૩૦ અને ૩૧/૧૨/૧૪ના રોજ ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા જિલ્લા રેલીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં જિલ્લાની ૩૪ શાળાઓએ ભાગ લીધો હતો. શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ૧૦ વિદ્યાર્થિનીઓએ છાવણી નિર્માણમાં ત્રીજો અને કેમ્પ ફાયરમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૫, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૫, સળંગ અંક : ૨૫**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**




66મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કરાવી રહેલા મુખ્ય મહેમાન શ્રી વિષ્ણુભાઈ પટેલ





શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત યુવા મહોત્સવનાં દ્રશ્યો




'નવગુજરાત સમય' (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રૂપ) દ્વારા ગુજરાતનાં ઉદ્યોગ સાહસિકો અને સમાજસેવી સંસ્થાઓના વડાશ્રીઓને રાજ્યના નાણાં મંત્રી શ્રી સૌરભ પટેલના વરદહસ્તે એનાયત કરવામાં આવેલ 'Business Award 2015' પ્રસંગની સમૂહ તસવીર

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 5, Issue No. 1 January-February 2015
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




ગુજરાત રાજ્યના નાણાં મંત્રીશ્રી સૌરભ પટેલના વરદહસ્તે 'નવગુજરાત સમય' (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રૂપ) દ્વારા 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ને પ્રદત્ત ''Special Focus Award 2015''નો સ્વીકાર કરતા મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ.

